દૈનિક
# મુંબઈ સમાચાર
સૌરાષ્ટ્ર આવૃત્તિ
૨૦૪ વર્ષ
R.N.I. No. GUJ GUJ /2013/58486 *
મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપના: ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તક: ૨૦૪ ■ Volume 68 ■ Issue 300 ■ વિક્રમ સંવત ૨૦૮૨
માર્ગશીર્ષ વદ-30 ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 20 December 2025, Saturday ■ REGD.No. MCS/058/2018-20
શનિવાર, ૨૦ ડિસેમ્બર ૨૦૨૫ (૧૨ પાનાં), કિંમત ₹ ૧૦.૦૦
વીકએન્ડ પૂર્તિ ૭ ૮ ૯
LIKE & FOLLOW: /Mumbaisamachar4u


# ગુજરાતમાં SIR: ૭૩.૭૩ લાખ મતદાર કપાયા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ભારતના ચૂંટણી પંચ દ્વારા ગુજરાતમાં હાથ ધરાયેલી એસઆઈઆર (સ્પેશિયલ ઇન્સેન્ટિવ રિવિઝન-'સર' SIR) ઝુંબેશ એટલે કે મતદાર યાદી સુધારણા કાર્યક્રમ પૂર્ણ થઈ ચૂકી છે. ગુજરાતમાં એસઆઈઆરની કામગીરી પૂર્ણ થયા બાદ ૧૯ ડિસેમ્બરે ડ્રાફ્ટ મતદાર યાદી જાહેર કરવામાં આવી હતી. રાજ્યમાં સતત દોઢ માસ ચાલેલી એસઆઈઆરની અસરકારક કામગીરી બાદ મુસદ્દા મતદાર યાદી પ્રસિદ્ધ કરવામાં આવી હતી. જેમાં ૪.૩૪ કરોડ મતદારો નોંધાયા છે, જ્યારે ૭૩.૭૩ લાખ મતદારોના નામ મુસદ્દા મતદાર યાદીમાંથી કમી કરવામાં આવ્યાં છે. મુસદ્દા મતદાર યાદી મુખ્ય નિર્વાચન અધિકારીની વેબસાઇટ http://ceo.gujarat.gov.in ઉપર પણ પ્રસિદ્ધ કરવામાં આવી હતી. જેની ઉપર મતદારો પોતાની વિગતો ચકાસી શકે છે.

હવે તા.૧૮મી જાન્યુઆરી,૨૦૨૬ સુધીમાં જે મતદારો મતદાર યાદીમાં પોતાના નામ સમાવવા અથવા મતદાર યાદીમાંથી નામ બાકાત થવા સબંધી જે કંઇ વાંધા-દાવા રજૂ કરવા માગતા હોય તેઓ તે રજૂ કરી શકશે. ત્યારબાદ તા.૧૦મી ફેબ્રુઆરી,૨૦૨૬ સુધીમાં ચૂંટણી અધિકારીઓ દ્વારા વાંધાઓની સત્યતા ચકાસી તેના નિકાલની પણ સાથે સાથે કામગીરી હાથ ધરવામાં આવશે.

બીએલઓ દ્વારા સતત ડોર ટૂ ડોર સર્વે કરવામાં આવ્યો હતો, જેમા અવસાન પામેલા, કાયમી ધોરણે સ્થળાંતર કરેલા તથા બે જગ્યાએ મતદાર તરીકે નોંધાયેલા મતદારોને ઓળખવામાં આવ્યાં હતાં. મુસદ્દા મતદારયાદી પ્રસિદ્ધ થયા પહેલા રાજ્યમાં કુલ ૫,૦૮,૪૩,૪૩૬ મતદાર નોંધાયેલા હતા. મુસદ્દા મતદારયાદી પ્રસિદ્ધ થયાં બાદ કુલ મતદારોની સંખ્યા ૪,૩૪,૭૦,૧૦૯ રહેવા પામી છે.

ચૂંટણી પંચે રાજ્યની એસઆઈઆરની ડ્રાફ્ટ યાદી જાહેર કરી તે મુજબ, અવસાન પામેલા મતદારો- ૧૮,૦૭,૨૭૮, ગેરહાજર મતદારો- ૯,૬૯,૬૬૨, કાયમી ધોરણે સ્થળાંતર કરી ચૂકેલા મતદારો- ૪૦,૨૫,૫૫૩, બે જગ્યાએ નોંધાયેલા મતદારો- ૩,૮૧,૪૭૦, અન્ય- ૧,૮૯,૩૬૪, જ્યારે ૭૩,૭૩,૩૨૭ મતદારોના નામ મુસદ્દા મતદાર યાદીમાંથી દૂર કરવામાં આવ્યા છે.

મુસદ્દા મતદાર યાદી પ્રસિદ્ધ કરવાના પ્રસંગે મુખ્ય નિર્વાચન અધિકારી હારીત શુક્લાએ જણાવ્યું હતું કે, મતદાર યાદીની ખાસ સઘન સુધારણાની કામગીરી નિયત સમયમાં પૂર્ણ થાય તે માટે ૩૩ જિલ્લા ચૂંટણી અધિકારી, ૧૮૨ મતદાર નોંધણી અધિકારી, ૮૫૫ સહાયક મતદાર નોંધણી અધિકારી, ૫૦,૯૬૩ બીએલઓ તથા ૫૪,૪૪૩ બીએલએ તથા ૩૦,૮૩૩ જેટલા સ્વયં સેવકોની સક્રિય ભાગીદારી રહી છે.

નિયત સમયર્યાદામાં કુલ ૫,૦૮,૪૩,૪૩૬ મતદારો પૈકી ૪,૩૪,૭૦,૧૦૯ મતદારો પાસેથી ગણતરી ફોર્મ મળ્યા હતા. આ તમામ ગણતરી ફોર્મનું સંપૂર્ણ ડિજીટાઇઝેશન કરવામાં આવ્યું છે.શહેરી વિસ્તારોમાં મહાનગરપાલિકા, નગરપાલિકાના અધિકારીઓ, કર્મચારીઓને પણ જોડવામાં આવ્યાં હતા. ભારતના ચૂંટણી પંચ દ્વારા એસઆઈઆરમાં સહયોગ માટે રાજ્યની તમામ મહાનગરપાલિકાઓના કમિશનરોને પણ અધિક જિલ્લા ચૂંટણી અધિકારી તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે.

૫.૦૮ કરોડ ફોર્મ પૈકી એએલડી (ગેરહાજર, સ્થળાંતરિત અને મૃત્યુ) યાદીમાં ધ્યાને આવેલી ૧૦.૬૯ લાખ વિસંગતતાઓની ચકાસણી પૂર્ણ કરવામાં આવી છે. આમ, આ મતદાર યાદીની શુદ્ધતા અને સર્વસમાવેશીતાના ધ્યેય સાથે અમલમાં મુકાયેલી ખાસ સઘન સુધારણા ઝુંબેશના ગણતરીના તબક્કામાં ગુજરાતનું નોંધપાત્ર પ્રદર્શન જોવા મળી રહ્યું છે.

તમામ માન્ય રાજકીય પક્ષોના પ્રતિનિધિઓને પણ અપીલ કરવામાં આવી છે કે આ બંને યાદીની બારીકાઇથી ચકાસણી કરે અને તા.૧૮મી ફેબ્રુઆરી,૨૦૨૬ સુધીમાં જો કોઇ વાંધા-દાવા હોય તો નિયત પ્રક્રિયા અનુસરીને મતદારોને સહાયરૂપ બને.નિયત સમયમાં મળેલા વાંધા-દાવાઓ વિશે ચકાસણી કરીને સંબંધિત ચૂંટણી અધિકારી દ્વારા મતદારને નોટિસ મોકલીને તેની રૂબરૂ રજૂઆત બાદ જ સ્પષ્ટ હુકમ મારફતે મતદાર યાદીમાં નામ દાખલ કરવા કે ન કરવા અંગે નિર્ણય જાહેર કરવામાં આવશે.

# બાંગ્લાદેશમાં હિંસા, ટાર્ગેટ ભારત

**દિલ્હી-વિરોધી નેતા શરીફ હાદીની હત્યા પછી ભારતવિરોધી ભડકો: રાજશાહી શહેરમાં ઈન્ડિયન હાઈ કમિશન પાસે તોફાનો: ચિત્તાગોંગના દૂતાલયમાં ઘૂસવાનો પ્રયાસ: માયમેનસિંહ શહેરમાં હિંદુ યુવાનને ઝાડ સાથે સળગાવી દીધો**

ઢાકા: બાંગ્લાદેશના 'ઇંકલાબ મંચ'ના ભારત-વિરોધી નેતા શરીફ ઉસ્માન હાદીનું ગોળી વાગ્યા બાદ સારવાર દરમિયાન મૃત્યુની જાહેરાત દેશના મુખ્ય સલાહકાર મુહમ્મદ યુનુસે ટેલિવિઝન પર રાષ્ટ્રને સંબોધતી વખતે કરી તે પછી અહીં ભારતવિરોધી હિંસા ભડકી હતી. ભારતના વિદેશ મંત્રાલયે પોતાને ત્યાંના બાંગ્લાદેશના હાઇ કમિશનરને બોલાવીને આ સંબંધમાં જવાબ માગ્યો હતો અને કડક પગલાં લેવાની માગણી કરી હતી. દરમિયાન, બાંગ્લાદેશના માયમેનસિંહ શહેરમાં ટોળાએ પચીસ વર્ષીય એક હિંદુ યુવાનને ઢોરમાર માર્યો હતો અને સળગાવી પણ દીધો હતો. પશ્ચિમ બાંગ્લાદેશના શહેર રાજશાહીમાં ભારતીય એલચી કચેરીની પાસે હિંસા શરૂ થઇ હતી. તેની પહેલાં દક્ષિણ ચિત્તાગોંગમાં મોટા ટોળાએ ભારતીય હાઇ કમિશનમાં ઘૂસવાનો પ્રયાસ કર્યો હતો. બાંગ્લાદેશના ઢાકામાં ભારતીય હાઇ કમિશન અને ચિત્તાગોંગ, ખુલના તેમ જ રાજશાહી ખાતેના ભારતીય આસિસ્ટન્ટ હાઇ કમિશનની નજીક મોટા પાયે હિંસા ફેલાઇ હતી.

બાંગ્લાદેશમાંના બધા ભારતીય રાજદ્વારીઓ સલામત હોવાનો હાલમાં દાવો કરાય છે. બાંગ્લાદેશની પોલીસ હિંસા ફેલાવતા દેખાવકારોની સામે કડક પગલાં નહિ લેતી હોવાનો આક્ષેપ કરાયો હતો. ભારતના વિદેશ મંત્રાલયે પોતાને ત્યાંના બાંગ્લાદેશના હાઇ કમિશનર રિયાઝ હમિદુલ્લાહને બોલાવીને ભારત સામે ફેલાયેલી હિંસાનો જવાબ માગ્યો હતો અને ભારતીયોની સલામતીનું ધ્યાન રાખવાની સૂચના આપી હતી.

બાંગ્લાદેશના 'ઇંકલાબ મંચ'ના નેતા શરીફ ઉસ્માન હાદીનું ગોળી વાગ્યા બાદ સિંગાપોરમાં સારવાર દરમિયાન મૃત્યુ થયું હતું. ભારતમાં દેશવટો ભોગવતા ભૂતપૂર્વ વડાં પ્રધાન શેખ હસીનાનો રાજકીય પક્ષ - અવામી લીગ તેની હત્યા માટે જવાબદાર હોવાનો આક્ષેપ કરીને બાંગ્લાદેશના કેટલાક વિદ્યાર્થી ગ્રૂપ્સ હિંસા ફેલાવી રહ્યા છે. અનેક સ્થળે આગ ચાંપવામાં આવી હતી અને પોલીસ પર પથ્થરમારો કરાયો હતો.

બાંગ્લાદેશમાં ૧૨ ફેબ્રુઆરીએ સામાન્ય ચૂંટણી યોજાવાની છે.

બાંગ્લાદેશની રખેવાળ સરકારના વડા મુહમ્મદ યુનુસે જનતાને શાંતિ જાળવવા અપીલ કરી હતી.

બાંગ્લાદેશના માયમેનસિંહ શહેરમાં ટોળાએ પચીસ વર્ષીય એક હિંદુ યુવાન દીપુચંદ્ર દાસ પર અલ્લાહની નિંદા કરવાનો આરોપ મૂક્યો હતો અને તેને ઢોરમાર માર્યો હતો તેમ જ ઝાડ સાથે બાંધીને સળગાવી પણ દીધો હતો. (એજન્સી)

## આખું બાંગ્લાદેશ હચમચી જશે: હત્યારો ફૈઝલ કરીમ

ઢાકા: બાંગ્લાદેશના 'ઇંકલાબ મંચ'ના નેતા શરીફ ઉસ્માન હાદીને ગોળી મારનારા મુખ્ય આરોપી ફૈઝલ કરીમ શુક્રવારે મોડી રાત સુધી પકડાયો નહોતો. તેણે હત્યાના આગલા દિવસે પોતાની સ્ત્રીમિત્ર (ગર્લ ફ્રેન્ડ) મારિયા અખ્તર લીમાને જણાવ્યું હતું કે આવતી કાલે એવી ઘટના બનવાની છે કે જેનાથી આખું બાંગ્લાદેશ હચમચી જશે.

બાંગ્લાદેશની તપાસ એજન્સીઓના અહેવાલ મુજબ ઢાકાની બહારના વિસ્તાર સાવરમાં એક રિસોર્ટમાં ફૈઝલ કરીમ રોકાયો હતો. તેણે પોતાના કેટલાક સાથી અને ગર્લ ફ્રેન્ડને હત્યાની આગલી રાતે શરીફ ઉસ્માન હાદીનો વીડિયો બતાવ્યો હતો અને જણાવ્યું હતું કે આવતી કાલે જે ઘટના બનવાની છે, તેનાથી આખું બાંગ્લાદેશ હચમચી જશે.

શરીફ ઉસ્માન હાદીનું ગોળી વાગ્યા બાદ સિંગાપોરમાં સારવાર દરમિયાન મૃત્યુ થયું હતું. તેની જાહેરાત દેશના મુખ્ય સલાહકાર મુહમ્મદ યુસુને ટેલિવિઝન પર રાષ્ટ્રને સંબોધતી વખતે કરી તે પછી અહીં ભારતવિરોધી હિંસા ભડકી હતી. હત્યાનો મુખ્ય સૂત્રધાર એક ભૂતપૂર્વ કાઉન્સિલર હોવાનું મનાય છે.


Dolphin Tours & Travels® 2026

U.S.A.
21 NIGHTS OR 17 NIGHTS
24 Apr. | 8, 15, 29 May | 5, 19 Jun.




WHY ONLY WITH DOLPHIN?
- OWNER સમીર/જુગલ શાહ Start to End
- CONFIRMED 100% Guaranteed Hotels
- 2 Internal flights with 2 PC bags per person
- Expensive Branded Indian Restaurants
- ADDITIONAL DISCOUNT IF TOTAL GUESTS:
- Above 42 : USD 200 off per person

21 Nights: $7050 = ₹6,28,000* per adult
17 Nights: $5750 = ₹5,12,000* per adult
+ Air Ticket + GST + TCS + VISA

CANADA
10 NIGHTS + 7N ALASKA CRUISE
2 July (Only in PEAK Season)



WHY ONLY WITH DOLPHIN?
- OWNER સમીર શાહ from Start to End
- CONFIRMED 100% Guaranteed Hotels
- 2 Lake boat rides - ONLY WITH DOLPHIN
- 2 Cable car rides - ONLY WITH DOLPHIN
- Mt. Robson and Helmcken Waterfalls
- ADDITIONAL DISCOUNT IF TOTAL GUESTS:
Above 38 : USD 200 off per person

Per Adult (2 in 1 room) = $4800 = ₹4,28,000*
+ Alaska Cruise + Air Ticket + GST + TCS + VISA

JAPAN
11 NIGHTS / 12 DAYS
24 Mar* | 31 Mar* | 7, 18 Apr | 7 May



CHERRY BLOSSOM & ALPINE ROUTE
- OWNER સમીર/જાગૃતિ શાહ Start to End
- SHIBUYA SKYDECK 750m above the ground
- Tea Ceremony, Gardens, Castles, etc.
- Ninja Samurai Museum with experience
- Hiroshima with 2-way BULLET TRAIN
- ADDITIONAL DISCOUNT IF TOTAL GUESTS :
Above 38 : USD 200 off per person

*Per Adult (2 in 1 room) = $4050 = ₹3,60,000*
+ Air Ticket + GST + TCS

BOOK EARLY & GET MAXIMUM DISCOUNT TILL 31 DECEMBER 2025 ONLY.

www.dolphintravels.com
info@dolphintravels.com
FOLLOW US NOW
Jugal Shah: +91 97690 00799
Sameer Shah: +91 98200 26046
Harshad / Bhakti: +91 83695 11649
410-411 ZEST Building, M.G. Road, Above RBL Ghatkopar E, Mumbai.
SCAN THE CODE & DOWNLOAD ITINERARY

**એકસ્ટ્રા અફેર**

ભરત ભારદ્વાજ
feedback@bombaysamachar.com

# ચીફ જસ્ટિસની ટિપ્પણી યોગ્ય પણ તેનો ફાયદો શું?

**ભારતના** મુખ્ય ન્યાયાધીશ (સીજેઆઇ) જસ્ટિસ સૂર્યકાંતના વડપણ હેઠળની ૩ જજની બેંચે કરેલી ચર્ચાસ્પદ પણ અત્યંત મહત્ત્વની ટિપ્પણીની બહુ નોંધ ના લેવાઈ. મધ્ય પ્રદેશના એક પ્રિન્સિપાલ ડિસ્ટ્રિક્ટ જજને સસ્પેન્ડ કરી દેવાયા તેની સામે જજે કરેલી અરજી પર સુનાવણી દરમિયાન કરી સુપ્રીમ કોર્ટે સીધો કોઈ ઉલ્લેખ કર્યા વિના કહ્યું કે, નિવૃત્તિના બરાબર પહેલાં ન્યાયાધીશો બાહ્ય કારણોથી પ્રભાવિત થઈને ઝડપથી ચુકાદા આપે છે એ દુર્ભાગ્યપૂર્ણ છે.

જસ્ટિસ સૂર્યકાંત, જસ્ટિસ જોયમાલ્યા બાગચી અને વિપુલ એમ પંચોલીની બેન્ચે કહ્યું કે, મેચની છેલ્લી ઓવરોમાં સિક્સર્સ ફટકારી રહ્યા હોય એ રીતે કેટલાક ન્યાયાધીશો નિવૃત્તિના થોડા દિવસો પહેલાં ધડાધડ આદેશો આપે છે ને ચુકાદા ફટકારે છે. ન્યાયાધીશોમાં આ વૃત્તિ વધી રહી છે એ ખતરનાક છે. ચીફ જસ્ટિસ સહિતના માનનીય ન્યાયાધીશોએ સીધા શબ્દોમાં ન્યાયતંત્રમાં ભ્રષ્ટાચાર વધ્યો છે એવું કહ્યું નથી પણ આડકતરી રીતે જજો છેલ્લે છેલ્લે રોકડી કરી લેવા માટે ભ્રષ્ટાચાર કરીને આડેધડ ચુકાદા આપે છે એવો સૂર કાઢ્યો છે. અલબત્ત અરજદાર જજને તો સુપ્રીમ કોર્ટે શબ્દો ચોર્યા વિના ભ્રષ્ટાચાર કર્યો હોવાનું કહીને તતડાવ્યા જ છે.

આ જજ ૩૦ નવેમ્બરે નિવૃત્ત થવાના હતા પણ નિવૃત્તિના ૧૦ દિવસ પહેલાં હાઈ કોર્ટ દ્વારા સસ્પેન્ડ કરવામાં આવ્યા હતા. જજે કેટલાક શંકાસ્પદ આદેશો પસાર કર્યા હોવાની ફરિયાદો મળતાં હાઈ કોર્ટ તવાઈ લાવીને ૧૯ નવેમ્બરે બે ન્યાયિક આદેશોના આધારે સસ્પેન્ડ કરી દીધા. સસ્પેન્ડ કરાતાં ઘાંઘા થયેલા જજ સુપ્રીમ કોર્ટમાં દોડી આવ્યા છે ને રાવ નાખી છે. જજની દલીલ છે કે, પોતાની કારકિર્દી નિષ્કલંક છે. અને વાર્ષિક રિપોર્ટમાં જજને સતત હાઈ રેટિંગ મળ્યું છે. હાઈ કોર્ટે જે આદેશો સામે વાંધો લીધો છે તેની સામે હાઈ કોર્ટમાં અપીલ કરી શકાય છે અને હાઈ કોર્ટ આ ચુકાદાને બદલીને ન્યાય કરી શકે છે પણ તેના માટે જજને સસ્પેન્ડ કરવા ન્યાયી નથી એવી જજના વકીલની દલીલ છે.

બહુ મજાની વાત એ છે કે, જજ ૩૦ નવેમ્બર ૨૦૨૫ ના રોજ નિવૃત્ત થવાના હતા પણ ૧૯ નવેમ્બરે સસ્પેન્ડ થઈ ગયા. મધ્ય પ્રદેશ સરકારે નિવૃત્તિની ઉંમર ૬૨ વર્ષ કરી હતી તેના પર એક દિવસ પછી એટલે કે ૨૦ નવેમ્બરે મંજૂરીની મહોર મારી તેથી જજ હવે ૩૦ નવેમ્બર ૨૦૨૬ ના રોજ નિવૃત્ત થશે. સુપ્રીમ કોર્ટે આ મુદ્દે જજસાહેબની ફિરકી લેતાં ટિપ્પણી કરી છે કે, જજ સાહેબે સિક્સરો મારવાનું શરૂ કર્યું, ત્યારે તેમને ખબર ન હતી કે નિવૃત્તિની ઉંમર વધારવામાં આવશે. બાકી તેમણે પણ આ આદેશો ના આપ્યા હોત.

સુપ્રીમ કોર્ટે આ મામલે સુનાવણીનો ઈન્કાર કરીને કેસ હાઈ કોર્ટમાં મોકલી આપ્યો છે તેથી હવે હાઈ કોર્ટ આ મામલે નિર્ણય લેશે. હાઈ કોર્ટ આ કેસને ના લંબાવે એટલે ચાર અઠવાડિયામાં નિર્ણય લેવા ફરમાન કર્યું છે પણ પોતે સુનાવણી નથી કરવાની એ નક્કી છે તેથી હવે આ મામલે સુપ્રીમ કોર્ટ કશું નહીં કહે પણ સુપ્રીમ કોર્ટે કરેલી ટિપ્પણીની ચર્ચા જરૂરી છે કેમ કે ન્યાયતંત્ર ભારતમાં હજુ સાબૂત હોવાની છાપ છે. હવે દેશના ચીફ જસ્ટિસ પોતે આ છાપ ખોટી હોવાનું આડકતરી રીતે સ્વીકારી રહ્યા હોય ત્યારે મુદ્દો ગંભીર બની જાય છે.

જસ્ટિસ સૂર્યકાન્ત પહેલા એવા ચીફ જસ્ટિસ નથી કે જેમણે નિખાલસતાથી આ વાત સ્વીકારી હોય. ભૂતકાળમાં ઘણા ચીફ જસ્ટિસ એવા આવી ગયા કે જેમણે ન્યાયતંત્ર ભ્રષ્ટ છે અને શંકાથી પર નથી એવું ખલ્લેઆમ સ્વીકાર્યું હોય. સુપ્રીમ કોર્ટમાં આવેલો કેસ તો નીચલી કોર્ટના જજનો છે પણ સુપ્રીમ કોર્ટ અને હાઈ કોર્ટના જજ પણ ભ્રષ્ટાચારમાં ખરડાયેલા છે એવું પણ ભૂતકાળમાં ઘણા ચીફ જસ્ટિસ સ્વીકારી ચૂક્યા છે.

કમનસીબે આ ટીકાઓનું કોઈ નક્કર પરિણામ આવતું નથી ને નિખાલસ કબૂલાતો વાંઝણી જ રહે છે. ભૂતકાળના ઘણા ચીફ જસ્ટિસ ન્યાયતંત્રમાં ભ્રષ્ટાચાર હોવાની કબૂલાત કરીને વાહવાહી લૂંટી ચૂક્યા છે પણ આ ભ્રષ્ટાચારને દૂર કરવા કે સિસ્ટમને સાફ કરવા માટે કોઈ પગલાં ના લીધાં. બલ્કે તેમની સામે ન્યાયતંત્રમાં ભ્રષ્ટાચારને લગતા કેસો આવ્યા ત્યારે આકરું વલણ લઈને દાખલા બેસાડવાના બદલે કુલડીમાં ગોળ ભાંગી દેવાયો.

દિલ્હી હાઈ કોર્ટના જજ જસ્ટિસ યશવંત વર્માનો કેસ તાજો જ છે. જસ્ટિસ વર્માના ઘરે રૂમમાં નોટોના થોકડા ખડકાયેલા હતા. જસ્ટિસ વર્મા બહાર ગયેલા ત્યારે રૂમમાં આગ લાગી ને ફાયર બ્રિગેડના જવાનોને બોલાવાયા ત્યારે ભાંડો ફૂટ્યો પછી દિલ્હી હાઈ કોર્ટના ચીફ જસ્ટિસે સુપ્રીમ કોર્ટના ચીફ જસ્ટિસને આકરાં પગલાં લેવા માટે લખેલું પણ સુપ્રીમ કોર્ટે પહેલાં તો આખી વાતને દબાવી દઈને ભીનું સંકેલવાનો પ્રયત્ન કર્યો પણ વાત મીડિયામાં આવી ગઈ એટલે દેખાવ ખાતર જસ્ટિસ વર્મા સામે તપાસનું નાટક કરીને તેમને અલહાબાદ હાઈ કોર્ટમાં ટ્રાન્સફર કરી દેવાયેલા.

અલાહાબાદના વકીલોએ પોતાના માથે ભ્રષ્ટ જજને થોપવાનો વિરોધ કર્યો પછી ટ્રાન્સફર રોકીને તપાસ કરાવાઈ અને આ તપાસનો રિપોર્ટ રાષ્ટ્રપતિ અને વડા પ્રધાનને મોકલીને સુપ્રીમ કોર્ટે હાથ ખંખેરી નાખ્યા. કેન્દ્ર સરકારે પણ પોતે ભ્રષ્ટાચારને સાંખવા નથી માગતી એવું બતાવવા માટે જસ્ટિસ વર્મા સામે ઈમ્પીચમેન્ટની કાર્યવાહી કરવાનું એલાન કર્યું પણ વાત આગળ વધતી નથી. જસ્ટિસ વર્મા હજુય ન્યાયતંત્રમાં છે ને તેમને કંઈ પણ થાય એવું કમ સે કમ અત્યારે તો લાગતું નથી. ઈમ્પીચમેન્ટની વાત પણ ભૂલાઈ ગઈ અને જસ્ટિસ વર્મા પણ ભૂલાઈ ગયા છે.

મધ્ય પ્રદેશના જજના કેસમાં પણ સુપ્રીમ કોર્ટનું વલણ અલગ નથી. સુપ્રીમ કોર્ટે પોતે કશું કરવાના બદલે કેસ મધ્ય પ્રદેશ હાઈ કોર્ટને મોકલી દીધો. કાયદાકીય રીતે આ બરાબર હોઈ શકે છે પણ નૈતિક રીતે બરાબર નથી. સુપ્રીમ કોર્ટે આ કેસની સુનાવણી કરીને એક દાખલો બેસાડવાની જરૂર હતી. સુપ્રીમ કોર્ટ પોતે જે જજને ભ્રષ્ટ માને છે તેને સજા કરવામાં તેને ખચકાટ નહોતો થવો જોઈતો પણ તેના બદલે સુપ્રીમ કોર્ટે ટિપ્પણીઓ કરીને સંતોષ માની લીધો.

ભારતમાં ન્યાયતંત્રમાં ધરખમ ફેરફારોની જરૂર છે. ખડકાતા જતા કેસોથી માંડીને ન્યાયતંત્ર સાથે સંકળાયેલા લોકોના ભ્રષ્ટાચાર સુધીની બાબતો સામાન્ય માણસોને પરેશાન કરે છે પણ સુપ્રીમ કોર્ટનું વલણ જોયા પછી લાગે કે, કોઈ આશા રાખવા જેવી નથી. સુપ્રીમ કોર્ટ પોતે કડક કાર્યવાહી કરવાના બદલે માત્ર ઝાટકણી કાઢીને સંતોષ માને તો પછી બીજાં પાસેથી તો શું આશા રખાય? ■

## આજનું પંચાંગ

પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા

દક્ષિણાયન – સૌર હેમંતઋતુ, શનિવાર, તા. ૨૦-૧૨-૨૦૨૫, ઈષ્ટિ, કાલબાદેવી યાત્રા (મુંબઈ)

- ભારતીય દિનાંક ૨૯, માહે માર્ગશીર્ષ, શકે ૧૯૪૭
- વિક્રમ સંવત ૨૦૮૨, શા. શકે ૧૯૪૭, માર્ગશીર્ષ વદ-30
- જૈન વીર સંવત ૨૫૫૨, માહે માર્ગશીર્ષ, તિથિ વદ-30
- પારસી શહેનશાહી રોજ ૮મો દએપઆદર, માહે ૫મો અમરદાદ, સને ૧૩૯૫
- પારસી કદમી રોજ ૮મો દએપઆદર, માહે ૬ઠ્ઠો શહેરેવર, સને ૧૩૯૫
- પારસી ફસલી રોજ ૫મો સ્પેન્દર્મદ માહે ૧૦મો દએ, સને ૧૩૯૪
- મુસ્લિમ રોજ ૨૮મો, માહે ૬ઠ્ઠો જમાદીલ આખર, સને ૧૪૪૭
- મીસરી રોજ ૧લો, માહે ૭મો રજ્જબ, સને ૧૪૪૭
- નક્ષત્ર મૂળ મધ્યરાત્રિ પછી ક. ૨૫-૨૧ સુધી, પછી પૂર્વાષાઢા
- ચંદ્ર ધનુમાં
- ચંદ્ર રાશિ નામાક્ષરઃ ધનુ (ભ, ધ, ફ, ઢ)
- સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૭ મિ. ૦૮, અમદાવાદક. ૦૭ મિ. ૧૭, સ્ટા. ટા.
- સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૮ મિ. ૦૪, અમદાવાદક. ૧૭ મિ. ૫૭, સ્ટા. ટા.

મુંબઈ સમુદ્રમાં ભરતી ઓટ

- ભરતીઃ સવારે ક. ૧૧-૪૩, મધ્યરાત્રે ક. ૦૦-૪૮
- ઓટઃ સાંજે ક. ૧૭-૫૧, મધ્યરાત્રિ પછી ક. ૦૬-૫૪ (તા. ૨૧)
- વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૮૨, 'પિંગલ' નામ સંવત્સર, શાલિવાહન શક સંવત ૧૯૪૭, 'વિશ્વાવસુ' નામ સંવત્સર, માર્ગશીર્ષ કૃષ્ણ – અમાવસ્યા. ઈષ્ટિ, કાલબાદેવી યાત્રા (મુંબઈ) પાવાગઢ યાત્રા, શુક્ર ધનુમાં ક. ૦૭-૪૬.
- શુભાશુભ દિનશુદ્ધિઃ શુભ કાર્ય વર્જ્ય છે.
- મુહૂર્ત વિશેષઃ મૂળ જન્મનક્ષત્ર શાંતિ પૂજા, શનિ-કેતુ દેવતાનું પૂજન, તીર્થમાં શ્રાદ્ધ, તર્પણ, શિવપૂજા, શ્રી સત્યનારાયણ દેવતાનું પૂજન, શ્રી વિષ્ણુ-લક્ષ્મી પૂજા, શ્રી સુક્ત-પુરુસુક્ત, શ્રીગણેશ અથર્વશીર્ષમ્ અભિષેક, તુલસીપૂજા, શ્રી વિષ્ણુ સહસ્ર નામ સ્તોત્ર પાઠ વાંચન,શનિ દેવતાનું પૂજન, મહાબલિ હનુમાનજીનું પૂજન, હનુમાન ચાલીસા, સુંદરકાંડ, બજરંગ બાણ વાંચન.
- આચમનઃ ચંદ્ર-સૂર્ય યુતિ સર્વાંગી ઉદય, ચંદ્ર-નેપ્ચૂન ચતુષ્કોણ કુટિલ ચિત્તવાળા, ચંદ્ર-મંગળ યુતિ માથાફરેલ.
- ખગોળ જ્યોતિષઃ ચંદ્ર-સૂર્ય યુતિ, ચંદ્ર-નેપ્ચૂન ચતુષ્કોણ, ચંદ્ર-મંગળ યુતિ
- ગ્રહગોચરઃ સૂર્ય-ધનુ, મંગળ-ધનુ, માર્ગી બુધ- વૃશ્ચિક વક્રી ગુરુ-મિથુન, શુક્ર-વૃશ્ચિક/ધનુ (શુક્ર અસ્ત) માર્ગી શનિ-મીન, રાહુ-કુંભ, કેતુ-સિંહ, વક્રી હર્ષલ-વૃષભ, માર્ગી નેપ્ચ્યુન-મીન, માર્ગી પ્લુટો-મકર. ■

# યુવી, સોનુ સૂદની સંપત્તિ જપ્ત

નવી દિલ્હીઃ ઇડીએ યુવરાજ સિંહ, સોનુ સૂદ, ઉર્વશી રૌતેલા અને અન્ય લોકોની સંપત્તિ જપ્ત કરી છે. સત્તાવાર સૂત્રોએ જણાવ્યું હતું કે ગેરકાયદે સટ્ટાબાજી એપ્લિકેશન સાથે જોડાયેલા મની લોન્ડરિંગ કેસની કિંમત ૧,૦૦૦ કરોડ રૂપિયાથી વધુ હોવાનો અંદાજ છે. એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ઇડી)એ શુક્રવારે ગેરકાયદે સટ્ટાબાજી એપ સાથે જોડાયેલા મની લોન્ડરિંગ કેસના સંદર્ભમાં ભારતીય ક્રિકેટરો યુવરાજ સિંહ અને રોબિન ઉત્તપ્પા, કલાકારો ઉર્વશી રૌતેલા અને સોનુ સૂદ અને ટીએમસીના ભૂતપૂર્વ સાંસદ મીમી ચક્રવર્તીની ૭.૯ કરોડ રૂપિયાની સંપત્તિ જપ્ત કરી છે.

ગેરકાયદેસર સટ્ટાબાજી એપ સાથે જોડાયેલા મની લોન્ડરિંગ કેસની કિંમત ₹૧૦૦૦ કરોડ રૂપિયાથી વધુ હોવાનો અંદાજ છે, એમ સત્તાવાર સૂત્રોએ જણાવ્યું હતું.

અહેવાલમાં જણાવાયું છે કે મૉડેલ ઉર્વશી રૌતેલાની માતા અભિનેત્રી નેહા શર્મા અને બંગાળી અભિનેતા અંકુશ હાજરાની સંપત્તિ પણ આ કેસમાં જપ્ત કરવામાં આવી છે.

જપ્ત કરાયેલી ચલ અને સ્થાવર સંપત્તિમાં સૂદની લગભગ ૧ કરોડ રૂપિયાની, મીમી ચક્રવર્તીની ૫૯ લાખ રૂપિયાની, યુવરાજ સિંહની૨.૫ કરોડ રૂપિયાની, શર્માની ૧.૨૬ કરોડ રૂપિયાની, ઉત્તપ્પાની ૮.૨૫ લાખ રૂપિયાની, હઝરાના ૪૭ લાખ રૂપિયાની અને રૌતેલાની માતાની ૨.૦૨ કરોડ રૂપિયાની સંપત્તિનો સમાવેશ થાય છે, એમ સમાચાર એજન્સીએ સૂત્રોને ટાંકીને જણાવ્યું છે.

ઇડી તપાસમાં જાણવા મળ્યું છે કે સેલિબ્રિટીઓએ જાણી જોઈને ઍપના પ્રમોશન માટે તેના સરોગેટ્સ દ્વારા વિદેશી સંસ્થાઓ સાથે એન્ડોર્સમેન્ટ કરાર કર્યા હતા. આ એન્ડોર્સમેન્ટ વિદેશી સંસ્થાઓ દ્વારા રૂટ કરાયેલા ચૂકવણીના બદલામાં કરવામાં આવ્યા હતા જેથી ભંડોળના ગેરકાયદે મૂળને છુપાવી શકાય, જે ગેરકાયદે સટ્ટાબાજી પ્રવૃત્તિઓમાંથી પેદા થતી પ્રોસીડ્સ ઓફ ક્રાઇમ સાથે જોડાયેલા છે, તેવું નિવેદનમાં ઉમેર્યું હતું.

# બૅન્ક ફ્રોડ કેસઃ ઈડીએ કરી અનિલ અંબાણીના પુત્રની પૂછપરછ

નવી દિલ્હીઃ બૅન્ક ફ્રોડ કેસ સંબંધિત મનીલૉન્ડરિંગ કેસને મામલે ઍન્ફોર્સમેન્ટ ડિરેક્ટરેટ (ઈડી)એ શુક્રવારે અનિલ અંબાણીના પુત્ર અનમોલ અંબાણીની પૂછપરછ કરી હોવાનું અધિકારીઓએ કહ્યું હતું. પ્રિવેન્શન ઑફ મની લૉન્ડરિંગ ઍક્ટ (પીએમએલએ) અંતર્ગત અનમોલનું નિવેદન નોંધવામાં આવ્યું હોવાનું જણાવતાં તેમણે કહ્યું હતું કે શનિવારે પણ પૂછપરછ ચાલુ રહેશે એવી શક્યતા છે. યસ બૅન્ક સંબંધિત કેસને મામલે ઈડી તપાસ કરી રહી છે. અધિકારીઓના જણાવ્યાનુસાર ૩૧ માર્ચ ૨૦૧૭ના બૅન્કે અનિલ ધીરુભાઈ અંબાણી ગ્રૂપ (એડીએજી) પાસેથી ૬,૦૦૦ કરોડ રૂપિયા લેવાના નીકળતા હતા અને આ આંકડો ૩૧ માર્ચ ૨૦૧૮ના બમણાં કરતાં પણ વધીને ૧૩,૦૦૦ કરોડ રૂપિયા થઈ ગયો હતો.

જે કંપનીઓ પાસેથી લેણાંની રકમ બાકી લેવાની નીકળે છે તેમાં એડીએજીની રિલાયન્સ હૉમ ફાઈનાન્સ લિમિટેડ. (આરએચએફએલ) અને રિલાયન્સ કમર્શિયલ ફાઈનાન્સ લિમિટેડ. (આરસીએફએલ)નો સમાવેશ થાય છે.

ઈડીએ કરેલા આક્ષેપ મુજબ આ રોકાણનો મોટો હિસ્સો એનપીએ (નોન પરફોર્મિંગ એસેટ)માં પરિવિર્તત થઈ ગયો હતો પરિણામે બૅન્કને આ સોદામાં ૩,૩૦૦ કરોડ રૂપિયાનું નુકસાન થયું હતું.

રિલાયન્સ ગ્રૂપ કંપની સામેના કથિત લૉન ફ્રોડ કેસને મામલે ઈડીએ અનિલ અંબાણીની પણ પૂછપરછ કરી હતી. દરમિયાન દિલ્હી હાઈ કોર્ટે અનિલ અંબાણીના પુત્ર અનમોલ અંબાણીની માલિકીની કંપનીના બૅન્ક ખાતાને ફ્રોડ જાહેર કરવાના યુનિયન બૅન્ક ઑફ ઈન્ડિયાના નિર્ણયને શુક્રવારે ફગાવી દીધો હતો. હાઈ કોર્ટે એ વાતની નોંધ લીધી હતી કે અરજકર્તા અનમોલ અંબાણીને કારણદર્શક નોટિસ કંપનીના એ સરનામે મોકલવામાં આવી હતી જે વર્ષ ૨૦૨૦માં જ બંધ થઈ ગઈ હતી અને કહ્યું હતું કે ફ્રોડ જાહેર ન થાય તે અગાઉ કારણદર્શક નોટિસ ન પાઠવી શકાય. (એજન્સી)

# જેફ્રી એપસ્ટીનની ફાઈલમાં બિલ ગેટ્સ, વૂડી એલન સહિતના દિગ્ગજોના ફોટો

ન્યૂ યોર્કઃ અમેરિકામાં કુખ્યાત જાતીય ગુનેગાર જેફ્રી એપસ્ટીન સાથે સંબંધિત ફાઇલોએ ફરી એકવાર રાજકીય અને સામાજિક હોબાળો મચાવ્યો છે. ગુરુવારે એપસ્ટીન ફાઇલ્સમાંથી ૬૮ નવા ફોટોગ્રાફ્સ બહાર પાડવામાં આવ્યા હતા,જેમાં વિશ્વભરના ઘણા જાણીતા અને પ્રભાવશાળી વ્યક્તિઓ જોવા મળી રહ્યા છે. આ ફોટોગ્રાફ્સ અમેરિકાની સંસદની હાઉસ ઓવરસાઇટ કમિટીએ જાહેર કર્યા હતા. આ નવી તસવીરો જાહેર થતા રાજકીય હોબાળો મચી ગયો છે અને ફરી એકવાર ઘણા પ્રશ્નો ઉભા થયા છે.

આ ફોટામાં અનેક પ્રખ્યાત હસ્તીઓના નામ સામે આવ્યા છે. જેમાં બુદ્ધિજીવી નોમ ચોમ્સ્કી, માઇક્રોસોફ્ટના સહ-સ્થાપક બિલ ગેટ્સ, ટ્રમ્પના ભૂતપૂર્વ સલાહકાર સ્ટીવ બેનન અને અન્ય હાઇ-પ્રોફાઇલ હસ્તીઓની તસવીરો સામેલ છે. તે સિવાય ફિલ્મ નિર્માતા વૂડી એલન, વ્હાઇટ હાઉસના ભૂતપૂર્વ મુખ્ય રણનીતિકાર સ્ટીવ બેનન, રાજકીય ફિલોસોફર અને કાર્યકર્તા નોમ ચોમ્સ્કી, જાદૂગર ડેવિડ બ્લેન, ગૂગલના સીઈઓ સાલાર કામંગર, કટારલેખક ડેવિડ બ્રુક્સનો સમાવેશ થાય છે.

રોઇટર્સ ન્યૂઝ એજન્સીના રિપોર્ટ અનુસાર, નવા ખુલાસામાં ૬૮ ફોટો જાહેર કરવામાં આવ્યા હતા.ડેમોક્રેટ્સે જે નવા ફોટા જાહેર કર્યા છે તે તારીખ વિનાના છે અને તેમાં સંદર્ભ પરની માહિતી સામેલ નથી. સાથે જ એપસ્ટીનનો અમેરિકન પાસપોર્ટ અને મેસેજના સ્ક્રીનશોર્ટ પણ છે. એક મીડિયા રિપોર્ટમાં કથિત રીતે એક અજાણ્યા વ્યક્તિના મેસેજમાં રશિયાની ૧૮ વર્ષની છોકરીનો ઉલ્લેખ કરવામાં આવ્યો હતો. જેમાં તે કહે છે કે મારી એક મિત્ર સ્કાઉટ છે જેણે આજે મને કેટલીક છોકરીઓ મોકલી છે, તે છોકરી દીઠ ૧૦૦૦ ડોલર માગે છે અને પછી મેસેજમા લખવામાં આવ્યું છે કે હું તમને છોકરીઓ હમણાં મોકલીશ અને કદાચ કોઈ જે માટે સારું રહેશે? બીબીસીએ રિપોર્ટમાં લખ્યું હતું કે એક તસવીરમાં કોઈ વ્યક્તિ દવાની બોટલ પકડીને દેખાય છે, જેના પર ફેનાઝોપીરીડીન લખ્યું છે. તે પેશાબની નળીઓના ચેપ અથવા બળતરાને કારણે થતી સમસ્યાઓની સારવાર માટે ઉપયોગમાં લેવાતી દવા છે.

હાઉસ ઓવરસાઇટ કમિટીના ટોચના રેન્કિંગ ડેમોક્રેટ પ્રતિનિધિ રોબર્ટ ગાર્સિયાએ જણાવ્યું હતું કે ઓવરસાઇટ ડેમોક્રેટ્સ અમેરિકન લોકો માટે પારદર્શિતા પ્રદાન કરવા માટે એપ્સટિન એસ્ટેટમાંથી ફોટોગ્રાફ્સ અને દસ્તાવેજો પ્રકાશિત કરવાનું ચાલુ રાખશે. આ નવી તસવીરો એ વાતને લઈને સવાલ ઉઠાવે છે કે ન્યાય વિભાગ પાસે ખરેખર શું છે. કેલિફોર્નિયાના ૧૭મા કોંગ્રેસનલ ડિસ્ટ્રિક્ટના અમેરિકન પ્રતિનિધિ રો ખન્નાએ જણાવ્યું હતું કે જે અમીર લોકો દુવ્યવહારને છૂપાવતા હતા જેઓ ફાઈલો જાહેર થયા બાદ જવાબદાર ઠેરવવામાં આવશે. નવી તસવીરોમાં એપસ્ટીનને એવી મહિલાઓ સાથે તસવીરો ક્લિક કરાવતો બતાવવામાં આવ્યો છેજેમના ચહેરા બ્લર કરવામાં આવ્યા છે.

# ભારત-અમેરિકા ડિફેન્સ ડીલ પર ટ્રમ્પની મહોર

## ક્વૉડ (ઑસ્ટ્રેલિયા, જાપાન, અમેરિકા, ભારત)માં સંરક્ષણ ક્ષેત્રે સહકાર વધારવાના ખરડાને મંજૂરી

ન્યૂ યોર્ક / વૉશિંગ્ટનઃ અમેરિકાનો ભારત સાથે ચાર દેશ (ઑસ્ટ્રેલિયા, જાપાન, અમેરિકા અને ભારત)ના સંગઠન ક્વૉડ્રિલેટરલ સિક્યોરિટી ડાયલોગ (ક્વૉડ) દ્વારા સંરક્ષણ ક્ષેત્રે સહકાર વધારવાની જોગવાઇ ધરાવતા ખરડા પર અમેરિકાના પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પે સહી કરતા તે કાયદો બન્યો હતો.

ચીનના વધી રહેલા પડકારનો સામનો કરવા અને હિંદ – પ્રશાંત મહાસાગરના વિસ્તારમાંના હિતને ધ્યાનમાં રાખીને અમેરિકા દ્વારા ભારતની સાથે સંરક્ષણ ક્ષેત્રે સહકાર વધારવામાં આવી રહ્યો છે. ટ્રમ્પે નાણાકીય વર્ષ ૨૦૨૬ માટેના જે નેશનલ ડિફેન્સ ઑથોરાઇઝેશન ઍક્ટને ગુરુવારે બહાલી આપી હતી, તેમાં ભારત સરકાર સાથે ન્યુક્લિયર લાયબિલિટી રુલ્સના સંબંધમાં ભારત સરકારની સાથે સલાહમસલત કરવા સંયુક્ત યંત્રણા ઊભી કરવાની પણ જોગવાઇ છે.

નવા કાયદામાં યુદ્ધ વિભાગ (ડિપાર્ટમેન્ટ ઑફ વૉર), ઊર્જા વિભાગ, રાષ્ટ્રીય સુરક્ષાના કાર્યક્રમ, વિદેશ મંત્રાલય, ગૃહ મંત્રાલય, ઇન્ટેલિજન્સ, કમ્યૂનિટી સહિતના વિવિધ વિભાગ અને એજન્સી માટેના ખર્ચની પણ જોગવાઇ છે.

ટ્રમ્પે ખરડા પર સહી કર્યા બાદ બહાર પાડેલા નિવેદનમાં જણાવ્યું હતું કે આ કાયદા દ્વારા ડિપાર્ટમેન્ટ ઑફ વૉર મારી શાંતિ સ્થાપવાની યોજનાને વધુ સારી રીતે આગળ વધારી શકશે, સ્થાનિક અને વિદેશી જોખમને ટાળી શકાશે, સંરક્ષણ ક્ષેત્રને લગતા ઉદ્યોગને નવું જોમ મળશે, ખોટો ખર્ચ ટાળી શકાશે અને આપણા દેશના સૈનિકોને નવું જોમ મળશે. હિંદ – પ્રશાંત વિસ્તારમાંના ચીનના આક્રમક વલણનો સામનો કરવા માટે ૨૦૧૭માં અમેરિકા, ભારત, જાપાન અને ઑસ્ટ્રેલિયા મળીને કુલ ચાર દેશનો સમાવેશ કરતા ક્વૉડ્રિલેટરલ સિક્યોરિટી ડાયલોગ (ક્વૉડ)ની રચના કરાઇ હતી. (એજન્સી)

**બ્રાઈન યુનિવર્સિટી, એમઆઈટીમાં ફાયરિંગ પછી...**

# ગ્રીન કાર્ડ લોટરી પ્રોગ્રામ બંધ કર્યો અમેરિકાએ

વોશિંગ્ટન : અમેરિકાના પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પે ગુરુવારે ગ્રીન કાર્ડ લોટરી (ડાયવર્સિટી વિઝા પ્રોગ્રામ) સ્થગિત કરી દીધો છે. આ એ જ પ્રોગ્રામ છે જેની મારફતે બ્રાઉન યુનિવર્સિટી અને એમઆઈટી ફાયરિંગના શંકાસ્પદ વ્યક્તિએ અમેરિકામાં પ્રવેશ કર્યો હતો.અમેરિકાની ગૃહ સુરક્ષા મંત્રી ક્રિસ્ટી નોએમે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ 'એક્સ' પર જાહેરાત કરી હતી કે, રાષ્ટ્રપતિ ટ્રમ્પના નિર્દેશ પર તેમણે અમેરિકન નાગરિકતા અને ઇમિગ્રેશન સર્વિસીસને આ પ્રોગ્રામને અસ્થાયી રૂપે સ્થગિત કરવાનો આદેશ આપ્યો છે.

ક્રિસ્ટી નોએમે કહ્યું હતું કે, આ ખતરનાક વ્યક્તિને ક્યારેય આપણા દેશમાં પ્રવેશવાની મંજૂરી આપવી જોઈતી ન હતી.

ટ્રમ્પે આ નિર્ણયને રાષ્ટ્રીય સુરક્ષા સાથે જોડીને કહ્યું હતું કે ગ્રીન કાર્ડ લોટરી જેવા કાર્યક્રમો મારફતે અમેરિકામાં પ્રવેશ કરનારાઓ માટે સંપૂર્ણ પૃષ્ઠભૂમિ તપાસ જરૂરી છે. તેમનું માનવું છે કે વર્તમાન સિસ્ટમમાં ખામીઓ છે જેનો ખોટો ફાયદો ઉઠાવવામાં આવી રહ્યો છે.

નોંધનીય છે કે ટ્રમ્પ લાંબા સમયથી ડાયવર્સિટી વિઝા લોટરીનો વિરોધ કરી રહ્યા છે. નોએમની તાજેતરની જાહેરાત એ એક નવું ઉદાહરણ છે કે ઇમિગ્રેશન નીતિઓને આગળ વધારવા માટે કેવી રીતે હુમલાઓનો ઉપયોગ કરવામાં આવે છે. નવેમ્બરમાં નેશનલ ગાર્ડ સભ્યો પર થયેલા ઘાતક હુમલામાં એક અફઘાન વ્યક્તિની હુમલાખોર તરીકે ઓળખ થયા બાદ ટ્રમ્પ વહીવટીતંત્રે અફઘાનિસ્તાન અને અન્ય દેશોમાંથી ઇમિગ્રેશન પર કડક નિયમો લાદ્યા હતા.

ટ્રમ્પ કાયદે ઇમિગ્રેશનને મર્યાદિત અથવા નાબૂદ કરવાનો પ્રયાસ કરી રહ્યા છે. કાયદામાં સામેલ હોય છતાં ટ્રમ્પ સરકાર અમેરિકામાં જન્મેલા કોઈપણ માટે નાગરિકતાનો અધિકાર નાબૂદ કરવા માંગે છે. તાજેતરમાં સુપ્રીમ કોર્ટે તેમના જન્મજાત નાગરિકત્વ પડકારની સુનાવણી કરવા સંમતિ આપી હતી. ગ્રીન કાર્ડ લોટરી સત્તાવાર રીતે ડાયવર્સિટી વિઝા પ્રોગ્રામ તરીકે ઓળખાય છે, દર વર્ષે હજારો લોકોને અમેરિકામાં કાયમી નિવાસ મેળવવાની તક પૂરી પાડે છે. તેનો હેતુ ઓછી ઇમિગ્રન્ટ વસ્તી ધરાવતા દેશોના નાગરિકોને તકો પૂરી પાડવાનો છે.

ડાયવર્સિટી વિઝા પ્રોગ્રામ હેઠળ અમેરિકા કરતા ઓછી વસ્તી ધરાવતા ઘણા આફ્રિકન દેશોના લોકોને લોટરી મારફતે વાર્ષિક આશરે ૫૦,૦૦૦ ગ્રીન કાર્ડ આપવામાં આવે છે. ૨૦૨૫ વિઝા લોટરી માટે આશરે ૨૦ મિલિયન લોકોએ અરજી કરી હતી. આમાંથી ૧૩૧,૦૦૦થી વધુ લોકોની પસંદગી કરવામાં આવી હતી, જેમાં વિજેતાઓના જીવનસાથીઓનો પણ સમાવેશ થાય છે. પસંદગી પછી બધા અરજદારોને અમેરિકામા પ્રવેશવાની મંજૂરી આપતા પહેલા સુરક્ષા તપાસમાંથી પસાર થવું પડે છે.



સંક્રાંતઃ મકર સંક્રાંતિના તહેવાર અગાઉ શુક્રવારે જયપુરમાં રંગબેરંગી પતંગો વેચાણાર્થે મૂકી દેવામાં આવી હતી. (એજન્સી)

# આ વખતે બજેટ રવિવારે?

નવી દિલ્હીઃ સંસદીય પરંપરાઓનું પાલન કરવામાં આવશે તો નાણા પ્રધાન નિર્મલા સીતારમણ વર્ષ ૨૦૨૬-૨૭નું સામાન્ય બજેટ પહેલી ફેબ્રુઆરીએ એટલે કે રવિવારે રજૂ કરશે. વર્ષ ૨૦૨૭થી સામાન્ય બજેટ દર વર્ષની પહેલી ફેબ્રુઆરીએ રજૂ કરવામાં આવે છે અને વર્ષ ૨૦૨૬ની પહેલી ફેબ્રુઆરીએ રવિવાર છે.

આ અંગે પૂછવામાં આવતાં સંસદીય બાબતોના પ્રધાન કિરણ રિજિજુએ કહ્યું હતું કે સંસદીય બાબતોની કૅબિનેટ કમિટી યોગ્ય સમયે આ અંગે નિર્ણય લેશે.

નવું નાણાકીય વર્ષ પહેલી એપ્રિલે શરૂ થાય છે અને એ દિવસથી જ બજેટ અમલી બને તેની ખાતરી કરવા બજેટની રજૂઆત માટે પહેલી ફેબ્રુઆરીની પસંદગી કરવામાં આવી હતી.

અધિકારીઓના જણાવ્યાનુસાર સામાન્ય બજેટની રજૂઆત માટે અગાઉથી જ એક જ દિવસ મુકરર કરવામાં આવેલો છે. રવિવારનો વિચાર અંગ્રેજો લાવ્યા હતા.

વર્ષ ૨૦૧૭ અગાઉ સામાન્ય બજેટ ફેબ્રુઆરીના છેલ્લે દિવસે રજૂ કરવામાં આવતું હતું અને નવા નાણાકીય વર્ષા પ્રથમ ત્રિમાસિકના ખર્ચને પહોંચી વળવા માટેનું ભંડોળ પ્રાપ્ત કરવા લોકસભા મંજૂરી આપતી હતી.

સંબંધિત સંસદની સ્થાયી સમિતિ દ્વારા વિવિધ ખાતાની ગ્રાન્ટની માગણીની ચકાસણી કરવામાં આવ્યા બાદ બાકીના નાણાકીય વર્ષ માટેનું બજેટ લોકસભામાં બાદમાં મંજૂર કરવામાં આવતું હતું.

વર્ષ ૨૦૧૭માં તત્કાલીન નાણાં પ્રધાન અરુણ જેટલીએ સામાન્ય બજેટ દર વર્ષની પહેલી ફેબ્રુઆરીએ રજૂ કરવાની અને નવું નાણાંકીય વર્ષ શરૂ થાય તે અગાઉ જ એટલે કે માર્ચના અંત સુધીમાં લોકસભામાં તેને મંજૂર કરાવવાની શરૂઆત કરી હતી. (એજન્સી)

# ૧૦૮ ઈમર્જન્સી સેવાએ અત્યાર સુધીમાં ૧૮ લાખથી વધુ લોકોના જીવ બચાવ્યા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતમાં નિષ્ઠાપૂર્વક ફરજ બજાવતી '૧૦૮ ઇમર્જન્સી સેવા'ની સમગ્ર ટીમ રાજ્યના નાગરિકોનો જીવ બચાવવામાં હરહંમેશ અડીખમ રહી છે. આરોગ્યલક્ષી '૧૦૮ ઇમર્જન્સી સેવા' આજે અન્ય રાજ્યો માટે પથદર્શક અને આદર્શ મોડલ પુરવાર થઇ છે. રાજ્યનાં દરેક શહેરો, જિલ્લા, તાલુકા અને છેવાડાના ગામ સુધી '૧૦૮ ઇમર્જન્સી સેવા' ૨૪ ૭ વિનામૂલ્યે સેવા આપી રહી છે, જે રાજ્યના કરોડો નાગરિકો માટે આશીર્વાદરૂપ બની છે. રાજ્યમાં આરોગ્ય સેવા ક્ષેત્રે '૧૦૮ ઇમર્જન્સી સેવા' શરૂ થઇ ત્યારથી નવેમ્બર-૨૦૨૫ સુધીમાં રેકોર્ડ બ્રેક કુલ ૧.૮૬ કરોડથી વધુ ઇમર્જન્સી કોલ એટેન્ડ કરીને દર્દીઓને સફળતાપૂર્વક તાત્કાલિક સેવાઓ પૂરી પાડવામાં આવી છે. આ ઉપરાંત ૧૦૮ દ્વારા ૬૦.૨૩ લાખથી વધુ પ્રસૂતિ સંબંધિત ઈમર્જન્સી તેમજ ૨૨.૫૫ લાખથી વધુ માર્ગ અકસ્માતના કિસ્સામાં ઈમર્જન્સી સેવાઓ આપવામાં આવી છે. જીવન-મરણનો સવાલ હોય તેવી આપાતકાલીન સ્થિતિમાં અત્યાર સુધીમાં કુલ ૧૮ લાખથી વધુ નાગરિકોના જીવ બચાવવામાં આવ્યા છે. તદુપરાંત એમ્બ્યુલન્સમાં ૯૭,૨૯૫ જેટલી સગર્ભા મહિલાઓને તેમજ જે તે સ્થળ ઉપર ૫૯,૯૦૩ એમ કુલ ૧.૫૭ લાખથી વધુ સગર્ભા મહિલાઓની સફળ પ્રસૂતિ કરાવવામાં આવી છે.

'૧૦૮ ઇમર્જન્સી સેવા' ઉપરાંત અન્ય વિવિધ ઇમર્જન્સી સેવાઓ પણ ઉપલબ્ધ કરાવવામાં આવે છે. જે અંતર્ગત સપ્ટેમ્બર ૨૦૧૨થી કાર્યરત ૪૩૪ જેટલી ખિલખિલાટ વાનનો વર્ષ ૨૦૨૫ સુધીમાં ૧.૩૭ કરોડથી વધુ લાભાર્થીઓએ લાભ લીધો છે તેવી જ રીતે વર્ષ ૨૦૧૫થી શરૂ થયેલી ૧૮૧ મહિલા હેલ્પલાઇન અંતર્ગત ૧૭.૪૦ લાખથી વધુ કોલ એટેન્ડ કરીને ૫૯ વાન દ્વારા ૩.૪૭ લાખથી વધુ મહિલાઓને સ્થળ પર જરૂરી મદદ કરવામાં આવી છે.

આ ઉપરાંત રાજ્યમાં વર્ષ ૨૦૧૭માં શરૂ કરાયેલી ૧૦૪ હેલ્થ હેલ્પલાઇન દ્વારા વર્ષ ૨૦૨૫ સુધીમાં કુલ ૫૨.૨૯ લાખથી વધુ કોલ એટેન્ડ કરીને યોગ્ય માર્ગદર્શન આપવામાં આવ્યું છે. વર્ષ -૨૦૧૮માં શરૂ કરાયેલી ૧૦૮ બોટ એમ્બ્યુલન્સ દ્વારા ૭૫૮ જેટલા નાગરિકોનો આપાતકાલીન સેવાઓ આપવામાં આવી છે. હાલમાં ગુજરાતમાં બે ૧૦૮ બોટ એમ્બ્યુલન્સ સેવા કાર્યરત છે.

# ગુજરાતમાં જીએસટીની આવકનો આંકડો ₹ ૭૩,૦૦૦ કરોડને પારઃ એકલા અમદાવાદનો બાવન ટકા હિસ્સો

અમદાવાદઃ ગુજરાતમાં જીએસટીની આવકમાં તોતિંગ વધારો નોંધાયો છે. રાજ્યમાં નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫માં રૂપિયા ૭૩૨૭૭.૫૬ કરોડની આવક થઈ હતી, જે પૈકી નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫માં અમદાવાદમાંથી જ ૩૩૭૨૨.૭૨ કરોડની જીએસટી આવક નોંધાઈ હતી. ગુજરાતીઓએ એક વર્ષમાં જીએસટી પાછળ જે રકમ ચૂકવી હતી તેમાંથી અડધાથી વધુ એટલે કે ૫૨. ૫૬ ટકા માત્ર અમદાવાદમાંથી થઈ છે.

અહેવાલો અનુસાર, અમદાવાદીઓ પાસેથી દરરોજના સરેરાશ રૂપિયા ૯૨.૩૯ કરોડ જીએસટી પેટે વસૂલવામાં આવ્યો હતો. જીએસટી પાછળ સૌથી વધુ રકમ વસૂલવામાં સુરત જિલ્લો ૬૬૮૯.૫૧ કરોડ સાથે બીજા સ્થાને અને વડોદરા જિલ્લો ૫૮૭૩.૬૯ કરોડ સાથે ત્રીજા સ્થાને રહ્યો હતો. ગુજરાતની જીએસટીથી થતી આવકમાં પણ નોંધપાત્ર વધારો નોંધાયો હતો. વર્ષ ૨૦૨૧-૨૨માં ૪૫૪૬૪.૪૫ કરોડની આવક હતી, તે ૨૦૨૨-૨૩માં ૫૬૦૬૪ કરોડ, ૨૦૨૩-૨૪માં ૬૪૧૩૨ કરોડ અને ૨૦૨૪-૨૫માં ૭૩૨૭૭ કરોડ પર પહોંચી ગઈ હતી. નવેમ્બર ૨૦૨૫માં ગુજરાતમાં જીએસટીની આવક રૂ. ૬૭૨૩ કરોડ નોંધાઈ હતી, જે નવેમ્બર ૨૦૨૪માં થયેલી રૂ. ૬૬૫૫ કરોડ કરતાં એક ટકાનો વધારો દર્શાવે છે.

# ગુજરાતમાં આઈઓઆરએ પોર્ટલ દ્વારા ૧૭.૯ લાખથી વધુ મહેસૂલી અરજીઓનો ઝડપી નિકાલ

અમદાવાદઃ રાજ્ય સરકાર દ્વારા જમીન નોંધણી, બિનખેતી મંજૂરી અને જમીન માપણી જેવી જટિલ પ્રક્રિયાઓને સંપૂર્ણપણે ડિજિટલ અને પારદર્શક બનાવવામાં આવી છે. ખાસ કરીને આઈઓઆરએ પોર્ટલના માધ્યમથી અત્યાર સુધીમાં ૧૭.૯ લાખથી વધુ અરજીઓનો સફળતાપૂર્વક નિકાલ કરવામાં આવ્યો છે.

રાજ્યના મહેસૂલ વિભાગે અત્યાધુનિક ટૅક્નોલૉજીનો ઉપયોગ કરીને જમીન રેકોર્ડનું આધુનિકીકરણ કર્યું છે. 'ગરવી ૨.૦' પોર્ટલ દ્વારા દસ્તાવેજ નોંધણી અને સ્વામિત્વ યોજના હેઠળ ડ્રોન સર્વે દ્વારા ૧૧.૫૨ લાખથી વધુ પ્રોપર્ટી કાર્ડનું વિતરણ કરવામાં આવ્યું છે. નાગરિકો હવે ઘરે બેઠા ક્યુઆર કોડવાળી નકલો અને પ્રમાણિત પ્રોપર્ટી કાર્ડ મેળવી શકે છે. આ ડિજિટલ ક્રાંતિને કારણે જમીન સંબંધિત વિવાદોમાં મોટો ઘટાડો થયો છે અને ખેડૂતોને ધિરાણ તેમ જ સરકારી સહાય મેળવવી વધુ સરળ બની છે.

સરકારી જમીનોના સંરક્ષણ માટે સીએમના માર્ગદર્શન હેઠળ ઇસરોની ઉચ્ચ રિઝોલ્યુશન મેપિંગ ટૅક્નોલૉજી અને આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સનો ઉપયોગ કરવામાં આવી રહ્યો છે. આ અત્યાધુનિક દેખરેખ પ્રણાલીને કારણે અત્યાર સુધીમાં ૩૯૯૦ હેક્ટરથી વધુ સરકારી જમીન દબાણમુક્ત કરવામાં આવી છે, જેની અંદાજિત બજાર કિંમત રૂ. ૩૩૩૯ કરોડથી વધુ થાય છે. ગેરકાયદે ખનન અને જમીન પચાવી પાડનારા તત્ત્વો સામે આ ટૅક્નોલૉજી આશીર્વાદરૂપ સાબિત થઈ છે. ગતિશક્તિ પોર્ટલ સાથેના એકીકરણને કારણે બુલેટ ટ્રેન, એક્સપ્રેસ-વે અને એરપોર્ટ જેવા મોટા વિકાસ પ્રોજેક્ટ્સ માટે જમીન સંપાદનની પ્રક્રિયા ઝડપી બની છે, જેનાથી ખેડૂતોને સમયસર વળતર મળી રહ્યું છે.

# વડોદરામાં વૃદ્ધાને ડિજિટલ અરેસ્ટ કરી ઠગોએ ૧.૮૨ કરોડ પડાવ્યા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ રાજ્ય સરકાર અને પોલીસ દ્વારા વારંવાર જાગૃતિ ફેલાવવા છતાં, 'ડિજિટલ એરેસ્ટ'ના નામે ઠગાઈના કિસ્સા સતત વધી રહ્યા છે. વડોદરાના ભૂતડી ઝાંપા વિસ્તારમાં રહેતા એક વૃદ્ધાને આતંકવાદી કનેક્શન અને મની લોન્ડરિંગના નામે ડરાવી, ભેજાબાજોએ રૂ. ૧.૮૨ કરોડની રકમ પડાવી લીધી હતી. સાયબર સેલે આ મામલે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી હતી.

વડોદરાના ભૂતડી જાપા વિસ્તારમાં રહેતી મહિલા ઉપર ૪ ડિસેમ્બરે એક અજાણ્યા સખ્શનો ફોન આવ્યો હતો અને તેણે આધાર કાર્ડ ઉપર બીજું સિમ કાર્ડ થયું હોવાની વાત કરી હતી. ઠગે કહ્યું હતું કે, તમારા સિમ કાર્ડ સામે ૩૯ કેસ થયા છે એટલે તમારે કોલાબા પોલીસ સાથે વાત કરવી પડશે.

પોલીસ ઇન્સ્પેક્ટર સંદીપ રાવ તરીકે ઓળખ આપનાર ઠગે મહિલા સાથે વીડિયો કોલ પર વાત કરી હતી. ઠગ પોલીસના યુનિફોર્મમાં હતો અને તેની પાછળ પોલીસનો લોગો તથા ઓફિસ જેવો જ માહોલ દેખાતો હતો. તેણે મહિલાને ધમકાવતા કહ્યું હતું કે, તમારા કેનેરા બેંકના ખાતામાં આતંકવાદી સાલેમ દ્વારા ૨૪૩ કરોડના ટ્રાન્ઝેક્શન કરવામાં આવ્યા છે અને બદલામાં તમને ૨ ટકા કમિશન મળ્યું છે.

પુરાવા તરીકે ઠગોએ વોટ્સએપ પર બનાવટી બેંક સ્ટેટમેન્ટ અને સુપ્રીમ કોર્ટની નકલી નોટિસ પણ મોકલી હતી.

ઠગોએ નેશનલ સિક્યુરિટીનો હવાલો આપી મહિલાને ડરાવી દીધી હતી કે આ વાત કોઈને કહેવી નહીં, નહીંતર મુશ્કેલીમાં મુકાશો. તેમને 'ડિજિટલ હોમ એરેસ્ટ' હેઠળ રાખવામાં આવ્યા હોવાનું કહી, ઘરની બહાર નીકળતી વખતે જાણ કરવાની ફરજ પાડી હતી. એટલું જ નહીં, વિદેશમાં રહેતી તેમની બહેન પણ આ કેસમાં ફસાઈ જશે તેવી ધમકી આપી મહિલાને માનસિક દબાણમાં રાખવામાં આવી હતી.

ઠગોએ વૃદ્ધાને વિશ્વાસમાં લીધા હતા કે જો તેઓ નિર્દોષ હોય, તો તેમણે પોતાની તમામ બચત, એફડી (એફડી) અને રોકાણની રકમ વેરિફિકેશન માટે આરબીઆઇના ખાતામાં ટ્રાન્સફર કરવી પડશે. તપાસ પૂરી થયા બાદ આ રકમ પરત મળી જશે તેવી ખાતરી આપી હતી. ડરના માર્યા મહિલાએ જુદા જુદા ખાતાઓમાં કુલ રૂ. ૧.૮૨ કરોડ ટ્રાન્સફર કરી દીધા હતા. ઠગો પણ વિશ્વાસ જીતવા માટે સામે રસીદો મોકલતા રહ્યા હતા.

૧.૮૨ કરોડ પડાવ્યા બાદ પણ ઠગોની લાલચ અટકી નહોતી. તેમણે વૃદ્ધાની અન્ય એક ફિક્સ ડિપોઝિટ (એફડી) તોડાવવા માટે દબાણ કર્યું હતું.

# ગુજરાતના ૨૭૮ બાર એસોસિએશનની ચૂંટણીઃ અમદાવાદની કોર્ટમાં ચૂંટણીનો માહોલ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ રાજ્યમાં આવેલા ૨૭૮ બાર એસોસિએશનની યોજાઈ હતી. જેમાં રાજ્યના ૦૧ લાખ જેટલા વકીલો એસોસિએશનના હોદ્દેદારોની ચૂંટણીમાં ભાગ લીધો હતો. ચૂંટણીનો સમય સવારે ૧૦થી સાંજની ૦૫ સુધીનો હતો. વકીલો મોટા પાયે પોતપોતાના રજિસ્ટર્ડ બારમાં મતદાન કર્યું હતું.

સુપ્રીમ કોર્ટના આદેશથી તમામ બાર એસોસિએશનમાં ટ્રેઝરર માટે મહિલાનું પદ અનામત રાખવામાં આવ્યું છે. અમદાવાદની વાત કરીએ તો અમદાવાદ મેટ્રોકોર્ટમાં ૦૬ હજારથી વધુ મતદારો છે. પ્રમુખ, ઉપ પ્રમુખ, સેક્રેટરી, જોઇન્ટ સેક્રેટરી, ટ્રેઝરર, એક્ઝિક્યુટિવ કમિટિ વગેરે માટે જુદી જુદી કોર્ટોમાં મતદાન થયું હતું. હોદ્દેદારો સમક્ષ મતદાતા વકીલો પોતાના પ્રશ્નો રજૂ કરે છે. જેને તેઓ ઉપરના ફોરમ સમક્ષ ઉપાડે છે. ગુજરાત હાઇ કોર્ટ એડવોકેટ એસોસિએશનની પણ ચૂંટણી પણ યોજાઈ હતી. જેમાં ગુજરાત હાઇ કોર્ટ એડવોકેટ એસોસિએશનમાં ૨૫૦૦ કરતાં વધુ મતદારો મતદાન કર્યું હતું. હાઇકોર્ટ એસોસિએશનમાં વર્તમાન હોદ્દેદારોમાં પ્રમુખ તરીકે બ્રિજેશ ત્રિવેદી, ઉપ-પ્રમુખ તરીકે વિરાટ પોપટ અને સેક્રેટરી તરીકે હાર્દિક બ્રહ્મભટ્ટ છે.

ગુજરાત હાઇ કોર્ટ એડવોકેટ એસોસિએશનની ચૂંટણીમાં પ્રમુખ પદ માટે ૦૫ ઉમેદવારોએ ઉમેદવારી નોંધાવી છે. જેમાં એડવોકેટ યતીન ઓઝા, બાબુ માંગુકિયા, બ્રિજેશ ત્રિવેદી, દર્શન શાહ અને ચિત્રજીત ઉપાધ્યાયનો સમાવેશ થાય છે. ઉપપ્રમુખના પદ માટે પૃથ્વીરાજસિંહ જાડેજા, પુનિત જુનેજા, અશોક પારેખ, વિરાટ પોપટ, અભિરાજ ત્રિવેદી અને નીરવ ત્રિવેદી ઉમેદવાર છે.

# સુરત ડબલ મર્ડર કેસમાં કુખ્યાત શિવા ટકલા ગૅંગ સામે ગુજસીટોક એક્ટ દાખલઃ ૧૪ દિવસના રિમાન્ડ પર

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ સુરત શહેરના ગોડાદરા વિસ્તારમાં થયેલા ડબલ મર્ડર કેસમાં પોલીસે કડક કાર્યવાહી કરતાં મુખ્ય આરોપી શિવા ટકલા સહિત તેની સમગ્ર ગેંગ સામે ગુજસીટોક અંતર્ગત કલમો ઉમેરતા શહેરમાં ખળભળાટ મચી ગયો હતો. નાણાંની લેતી-દેતીના વિવાદમાંથી ઉપજેલા આ જઘન્ય ગુનામાં બે યુવાનોની હત્યા કરવામાં આવી હોવાનો ચોંકાવનારો ખુલાસો થયો હતો.

પોલીસ તપાસ મુજબ, ગત તારીખ ૧ ડિસેમ્બર ૨૦૨૫ની રાત્રે ગોડાદરાના શિવા ટકલા સહિતની ટોળકી દ્વારા ઉધના વિસ્તારના સોયેબ શેખ અને લિંબાયત વિસ્તારના નાઝીમ રાજની નિર્મમ હત્યા કરવામાં આવી હતી. પૈસાની લેવડદેવડને લઈ થયેલા વિવાદમાં આરોપીઓએ પૂર્વયોજિત રીતે બંનેની હત્યા કરી હોવાનું તપાસમાં સામે આવ્યું છે.

આ ગંભીર બનાવને પગલે ગોડાદરા પોલીસ મથકમાં હત્યાનો ગુનો દાખલ કરવામાં આવ્યો હતો. તપાસ દરમિયાન પોલીસે આરોપીઓની ગુનાહિત ભૂમિકા, અગાઉના ગુનાઓનો ઇતિહાસ અને સંગઠિત રીતે ગુનાઓ કરાતા હોવાના પુરાવા એકત્ર કર્યા હતા. તેના આધારે મુખ્ય આરોપી શિવા ટકલા ગેંગ લીડર તરીકે કાર્યરત હોવાનું સ્પષ્ટ થયું હતું. પોલીસ અધિકારીઓના જણાવ્યા મુજબ, શિવા ટકલા અને તેની ટોળકી શહેરમાં લાંબા સમયથી નાણાકીય ઉઘરાણી, ધાકધમકી અને હિંસક પ્રવૃત્તિઓમાં સંડોવાયેલી હતી. આ કારણે કાયદાની મજબૂત પકડ માટે ગુજસીટોક અંતર્ગત કાર્યવાહી કરવામાં આવી છે, જે આરોપીઓ માટે મોટી મુશ્કેલી ઊભી કરી શકે છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, બે દિવસ અગાઉ આ કુખ્યાત બુટલેગર શિવા ટકલાએ પોલીસ પર હુમલો કરી ભાગવાનો પ્રયાસ કર્યો હતો, ત્યારે પોલીસ તરફથી સ્વબચાવમાં ફાયરિંગ કરવામાં આવતા તેને પગમાં ગોળી વાગી હતી. બાદમાં આરોપી શિવાને સારવાર અર્થે હોસ્પિટલ ખસેડવામાં આવતા તે પોલીસ સમક્ષ બે હાથ જોડી માફીની ભીખ માંગતો જોવા મળ્યો હતો.

# અમદાવાદ મનપાની વર્ષ ૨૦૨૫-૨૬ માટે વ્યાજ માફી યોજના જાહેરઃ જૂની ફોર્મ્યુલા મુજબ ૧૦૦ ટકા વ્યાજ માફી મળશે

અમદાવાદઃ મનપાએ પ્રોપર્ટી ટેક્સ માટે વ્યાજ માફી યોજના ૨૦૨૫-૨૬ જાહેર કરવામાં આવી છે, જે ૩ મહિના સુધી પ્રોપર્ટી ટેક્સ પર મોટી રાહત મળશે. જૂની ટેક્સ ફોર્મ્યુલા મુજબની રહેણાંક અને બિનરહેણાંક બંને પ્રકારની મિલકતો માટે જાન્યુઆરીથી માર્ચ ૨૦૨૬ દરમિયાન ૧૦૦ ટકા વ્યાજ માફી આપવામાં આવશે. નવી ટેક્સ ફોર્મ્યુલા મુજબ રહેણાક મિલકતો માટે જાન્યુઆરી મહિનામાં ૮૫ ટકા, ફેબ્રુઆરીમાં ૮૦ ટકા અને માર્ચમાં ૭૫ ટકા વ્યાજ માફી અપાશે. નવી ફોર્મ્યુલા મુજબ બિનરહેણાક મિલકતોને જાન્યુઆરી મહિનામાં ૬૫ ટકા, ફેબ્રુઆરીમાં ૬૦ ટકા અને માર્ચમાં ૫૦ ટકા વ્યાજ માફી મળશે. આ વ્યાજ માફી યોજના ૧ જાન્યુઆરી ૨૦૨૬ થી ૩૧ માર્ચ ૨૦૨૬ સુધી અમલમાં રહેશે. અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા જાહેર કરાયેલી આ વ્યાજ માફી યોજનાથી બાકી મિલકત વેરાની વસૂલાતમાં વધારો થવાની સાથે કરદાતાઓને પણ વ્યાજમાં મોટી રાહત મળશે. અમદાવાદ મનપાના રેવન્યૂ કમિટી ચેરમેન અનિરુદ્ધસિંહ ઝાલાએ જણાવ્યું હતું કે, અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા વર્ષ ૨૦૨૫૨૬ના પ્રારંભના ત્રણ મહિના માટે 'વ્યાજ માફી યોજના ૨૦૨૫૨૬' જાહેર કરવામાં આવી છે. બાકી પ્રોપર્ટી ટેક્સની વસૂલાત ઝડપી બને અને કરદાતાઓ પર વ્યાજનું ભારણ ઘટે તે હેતુ સાથે આ યોજના અમલમાં મૂકવામાં આવી છે.

આ વ્યાજ માફી યોજના ૧ જાન્યુઆરી ૨૦૨૬ થી ૩૧ માર્ચ ૨૦૨૬ સુધી અમલમાં રહેશે. જે કરદાતાઓનો મિલકતવેરો બાકી છે તેઓ આ સમયગાળા દરમિયાન વેરો ભરીને વ્યાજમાં નોંધપાત્ર રાહત મેળવી શકશે. આ યોજના હેઠળ રહેણાક તથા બિનરહેણાક (કોમર્શિયલ) મિલકતો માટે વ્યાજ માફીની અલગ-અલગ વ્યવસ્થા રાખવામાં આવી છે. જૂની ટેક્સ ફોર્મ્યુલા મુજબની રહેણાક અને કોમર્શિયલ બંને પ્રકારની મિલકતો માટે જાન્યુઆરીથી માર્ચ ૨૦૨૬ દરમિયાન ૧૦૦ ટકા વ્યાજ માફી આપવામાં આવશે.

નવી ટેક્સ ફોર્મ્યુલા મુજબ રહેણાક મિલકતો માટે જાન્યુઆરી મહિનામાં ૮૫ ટકા વ્યાજ માફી મળશે, જ્યારે ફેબ્રુઆરીમાં ૮૦ ટકા અને માર્ચમાં ૭૫ ટકા વ્યાજ માફી અપાશે. દર મહિને વ્યાજ માફીમાં પાંચ ટકાનો ઘટાડો કરવામાં આવ્યો છે. નવી ફોર્મ્યુલા મુજબ બિનરહેણાક મિલકતોને જાન્યુઆરી મહિનામાં ૬૫ ટકા, ફેબ્રુઆરીમાં ૬૦ ટકા અને માર્ચમાં ૫૦ ટકા વ્યાજ માફી મળશે. આમ, જે કરદાતા વહેલા ધોરણે ટેક્સ ભરશે તેમને વધુ રાહત મળશે.

# અમદાવાદ મનપાએ ૯ મહિનામાં ૧૧,૪૦૦થી વધુ લારી-ગલ્લા અને ૯૦,૦૦૦ દબાણો દૂર કર્યાં

અમદાવાદઃ શહેરમાં ટ્રાફિકની ગંભીર સમસ્યા હળવી કરવા માટે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા ૧ એપ્રિલથી ૧૫ ડિસેમ્બર, ૨૦૨૫ દરમિયાન મેગા દબાણ હટાવો ઝુંબેશ ચલાવવામાં આવી હતી. આ નવ મહિનાના ગાળામાં શહેરના વિવિધ વિસ્તારોમાંથી કુલ ૧૧,૪૫૭ લારી-ગલ્લા, ૪,૨૪૯ શેડ અને ૯૦,૦૦૦થી વધુ અન્ય દબાણો દૂર કરવામાં આવ્યાં હતાં. આ કામગીરી દરમિયાન તંત્ર દ્વારા ૧ કરોડ ૧૦ લાખ ૧૯ હજાર રૂપિયાથી વધુનો વહીવટી ચાર્જ વસૂલવામાં આવ્યો હતો. તંત્ર દ્વારા રસ્તાઓ પર આડેધડ પાર્કિંગ કરનારા વાહનો સામે પણ કડક કાર્યવાહી કરવામાં આવી હતી, જેમાં ૧૮,૪૮૮ વાહનોને વ્હીલ-લોક મારી દેવામાં આવ્યા હતા અને ૧૮,૧૭૫ વાહનો પાસેથી દંડ વસૂલાયો હતો. ઝોન મુજબની કામગીરીમાં પૂર્વ ઝોનમાં સૌથી વધુ ૧,૯૫૬ લારી-ગલ્લા દૂર કરાયા હતા, જ્યારે મધ્ય ઝોનમાં કાલુપુર રેલવે સ્ટેશન, ભદ્ર અને ત્રણ દરવાજા જેવા અત્યંત ભીડભાડ વાળા વિસ્તારોને દબાણમુક્ત કરવામાં આવ્યા હતા. પશ્ચિમ ઝોનમાં સ્ટેડિયમથી પંચવટી અને ઉત્તર-પશ્ચિમ ઝોનમાં હાઈ કોર્ટથી વૈષ્ણોદેવી સર્કલ સુધીના માર્ગો પરથી દબાણો હટાવી ટ્રાફિક ફ્લો સુધારવામાં આવ્યો હતો.

# પેટ્રોલિયમ પેદાશોમાંથી ગુજરાતને એક વર્ષમાં ૨૪,૫૮૬ કરોડની જંગી કમાણી

અમદાવાદઃ ગુજરાત રાજ્ય પેટ્રોલિયમ પેદાશોમાંથી સૌથી વધુ આવક મેળવતા દેશના ટોચના રાજ્યોમાં સ્થાન પામ્યું છે. સંસદના તાજેતરમાં પૂર્ણ થયેલા શિયાળુ સત્ર દરમિયાન રાજ્યસભામાં રજૂ કરાયેલા આંકડાઓ અનુસાર, નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫માં ગુજરાતે ઇંધણના વેચાણ પરના વેટ અને સેલ્સ ટેક્સ દ્વારા રૂ. ૨૪,૫૮૬.૨ કરોડની જંગી આવક મેળવી હતી. આ ઉપરાંત, રાજ્ય સરકારે આ પેદાશો પર સ્ટેટ જીએસટી પેટે પણ રૂ. ૨,૯૮૦.૨ કરોડની કમાણી કરી છે. છેલ્લા પાંચ વર્ષના આંકડાઓ પર નજર કરીએ તો ગુજરાતની આવકમાં વધારો જોવા મળ્યો છે. વર્ષ ૨૦૨૦-૨૧માં પેટ્રોલિયમ પેદાશોમાંથી થતી વેટની આવક રૂ. ૧૫,૧૪૦.૮ કરોડ હતી, જે ૨૦૨૪-૨૫ સુધીમાં વધીને રૂ. ૨૪,૫૦૦ કરોડને પાર કરી ગઈ છે. મધ્યમાં વર્ષ ૨૦૨૨-૨૩માં આ આવક રૂ. ૨૪,૬૩૧.૨ કરોડના સર્વોચ્ચ સ્તરે પહોંચી હતી, જે રાજ્યમાં ઇંધણના સતત વધી રહેલા વપરાશ અને આર્થિક ગતિવિધિઓને સૂચવે છે. કેન્દ્રીય પેટ્રોલિયમ અને કુદરતી ગેસ મંત્રાલય દ્વારા રજૂ કરવામાં આવેલી વર્ષવાર વિગતો અનુસાર નાણાકીય વર્ષ ૨૦૨૦-૨૧માં સેલ્સ ટેક્સ રૂ.૧૫,૧૪૦.૮ કરોડ હતો.

# રાજ્યના દસ ઍરપોર્ટ પર હસ્તકલા સ્ટોલ શરૂ થશેઃ રાજકોટમાં પટોળા, સુરત-વડોદરામાં સિલ્ક ઉત્પાદનોનું વેચાણ કરાશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ એરપોર્ટ ઓથોરિટી ઓફ ઇન્ડિયા (એએઆઈ) દ્વારા દેશભરના એરપોર્ટ્સ પર સ્થાનિક કલા, હસ્તકલા અને પરંપરાગત ઉત્પાદનોને પ્રોત્સાહન આપવા માટે 'અવસર' યોજના અમલમાં મૂકવામાં આવી છે. જે અંતર્ગત એક એરપોર્ટ - એક ઉત્પાદન પર ભાર મૂકવામાં આવ્યો છે અને તેથી જ રાજકોટ સહિત રાજ્યના તમામ એરપોર્ટ પર અલગ અલગ હસ્તકલાના સ્ટોલ મૂકવામાં આવશે. જેના ભાગરૂપે રાજકોટના હીરાસરમાં સ્થિત ઇન્ટરનેશનલ એરપોર્ટ ખાતે રાજકોટ પટોળા હવાઈ મુસાફરો માટે આકર્ષણનું કેન્દ્ર બનશે. રાજકોટ ઇન્ટરનેશનલ એરપોર્ટના ડિરેક્ટર દીર્ગંત બોરાહે જણાવ્યું હતું કે, એએઆઈ દ્વારા આયોજિત 'અવસર' યોજનાના ભાગરૂપે રાજકોટ એરપોર્ટ ખાતે 'એક એરપોર્ટ-એક ઉત્પાદન' પર ભાર મુકવામાં આવ્યો છે. એરપોર્ટ પર હાલ તેના સ્ટોલની કામગીરી ચાલી રહી છે. તે કામગીરી પૂર્ણ થતા જ રાજકોટની હસ્તકલા પટોળાનો સ્ટોલ કાર્યરત કરવામાં આવશે. 'અવસર' યોજના અંતર્ગત એરપોર્ટ પર સ્વયં સહાય સમૂહો ખાસ કરીને મહિલાઓને, નાના સ્ટોલ કે કિયોસ્ક આપવામાં આવે છે. અહીં તેઓ પોતાની હસ્તકલા, ખાદ્યપદાર્થો અને પરંપરાગત ઉત્પાદનો મુસાફરોને વેચી શકે છે. હવે આ યોજનાને વધુ મજબૂત બનાવવા માટે એક એરપોર્ટ - એક ઉત્પાદન સંકલ્પનાનો અમલ ફરજિયાત બનાવવામાં આવ્યો છે.

આ પહેલ અંતર્ગત દરેક એરપોર્ટ માટે એક વિશિષ્ટ સ્થાનિક ઉત્પાદન નક્કી કરવામાં આવ્યું છે. જેનું પ્રમોશન અને વેચાણ એસએચજી દ્વારા ફરજિયાત કરાશે. આ સાથે તે વિસ્તારની સંસ્કૃતિને અનુરૂપ અન્ય ઉત્પાદનો પણ વેચવાની છૂટ રહેશે. જેથી ગુજરાતના ૧૦ જેટલા એરપોર્ટ જેમ કે, રાજકોટ, સુરત, વડોદરા, જામનગર, ભાવનગર, પોરબંદર, કંડલા, મુંદ્રા, ભુજ અને કેશોદ પર અમલવારી કરવામાં આવશે.

# અમદાવાદ પાસપોર્ટ ઑફિસ દ્વારા પડતર અરજીઓના નિકાલ માટે નવી ગાઈડલાઈન જાહેર

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ અમદાવાદ પ્રાદેશિક પાસપોર્ટ કચેરી દ્વારા પડતર પાસપોર્ટ અરજીઓની પૂછપરછ અને દસ્તાવેજો સબમિટ કરવાની પ્રક્રિયાને સરળ બનાવવા માટે ૧ જાન્યુઆરી, ૨૦૨૬થી નવી વ્યવસ્થા અમલમાં મૂકવામાં આવશે. નવી માર્ગદર્શિકા મુજબ, અરજદારો હવે તમામ કામકાજના દિવસોમાં ઓનલાઇન એપોઈન્ટમેન્ટ મેળવી શકશે, જેના માટે દૈનિક ૧૦૦ એપોઈન્ટમેન્ટ ઉપલબ્ધ કરાવવામાં આવશે. અરજદારો પોતાની અનુકૂળતા મુજબ તારીખ અને સમય અગાઉથી નક્કી કરીને કચેરીની મુલાકાત લઈ શકશે. જે અરજદારો અગાઉથી એપોઈન્ટમેન્ટ નથી લઈ શક્યા, તેમના માટે પણ ખાસ સુવિધા રાખવામાં આવી છે. આવા અરજદારો દર સોમવાર અને બુધવારે (જાહેર રજા સિવાય) સવારે ૧૦:૦૦ થી બપોરે ૧:૦૦ વાગ્યા દરમિયાન યુનિવર્સિટી રોડ, સ્થિત પ્રાદેશિક પાસપોર્ટ કચેરીની સીધી મુલાકાત લઈ શકશે.

# ખાનગી શાળાઓ દ્વારા ચોક્કસ દુકાનેથી જ સ્વેટર ખરીદવાના દબાણ સામે એનએસયુઆઈનું વિરોધ પ્રદર્શન

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ શહેરની અનેક ખાનગી શાળાઓ દ્વારા વાલીઓને મોંઘા ભાવના યુનિફોર્મ અને સ્વેટર ચોક્કસ દુકાનેથી જ ખરીદવા માટે દબાણ કરવામાં આવતું હોવાની ફરિયાદો ઊઠી હતી. આ મામલે આજે વિદ્યાર્થી સંગઠન એનએસયુઆઈ દ્વારા જિલ્લા શિક્ષણ અધિકારીની કચેરીએ ઉગ્ર વિરોધ પ્રદર્શન કરવામાં આવ્યું હતું. કાર્યકરોએ કચેરી પરિસરમાં સૂત્રોચ્ચાર કરી ખાનગી શાળાઓની જોહુકમી બંધ કરાવવાની માગ કરી હતી અને આક્ષેપ કર્યો હતો કે શાળાઓ અને વેપારીઓની મિલીભગતને કારણે વાલીઓ પર બિનજરૂરી આર્થિક બોજ વધી રહ્યો છે. એનએસયુઆઈના કાર્યકરોએ રજૂઆત કરતા જણાવ્યું હતું કે, વાલીઓને નિર્ધારિત સ્થળેથી જ મોંઘી વસ્તુઓ ખરીદવા મજબૂર કરવામાં આવે છે અને વારંવારની રજૂઆતો છતાં શિક્ષણ વિભાગ મૌન સેવી રહ્યું છે. આ વિરોધ પ્રદર્શનને પગલે મામલો ગરમાયો હતો. એનએસયુઆઈએ ચીમકી આપી હતી કે જો શાળાઓ સામે કડક પગલાં લેવામાં નહીં આવે, તો આગામી દિવસોમાં આંદોલનને વધુ તેજ બનાવવામાં આવશે. વિદ્યાર્થી સંગઠનની આ રજૂઆત બાદ અમદાવાદ જિલ્લા શિક્ષણ અધિકારી પ્રતિક્રિયા આપતા જણાવ્યું હતું કે, શિક્ષણ વિભાગ વાલીઓ અને વિદ્યાર્થીઓની સમસ્યાઓ પ્રત્યે ગંભીર છે. પુસ્તકો કે સ્વેટર જેવી કોઈ પણ બાબતે જો વાલીઓને પરેશાન કરવામાં આવતા હશે, તો તેની ચોક્કસ તપાસ કરવામાં આવશે.

# ગુજરાતના સસ્તા પેટ્રોલને બોટલોમાં ભરી રાજસ્થાનમાં વેચવાનો કાળો કારોબાર

અમદાવાદઃ રાજસ્થાન અને ગુજરાતની સરહદ પર પેટ્રોલના ભાવમાં રહેલા તફાવતનો લાભ ઉઠાવીને દાહોદ જિલ્લાના ઝાલોદ પંથકમાં પેટ્રોલની હેરાફેરીનું મોટું નેટવર્ક સક્રિય થયું હોવાના અહેવાલ છે. ગુજરાતમાં પેટ્રોલનો ભાવ પ્રતિ લિટર રૂ. ૯૫.૭૦ છે, જ્યારે રાજસ્થાનમાં રૂ.૧૦૬.૨૧ હોવાથી લિટર દીઠ આશરે રૂ. ૧૦નો મોટો તફાવત જોવા મળે છે. આ સ્થિતિનો ફાયદો ઉઠાવીને રાજસ્થાનના બાંસવાડા જિલ્લામાં સરહદ પાસેના ૧૮ કિમીના વિસ્તારમાં લગભગ ૯૦ જેટલી નાની દુકાનો અને કેબિનોમાં આ રીતે લાવેલું પેટ્રોલ ગેરકાયદેસર રીતે વેચાઈ રહ્યું હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

મળતી વિગતો અનુસાર, ગુજરાત અને રાજસ્થાન સરહદ પરના દાહોદ જિલ્લાના અનેક પેટ્રોલ પંપો પર રાજસ્થાન પાસિંગના વાહનોની લાંબી લાઈનો જોવા મળે છે, જ્યાં કોઈ પણ રોકટોક વગર કેન અને બોટલોમાં ઈંધણ ભરી આપવામાં આવે છે.

# પાલિકા ચૂંટણી માટે ઉદ્ધવ - રાજ જોડાણની ઘોષણા આવતા અઠવાડિયે

મુંબઈઃ મહારાષ્ટ્રમાં યોજાનારી આગામી પાલિકા ચૂંટણી માટે શિવસેના (યુબીટી) અને મહારાષ્ટ્ર નવનિર્માણ સેના (એમએનએસ) આવતા અઠવાડિયે તેમના જોડાણની જાહેરાત કરે તેવી સંભાવના છે. મુંબઈ સિવાય તમામ નગરપાલિકાઓની બેઠકોની વહેંચણી લગભગ પૂર્ણ થઈ ગઈ હોવાનું બંને પક્ષના નેતાઓએ જણાવ્યું હતું. મહારાષ્ટ્રના ૨૯ મ્યુનિસિપલ કોર્પોરેશનની ચૂંટણી ૧૫ જાન્યુઆરીએ યોજાશે અને બીજા દિવસે મતગણતરી થશે.

શિવસેના અને મનસે મુંબઈ, થાણે, મીરા-ભાયંદર, કલ્યાણ-ડોમ્બિવલી, પિંપરી-ચિંચવડ, પુણે અને નાશિક મ્યુનિસિપલ કોર્પોરેશનોમાં ચૂંટણી માટે ગઠબંધન કરશે. મનસેના નેતાએ જણાવ્યું હતું કે મુંબઈ સિવાય તમામ પાલિકા માટે વાતચીત પૂર્ણ થઈ ગઈ છે. મરાઠી પ્રભુત્વવાળા વિસ્તારોમાં અમે જે બેઠકોની માંગ કરી છે એ ચર્ચાનો મુખ્ય મુદ્દો છે. શિવસેના (યુબીટી) સહમત ન હોવાથી કારણે બેઠકોની વહેંચણીમાં વિલંબ થયો છે. જોકે, આવતા અઠવાડિયે (૨૩ ડિસેમ્બરથી ૩૦ ડિસેમ્બર) ઉમેદવારી નોંધાવવાની તારીખ શરૂ થતી હોવાથી વાતચીત ટૂંક સમયમાં સમાપ્ત થવી જોઈએ.

# માણિકરાવ કોકાટેનું રાજીનામુંઃ ફડણવીસે આપી પ્રતિક્રિયા

મુંબઈઃ સરકારી ફ્લેટ માટે નકલી દસ્તાવેજો રજૂ કરવાના કેસમાં એનસીપી (અજિત પવાર) નેતા માણિકરાવ કોકાટેને નીચલી અદાલત અને નાશિક જિલ્લા સત્ર અદાલત દ્વારા દોષિત ઠેરવવામાં આવ્યા હતા. આ કેસમાં તેમને બે વર્ષની જેલની સજા ફટકારવામાં આવી છે. આ પછી, માણિકરાવ કોકાટેએ ગુરુવારે પ્રધાન પદ પરથી રાજીનામું આપ્યું હતું.

માણિકરાવ કોકાટેએ રાજીનામું આપ્યા બાદ, રાજ્યના મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે તેમની પહેલી પ્રતિક્રિયા આપતા એક મહત્વપૂર્ણ ટિપ્પણી કરી હતી. ખૂબ જ ઓછા શબ્દોમાં પ્રતિક્રિયા આપતા તેમણે કહ્યું કે માણિકરાવ કોકાટેનું રાજીનામું મંજૂર કરવામાં આવ્યું છે.

માણિકરાવ કોકાટેના વિવિધની જવાબદારી હવે કોને સોંપવામાં આવશે? એ બાબતે પૂછાતાં ફડણવીસે કહ્યું કે, તેમના વિભાગની જવાબદારી હાલમાં અજિત પવારને સોંપવામાં આવી છે.

માણિકરાવ કોકાટે પર ખોટા દસ્તાવેજો આપીને મુખ્યપ્રધાન ક્વોટામાંથી ફ્લેટ ઉચાપત કરવાનો આરોપ હતો. આ કેસમાં માણિકરાવ કોકાટેને કોર્ટે બે વર્ષની જેલ અને ૫૦,૦૦૦ રૂપિયા દંડની સજા ફટકારી હતી. હાઈ કોર્ટે તેમને જામીન આપ્યા છે.

# લાતુર-કલ્યાણ માત્ર પાંચ કલાકમાં પહોંચી શકાશે

મુંબઈઃ મરાઠવાડાના વિકાસને અભૂતપૂર્વ ગતિ આપનાર એક ખૂબ જ મહત્ત્વાકાંક્ષી પ્રોજેક્ટની જાહેરાત તાજેતરમાં કરવામાં આવી. મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે લાતુર-કલ્યાણ 'જનકલ્યાણ' એક્સપ્રેસવેની જાહેરાત કરી હતી. મુખ્ય પ્રધાનના આ નિર્ણયથી, લાતુરથી મુંબઈ સુધીની લાંબી મુસાફરી હવે માત્ર પાંચ કલાકમાં પૂર્ણ થશે. આ એક્સપ્રેસવે મરાઠવાડાના આર્થિક વિકાસને મોટો વેગ આપશે.આ પ્રોજેક્ટ અંતર્ગત બરોડા એક્સપ્રેસ-વે પર બોરઘાટથી લાતુર-અહિરાલા-માલશેજ ઘાટ થઈને પનવેલ-જેએનપીટી સુધી સીધો જોડાણ બનાવવામાં આવશે. લાતુર-કલ્યાણ 'જનકલ્યાણ' એક્સપ્રેસ-વે ૪૪૨ કિમી લાંબો હશે. આ ભવ્ય પ્રોજેક્ટનો ખર્ચ આશરે રૂ. ૩૫,૦૦૦ કરોડ થવાનો અંદાજ છે. આ પ્રોજેક્ટ મહારાષ્ટ્ર રાજ્ય માર્ગ વિકાસ નિગમ દ્વારા અમલમાં મૂકવામાં આવશે. આ હાઇવેનો વિગતવાર પ્રોજેક્ટ રિપોર્ટ તૈયાર કરવાનું કામ ટૂંક સમયમાં શરૂ થશે.

આ એક્સપ્રેસ-વે પૂર્ણ થયા પછી, લાતુર, અહમદનગર, પુણે, નાંદેડ શહેરો સહિત મુંબઈ મેટ્રોપોલિટન વિસ્તારમાં વાહનવ્યવહાર વધુ સુવિધાજનક બનશે.

પાંચમા પાનાનું ચાલુ

## સોમથી શુક્ર

જે ભાગ વાળવામાં આવશે તે ભાગનું ક્રોસ કનેકશનનું કામ કરવામાં આવવાનું છે. સોમવારથી શુક્રવાર સુધીના પાંચ દિવસમાં આ વિસ્તારોમાં પાણીપુરવઠાને અસર થશે

જી-ઉત્તર વોર્ડમાં ધારાવી, એ.કે.જી નગર, જસ્મિન મિલ રોડ, માટુંગા લેબર કોલોની, સંત રોહિદાસ રોડ, ૬૦ ફૂટ રોડ, સંત કક્કૈયા રોડ, એમ.પી. નગર, ઢોરવાડા, એમ.જી.રોડ વિસ્તારમાં હાલ સવારના ચારથી બપોરના ૧૨ વાગ્યા સુધી પાણીપુરવઠો કરવામાં આવે છે પણ સોમવારથી પાંચ દિવસ દરરોજ સવારના નવથી સાંજના પાંચ વાગ્યા સુધી ઓછા દબાણ સાથે પાણીપુરવઠો થશે. ધારાવી મેઈન રોડ, ગણેશમંદિર રોડ, દિલીપ કદમ રોડ, માહિમ ફાટક, એ.કે.જી. નગરમાં રોજ સાંજના ચારથી રાતના નવ વાગ્યા સુધી પાણીપુરવઠો થાય છે પણ સોમવારથી પાંચ દિવસ સાંજના પાંચથી રાતના ૧૦ વાગ્યા સુધી ઓછા દબાણ સાથે પાણીપુરવઠો થશે.

કે-પૂર્વ વોર્ડમાં અંધેરી પૂર્વના કબીર નગર, બામણવાડા, પારસીવાડા, એરપોર્ટ એરિયા, તરુણ ભારણ કોલોની, ઈસ્લામપુરા, પી એન્ડ ટી કોલોનીમાં હાલ બપોપના બેથી સાંજના ૫.૩૦ વાગ્યા સુધી પાણીપુરવઠો થાય છે પણ સોમવારથી પાંચ દિવસ બપોરના બે વાગ્યાથી સાંજના ૫.૩૦ વાગ્યા સુધી પાણ પાણીપુરવઠો થશે. કોલડોંગરી, જૂની પોલીસ ગલી, વિજય નગર (સહાર રોડ), મોગર પાડામાં હાલ સાંજના પાંચ વાગ્યાથી રાતના ૧૦ વાગ્યા સુધી પાણીપુરવઠો થાય છે. સોમવારથી પાંચ દિવસ સાંજના પાંચથી રાતના ૧૦ વાગ્યા સુધી ઓછા દબાણ સાથે પાણીપુરવઠો થશે.

એચ-પૂર્વ વોર્ડના બીકેસી, મોતીલાલ નગર, પ્રભાત કોલોની, અગ્રીપાડા, કલીના, સીએસટી રોડ, હંસભુગ્રા રોડ, યુનિવર્સટી, સીએસટી રોડ, યશવંત નગર, સુંદર નગર, કોલિવરી ગાંવ, તીન બંગલા, શઆંતિલાલ કમ્પાઉન્ડ, પટેલ કમ્પાઉન્ડ, ગોલીબાર રોડ, ખાર સબ-વે, ખેરવાડી, નવપાડા, બેહરામ નગર, બાન્દ્રા પૂર્વમાં આવેલી ગર્વમેન્ટ કોલોની વિસ્તારમાં સોમવારથી પાંચ દિવસ મધરાતના ૩.૩૦ વાગ્યાથી સવારના નવ વાગ્યા સુધી ઓછા દબાણ સાથે પાણીપુરવઠો થશે.

## દિયરની નજર સામે

મહિલા સાયનના પ્રતીક્ષા નગરમાં પતિ, દીકરી અને પતિની ફોઈના ૩૦ વર્ષના પુત્ર સાથે રહેતી હતી. પિતા-પુત્રી સવારે કામે ગયા પછી ઘરમાં દિયર સાથે મહિલા એકલી હતી. સાંજે પુત્રી ઘરે પાછી ફરી ત્યારે ઘરનો દરવાજો અંદરથી લૉક હતો. ફરિયાદ અનુસાર યુવતીએ વારંવાર દરવાજો ખટખટાવ્યો હતો અને બૂમો પાડવા છતાં ઘરમાંથી કોઈ પ્રત્યુત્તર મળ્યો નહોતો. ખાસ્સી વાર બૂમો પાડ્યા પછી ઘરમાંથી આરોપીએ જવાબ આપ્યો હતો. 'દરવાજો અંદરથી ખૂલતો નથી, જામ થઈ ગયો છે, બહારથી ધક્કો મારો' એવું આરોપીએ કહ્યું હતું.

જોરથી ધક્કા મારવા છતાં દરવાજો ન ખૂલતાં યુવતીને શંકા ગઈ હતી. તેણે પડોશમાં રહેતી મહિલાને બોલાવી હતી. બન્ને જણે દરવાજો ખટખટાવ્યો અને બૂમો પાડી. ઘણો સમય વીતી ગયા પછી આખરે આરોપીએ દરવાજો ખોલ્યો હતો. પોલીસના જણાવ્યા મુજબ દરવાજો ખૂલ્યો તો અંદરનું દૃશ્ય જોઈ યુવતીને આંચકો લાગ્યો હતો. તેની માતાએ સીલિંગ ફૅન સાથે ઓઢણી બાંધી ગળાફાંસો ખાધો હતો અને તે નિર્વસ્ત્ર અવસ્થામાં હતી. ઘરમાં માતા સાથે કાકા જ હતા અને તેની નજર સામે આવું બન્યું હતું. બીજે દિવસે યુવતીએ માતાનો મોબાઈલ ફોન ચેક કર્યો હતો. વ્હૉટ્સઍપ ચૅટ પર કાકા અને માતા વચ્ચેના મેસેજીસ વાંચી તેને આઘાત લાગ્યો હતો. બન્ને વચ્ચે આડા સંબંધનો ખુલાસો આ ચૅટ્સ પરથી થયો હતો. કહેવાય છે કે છથી સાત વર્ષથી મહિલાના દિયર સાથે અનૈતિક સંબંધ હતા. એપ્રિલમાં દિયરનાં લગ્ન નક્કી થયાં હતાં, જેનો મહિલાએ વિરોધ કર્યો હતો. મહિલા તેના દિયર સાથે લગ્ન કરવા માગતી હતી. પોલીસનું માનવું છે કે ભાવનામાં વહીને મહિલાએ આપઘાત કર્યો હશે અને આરોપીએ છુટકારો મળતો હોવાનું માની તેને રોકી નહીં હોય. જોકે ઘટના સમયે યુવતી પહોંચી ગઈ એટલે આરોપીને ત્યાંથી પસાર થઈ જવાનો મોકો નહીં મળ્યો હોય.

## તમામ ૨૨૭ બેઠક

અને નેતાઓ નાયબ મુખ્ય પ્રધાન એકનાથ શિંદે પર દબાણ કરી રહ્યા છે. લોકસભા અને વિધાનસભા ચૂંટણીમાં મહાયુતિમાં બેઠક ફાળવણી અંગે મોટા પ્રમાણમાં તડજોડ કરી પણ બીએમસીની ચૂંટણીમાં હકની અને અપેક્ષિત બેઠકો પર કોઈ સમાધાન નથી કરવું એવું મક્કમ વલણ શિવસેનાના નેતાઓએ અપનાવ્યું છે. નેતાઓએ શિંદે સમક્ષ સ્પષ્ટ માગણી કરી છે કે 'મહાનગરપાલિકા પક્ષની સંગઠનાત્મક શક્તિની ખરી પરીક્ષા હોવાથી આ ચૂંટણીમાં શિવસેનાનું સન્માન જાળવી જ રાખવું જોઈએ.' એકનાથ શિંદેએ પક્ષના નેતાઓ અને પદાધિકારીઓને 'વિશ્વાસ અને ધીરજ રાખવા સલાહ આપી છે. તેમણે કહ્યું કે, કેન્દ્રમાં એનડીએની સરકાર છે અને રાજ્યમાં મહાયુતિની સરકાર છે. એટલે બીએમસી ચૂંટણીની બેઠકોની વહેંચણીનો મુદ્દો મારા અને દેવેન્દ્રજી વચ્ચે ચર્ચા દ્વારા ઉકેલવામાં આવશે.'

## ભાયંદરના રેસિડેન્શિયલ

જ્યાં તેમની સારવાર ચાલી રહી છે અને તેઓ સ્થિર છે.

દરમિયાન બનાવની જાણ થયા બાદ નવઘર પોલીસ સ્ટેશનનો સ્ટાફ તથા ભાયંદર ફાયરબ્રિગેડના જવાનો તાત્કાલિક ઘટનાસ્થળે દોડી આવ્યા હતા. બીજી તરફ થાણે વનવિભાગની તેમ જ સંજય ગાંધી નેશનલ પાર્ક (એસએનજીપી)ની ટીમોને પણ ઘટનાસ્થળે બોલાવવામાં આવી હતી. રેસ્ક્યુ ટીમોએ એ જ ઇમારતના પહેલા માળના એક ફ્લેટમાં દીપડાને દોર્યો હતો અને બાદમાં તેને ફ્લેટની અંદર બંધ કરી દેવાયો હતો, એમ અધિકારીએ જણાવ્યું હતું. સુરક્ષાની દૃષ્ટિએ આખી ઇમારત અને આસપાસના વિસ્તારના રહેવાસીઓને ઘરની અંદર જ રહેવા અને બહાર ન નીકળવા માટે સૂચના આપવામાં આવી હતી. વનવિભાગ અને એસએનજીપીની ટીમોએ ટ્રાન્કિવલાઇઝર શૉટ સાથે દીપડા પર નિશાન સાધ્યું હતું અને બાદમાં દીપડાને સફળતાથી કબજામાં લેવામાં આવ્યો હતો. દીપડાને બાદમાં બોરીવલી વિસ્તારમાં સંજય ગાંધી નેશનલ પાર્કના લેપર્ડ રેસ્ક્યુ સેન્ટરમાં લઇ જવાયો હતો, જ્યાં તેનું તબીબી પરીક્ષણ કરવામાં આવ્યું હતું અને તેના પુનર્વસનની પ્રક્રિયા શરૂ કરવામાં આવી હતી, એમ અધિકારીએ કહ્યું હતું. રેસ્ક્યુ ઑપરેશન દરમિયાન અમારી ટીમોએ જમીન પર સ્થિતિનું બારીકાઇથી ધ્યાન રાખ્યું હતું અને જો આવશ્યક હોય તો રેસ્ક્યુ સપોર્ટ પણ તૈયાર રખાયો હતો, એમ વાઇલ્ડલાઇફના માનદ વોર્ડન તથા રેસ્ક્વિંક એસોસિયેશન ફોર વાઇલ્ડલાઇફ વેલ્ફેર)ના પનવ શર્માએ કહ્યું હતું. (પીટીઆઇ)

## મુંબઈમાં ૧૧,૦૧,૫૦૫

દિવસોમાં ૫૩,૮૦૦ ઘરની મુલાકાત લઈને આ ડુપ્લિકેટ નોંધણીઓની ચકાસણી કરી છે. આમાંથી એક જ વોર્ડમાં આશરે ૮૯,૦૦૦ મતદારો ડુપ્લિકેટ હોવાનું જાણવા મળ્યું છે. જયારે વિવિધ વોર્ડમાં લગભગ ૭૯,૦૦૦ ડુપ્લિકેટ મતદાર નોંધાયેલા છે. પાલિકાના ઉચ્ચ અધિકારીના જણાવ્યા મુજબ કુલ ડુપ્લિકેટ મતદારોમાંથી લગભગ ૫૭ ટકાની ચકાસણી પહેલાથી જ પૂર્ણ થઈ ગઈ છે. બાકીની ચકાસણી આગામી થોડા દિવસોમાં પૂણ થવાની અપેક્ષા છે. ત્યારબાદ અંતિમ જાહેર થશે.

વોર્ડ પ્રમાણે ડેટા દર્શાવે છે કે એલ વોર્ડ કુર્લામાં ડુપ્લિકેટ મતદારોની સૌથી વધુ સંખ્યા ૧૬,૫૩૨ નોંધાઈ છે ત્યારબાદ કે-વેસ્ટ અંધેરી-પશ્ચિમમાં ૧૨,૦૧૦ અને આર-દક્ષિણ કાંદિવલીમાં ૧૧,૬૧૮ ડુપ્લિકેટ એન્ટ્રી છે.

આ દરમ્યાન લોકસભા અને વિધાનસભા ચૂંટણીથી વિપરિત આ વખતે સિનિયર સિટીઝન અને દિવ્યાંગ નાગરિકો પાલિકાની ચૂંટણીમાં ઘરેથી મતદાન કરી શકશે નહીં. રાજ્યના ચૂંટણી પંચના નિયમ અનુસાર આ ચૂંટણીમાં પોસ્ટલ અથવા ઘરેથી પણ મતદાન કરવાની જોગવાઈ નથી. તેથી તમામ મતદારો તેમના મતદાન અધિકારનો ઉપયોગ કરવા માટે તેમના મતદાન મથકોની મુલાકાત લેવી પડશે.

## માણિકરાવ કોકાટેના

રીતે નબળા વર્ગ (ઇડબ્લ્યુએસ) માટે સરકારી યોજનામાં ફ્લેટ મેળવ્યો હોવાનો આરોપ એનસીપી નેતા પર મૂકવામાં આવ્યો હતો. અદાલતે સ્પષ્ટતા કરી હતી કે 'સસ્પેન્ડ સજાને કારણે ફોજદારી ગુના માટે દોષિત વ્યક્તિને (કેબિનેટનું પદ સંભાળવાની) મંજૂરી આપવી એ જાહેર સેવા માટે ગંભીર બાબત છે અને પૂર્વગ્રહ પેદા થશે. ન્યાયમૂર્તિ આર એન લઢ્ઢાએ પોતાના આદેશમાં નોંધ્યું હતું કે મેજિસ્ટ્રેટ કોર્ટ સમક્ષ સુનાવણી દરમિયાન અને સેશન્સ કોર્ટ સમક્ષ અપીલ પેન્ડિંગ દરમિયાન કોકાટે જામીન પર હતા. હાઈ કોર્ટે કહ્યું કે જેલની સજા માત્ર બે વર્ષની હોવાથી તે જામીન પાત્ર છે. 'સજા સ્થગિત કરવાની અરજીને મંજૂરી આપવામાં આવી છે. અરજદારે જામીન તરીકે એક લાખ રૂપિયાની રકમ જમા કરાવવી પડશે' એમ હાઈ કોર્ટે સેશન્સ કોર્ટના આદેશ વિરુદ્ધ કોકાટેની પુનરાવર્તન અરજીની સુનાવણી વખતે જણાવ્યું હતું.

## નાગપુરના ઔદ્યોગિક

મહેનત બાદ બધા ઘાયલોને બહાર કાઢવામાં આવ્યા અને નજીકની હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. ડોક્ટરોએ ત્રણને મૃત જાહેર કર્યા, જ્યારે અન્ય ત્રણનું સારવાર દરમિયાન મૃત્યુ થયું હતું. અવાડા કંપની સૌર ઉર્જા પ્લેટનું ઉત્પાદન કરે છે. ઘટનાની જાણ થતા બાદ ફાયર બ્રિગેડની ગાડીઓ ઘટના સ્થળે પહોંચી ગઈ હતી. પોલીસે પરિસર ખાલી કરાવ્યો હતો. પોલીસે જણાવ્યું હતું કે અકસ્માતના કારણની તપાસ કરવામાં આવી રહી છે. પ્રારંભિક તપાસમાં શંકા વ્યક્ત કરવામાં આવી છે કે ટાંકીનું માળખું નબળું હતું અથવા બાંધકામમાં બેદરકારીને કારણે અકસ્માત થયો હશે. જોકે, તપાસ પછી જ આ વાતની પુષ્ટિ થઈ શકશે. આ અકસ્માતે આવા સ્થળે કામદારોની સલામતી અંગે પ્રશ્નો ઊભા કર્યા છે. વહીવટીતંત્રે ફેક્ટરી મેનેજમેન્ટ પાસેથી ઘટના અંગે સંપૂર્ણ માહિતી માંગી છે અને તપાસના આદેશ આપ્યા છે. અકસ્માત બાદ ફેક્ટરી પરિસરમાં કામકાજ અસ્થાયી રૂપે બંધ કરી દેવામાં આવ્યું છે.

## ઘાટકોપર ઈસ્ટ

છે. અમે સુધરાઈ અને પોલિસ અધિકારીને જણાવ્યું છે કે જો તમે તમારી ફરજ પુરી નહિ કરો તો અમે લોક પ્રતિનિધિની ફરજ નિભાવતા રસ્તા ઉપર ઉતરીશુ અને અમારી સાથે સ્થાનિક રહેવાશીઓ પણ રસ્તા ઉપર ઉતરશે એટલુંજ નથી અમે એમને ત્યાં સુધી કહ્યું છે કે જો આમને આમ ચાલતું રહેશે અને અધિકારીઓ કાર્યવાહી નહિ કરે તેમના ફોટા રસ્તા ઉપર લગાડીને લોકોને જણાવીશું કે આમની છત્રછાયામાં આ બધા ફળી ફૂલી રહ્યા છે. પરાગ શાહ સાથે આ બાબતે વાત કરવા વિક્રોલી ટ્રાફિક વિભાગ માંથી સિનિયર પીઆઇ અશોક લાન્ડગે, ચેમ્બુર ટ્રાફિક વિભાગથી સિનિયર પીઆઇ સપકલ અને પંતનગર પોલીસ સ્ટેશનથી સિનિયર પીઆઇ લતા સુથાર હાજર રહ્યા હતા જયારે સુધરાઈના અધિકારીઓ આચારસંહિતાને કારણે હાજરી આપી શક્યા નહોતા. અગાઉ આ મહિનાની પાંચ તારીખે વલ્લભબાગ લેનના રહેવાસીઓ રસ્તા ઉપર ઊતર્યા હતા અને આ સમસ્યાનું સમાધાન નહિ મળે તો આંદોલન કરવાની ચીમકી આપી હતી

## થાણેમાં લગ્ન પ્રસંગમાં

હૉલમાં રહેલા તમામ મહેમાનો સહિત વર-વધુને ઉતાવળે સુરક્ષાની દૃષ્ટિએ બહાર કાઢવામાં આવ્યા હતા. ફાયરબ્રિગેડ ઘટના સ્થળે પહોંચે તે પહેલા હોલમાં રહેલા સાધનોની મદદથી આગ બુઝાવવાના પ્રયાસ કરવામાં આવ્યા હતા પણ આગે મોટું સ્વરૂપ ધારણ કરતા તે શક્ય નહોતું બન્યું.

આ દરમ્યાન ઘટના સ્થળે ફાયરબ્રિગેડના બે ફાયર એન્જિન સહિત એક રેસ્ક્યુ વેહિકલ પહોંચી ગયા હતા અને આગ બુઝાવવાની કામગીરી હાથ ધરી હતી.

ફાયરબ્રિગેડના અધિકારીના જણાવ્યા મુજબ આગની જાણ થતા સમયસર હોલમાં રહેલા નાગરિકો બહાર નીકળી ગયા હતા તેને કારણે મોટી દુર્ઘટના ટળી હતી. લગભગ એક કલાકની જહેમત બાદ ૧૨.૧૦ વાગે આગ પર નિયંત્રણ મેળવવામાં સફળતા મળી હતી. આગનું ચોક્કસ કારણ જાણી શકાયું નહોતું.

## થાણેમાં હજી

નુકસાન પહોંચાડયું હતું. પહેલી વખત છ ડિસેમ્બરે પાઈપલાઈનને નુકસાન પહોંચાડયું હતું તેથી તે વખતે એક અઠવાડિયા માટે ૩૦ ટકાનો પાણીકાપ રાખ્યો હતો પણ ત્યારબાદ ઉપરાઉપરી બે વખત પાઈપલાઈનને નુકસાન પહોંચડતા ૫૦ ટકા પાણીકાપ છેક ૧૯ ડિસેમ્બર સુધી લંબાઈ ગયો હતો.

છેલ્લા ત્રણ અઠવાડિયા દરમ્યાન થાણેના ઘોડબંદર રોડ પરની પોશ હાઉસિંગ સોસાયટીથી લઈને કલવા-મુબ્રાની ઝૂંપડપટ્ટીના નાગરિકોને ખાનગી ટેન્કર સપ્લાયરો પાસેથી પાણી ખરીદવાની નોબત આવી હતી. પાણી માટે થાણેના નાગરિકોને વલખા મારવા પડી રહ્યા છે.

જોકે હવે પાઈપલાઈનનું સમારકામ બુધવારના મોડી રાતે થઈ ગયું હોવાથી થાણેવાસીઓનો પાણીપુરવઠો પૂર્વવત્ થશે એવું આશ્વાસન થાણેના મહાનગરપાલિકાના એક્ઝિક્યુટીવ એન્જિનિયર દ્વારા આપવામાં આવ્યું હતું. તેમણે જણાવ્યું હતું કે સમારકામ બુધવારે મોડી રાતે થઈ ગયું હતું પણ પાણી પુરવઠો નોર્મલ થવામાં થોડો સમય લાગશે. જોકે ગુરુવાર બાદ શુક્રવારે પણ થાણેના અનેક વિસ્તારમાં પાણીના ધાંધિયા રહ્યા હતા.

થાણે મહાનગરપાલિકાના પાણીવિભાગના એક્ઝિક્યુટીવ એન્જિનિયરે જણાવ્યું હતું કે થાણે શહેરને દરરોજ ૫૯૦ મિલ્યિન લિટર પાણી પુરવઠો થાય છે. તેની સામે પ્રતિદિન પાણીની માગ ૬૨૧ મિલ્યન લિટરની છે. ૩૧ મિલ્યન લિટર પાણી ઓછું મળે છે. થાણેને ચાર સ્રોતમાંથી પાણી મેળવે છે જે તમામ થાણે જિલ્લાના શાહપુરમાં આવેલા છે. તમામ સ્રોત ભાતસા ડેમમાંથી પાણી ખેંચે છે. શહેરની પાણીની માગ સતત વધી રહી

છે તેની સામે પાણીની અછત વધી રહી છે. થાણે પાલિકા દ્વારા રાજ્ય સરકારને શાહપુરના કાલુ અને શાહી ડેમમાંથી પાણી ફાળવવા માટે વિનંતી કરવામાં આવી છે પણ માગણી પૂરી કરવામાં આવી નથી.

## જૈન મરણ

**ઝાલાવાડ દશા શ્રીમાળી સ્થાનકવાસી જૈન**

વઢવાણ નિવાસી સ્વ. નરેશભાઇ ચંદુલાલ મણિયારના પત્ની ઉર્મિલાબેન (ઉં. વ. ૮૨) તા. ૧૭-૧૨-૨૫ બુધવારના અરિહંતશરણ પામેલ છે. તે સ્વ. શાંતાબેન ચંદુલાલ મણિયારના પુત્રવધૂ. ઉમંગ, રાખીના માતા, સેજલના સાસુ. રાજકોટ નિવાસી ઉષાબેન લલિતભાઇ દામાણીના દીકરી. ક્રિશા અને સાચીના દાદી. ડો. દિનેશ, ડો. રંજન, પ્રમોદ-રૂપા, ભરત-અમી, ડો. મયુર-સ્મિતા, મનોજ-જાગૃતિના ભાભી. પ્રાર્થનાસભા તા. ૨૧-૧૨-૨૫ના રવિવાર ૧૦.૩૦થી ૧૨. ઠે. શ્રી એમ.એમ. પ્યુપીલ્સ સ્કૂલ, એસ. વી. રોડ. ખાર (વેસ્ટ), લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**જામનગર હાલાર વિસા શ્રીમાળી જૈન**

જામનગર નિવાસી હાલ સાંતાક્રુઝ અ. સૌ. સુશીલાબેન (ઉં. વ. ૮૪) તે પ્રવીણચંદ્ર મોહનલાલ દોશીના પત્ની. સોનલ હેમંતભાઇ શાહ તથા રુપલ પરાગભાઇ શાહના મમ્મી. મહેન્દ્રભાઇ, પ્રાણલાલભાઇ, જયાબેન, ચંદનબેન, રંજનબેનના ભાભી. અનુપચંદ વિઠ્ઠલજી સંઘવી તથા મુકતાબેન કાંતિલાલ વખારીયાના બેન. તા. ૧૬-૧૨-૨૫ના અરિહંતશરણ પામેલ છે. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**ઘોઘારી વિશા શ્રીમાળી જૈન**

મહુવા નિવાસી હાલ મુલુંડ સ્વ. જવાહરલાલ વનમાળીદાસ પટ્ટણીના ધર્મપત્ની હર્ષાબેન (ઉં. વ. ૮૪) તા. ૧૯-૧૨-૨૫ના શુક્રવારે અરિહંતશરણ પામેલ છે. તે ભાવેશ અને હિનાના માતુશ્રી. અંકિતા અને મનિષકુમાર ગાંધીના સાસુ. કેવિન તથા રોમીલના દાદી. જીલના નાની. તે સ્વ. વિનયચંદભાઇ, સ્વ. રજનીકાંતભાઇ, સ્વ. ગુણવંતીબેન, સ્વ. ચંદ્રાબેન અને પદમાબેનના ભાભી. પિયર પક્ષે ટાણા નિવાસી હાલ કલકત્તા સ્વ. ઉમેદચંદ કુંવરજી શાહની દીકરી. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**વાગડ વિ.ઓ.જૈન**

ગામ લાકડીયા હાલે નાલાસોપારાના સ્વ. પરમાબેન ગુણશી દેવા ગાલાના પુત્રવધુ, સ્વ. નાનજી ગુણશીના ધર્મપત્ની શાંતિબેન (ઉં.વ.૬૫) બુધવાર ૧૭.૧૨.૨૫ના મુંબઈ મધ્યે અવસાન પામલે છે. જીગર,અમિતા, મનિષા, વનીતાના માતુશ્રી. કિરણ,પરેશ નંદુ, જતીન ગડા, અશ્વીન નિસરના સાસુ. કેવલ, રિધ્ધી, નેમી, અર્પિ, વિવાન, નેમી. રૂદ્રના નાની. સ્વ.ભમીબેન/મોંઘીબેન ભચુ સુરા છેડાની દિકરી. પ્રાર્થનાસભા શનિવાર તા. ૨૦.૧૨.૨૫ સમય ૨. થી ૩. સ્થળ. શ્રી વર્ધમાન સ્થાનકવાસી જૈન સંઘ સંચાલિત શ્રી કરશન લધુભાઈ નિસર હોલ દાદર. ઠે. ડી/૨૪૩, પાનબાઈ નગર નાલા સોપારા-વેસ્ટ.

**ઘોઘારી વિસાશ્રીમાળી જૈન**

બગસરા નિવાસી, હાલ ડોમ્બિવલી, અશોકભાઈના ધર્મપત્ની પુષ્પલતા અશોક દ્રેશી (ઉં.વ.૭૭) તે શાંતાબેન શાંતિલાલ દ્રેશીના પુત્રવધૂ. પિયરપક્ષે માંગરોળ નિવાસી શાંતિલાલ હરિદાસ ગોસાલિયાના સુપુત્રી. સ્વ. જ્યોત્સનાબેન, ચંદ્રિકાબેન, સ્વ. લતાબેન અને સ્વ. રાજેશભાઈના ભાભી. રીટાબેનના જેઠાણી. દર્શનના ભાભુ. તા.૧૭ -૧૨-૨૫ બુધવારના અરિહંતશરણ પામેલ છે. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**ઝાલાવાડી શ્વે. મૂ. પૂ. જૈન**

વઢવાણ નિવાસી હાલ બોરીવલી, સ્વ. તારાબેન અનોપચંદ મનસુખલાલ કોઠારીના સુપુત્ર સ્વ. કિર્તીભાઈના ધર્મપત્ની હેમલતાબેન (ઉં.વ.૭૫) ૧૭/૧૨/૨૫ને બુધવારે અરિહંતશરણ પામેલ છે. તે કેયુર, ધરતી તથા ભાવિકા ક્ષિતિજકુમારના માતુશ્રી. સૂર્યાબેન વિનોદભાઈ, છાયાબેન, અશોકભાઈ, દિલીપ, હર્ષા પંકજકુમાર, દક્ષા જીતેન્દ્ર કુમારના ભાભી. વઢવાણ નિવાસી વિજયાબેન માણેકલાલ મણીલાલ શાહના દીકરી. સરોજબેન મહેન્દ્રભાઈ, સુધાબેન હર્ષદભાઈ, રાજુલબેન નરેન્દ્રભાઈ, ભાવનાબેન વિક્રમભાઈના બેન. માતૃવંદના ૨૧/૧૨/૨૫ના રવિવાર ૧૦ થી ૧૨. લોટસ બેન્કવેટ હોલ, ૪ થે માળે, રઘુલીલા મોલ પોઈસર ડેપો પાસે, કાંદીવલી વેસ્ટ. લૌકિક વ્યવહાર બંધ છે.

**વિશાનીમા જૈન**

ગોધરા, હાલ મીરારોડ, અક્ષયભાઈ બચુભાઈ શાહ (ઉં.વ.૬૯) તે શિલાબેનના પતિ, ચિ. શ્વેતના પપ્પા, અ.સૌ. મનાલીબેનના સસરા, અ.સૌ. પંક્તિ જતીન કોઠારીના પપ્પા, અ.સૌ. સ્તુતિ પૌષધ શાહના પપ્પા. ૧૮/૧૨/૨૦૨૫ ગુરૂવારે અરિહંતશરણ પામેલ છે. પ્રાર્થનાસભા અને લૌકિક વ્યવહાર બંધ છે.

**ઘોઘારી વિશા શ્રીમાળી જૈન**

ટાણા નિવાસી હાલ કાંદિવલી, સ્વ. માતૃશ્રી શાંતાબેન ચિમનલાલ ઉમેદચંદ શાહના સુપુત્ર હિતેશભાઈના ધર્મપત્ની નયનાબેન (ઉં.વ.૫૮) ગુરવાર ૧૮/૧૨/૨૫ના સ્વર્ગવાસી થયેલ છે. વિધી હાર્દિક તથા સ્વ. ભૂમીના માતુશ્રી. ભાવનાબેન ભરતભાઈ, કૈલાશબેન ધનેશભાઈ, જુલીબેન નિમેષભાઈ, જ્યોતીબેન, રેખાબેન, સુધાબેન, રક્ષાબેન, હિનાબેન, જાગૃતીબેન હસમુખભાઈ, શિલ્પાબેન રાજુભાઈના ભાભી. હર્ષ, પાર્થ, રીધમ, સલોની, મૈત્રી અને રુચિતા રોનકના મોટી મમ્મી. પિયરપક્ષે દલીચંદ રામચંદ શેઠ પીઠવડીવાળાની દીકરી. પ્રાર્થનાસભા તા.૨૧/૧૨/૨૦૨૫ના રવિવાર ૧૦ થી ૧૨. શ્રી વર્ધમાન સ્થાનકવાસી જૈન શ્રાવક સંઘ, ૪ થે માળ પારેખ લેન કોર્નર, એસ.વી. રોડ, કાંદિવલી વેસ્ટ. (ઓર્ગન ડોનેશન કરેલ છે.)

**કચ્છી વિશા ઓશવાળ જૈન**

નાના આસંબીયાના શોભા ચંદ્રકાંત હરશી છેડા (ઉં.વ. ૭૧) ૧૮-૧૨-૨૫ના કચ્છમાં અવસાન પામેલ છે. રતનબેન હરશીના પુત્રવધૂ. ચંદ્રકાંતના પત્ની. ભીંસરાના સાકરબેન ચુનીલાલ નાગડાના સુપુત્રી. કસ્તુરી, છગન, રશ્મી, દિવ્યા, દેવેન્દ્ર, કપીલ, સુધીરના બેન. પ્રાર્થના રાખેલ નથી. ઠે. ચંદ્રકાંત હરશી છેડા, નાના આસંબીયા, કચ્છ.

રાયધણજરના પ્રવિણ દેવજી ગડા (ઉં.વ.૭૩) ૧૮-૧૨-૨૫ના અવસાન પામેલ છે. માતુશ્રી કંકુબાઇ, વિજયાબેન દેવજીના સુપુત્ર. જયાના પતિ. ડો. નીકીતાના પિતા. કલ્યાણજી, ભવાનજી, જયંતી, મગન, હિતેન્દ્ર, મધુરીના ભાઇ. ભોજાય વેજબાઇ ખેરાજ મણશીના જમાઇ. પ્રાર્થના રાખેલ નથી. ઠે. જયા પ્રવિણ ગડા, ૧લે માળે, રૂમ નં. ૫, આર્યદર્શન, જી.જી. રોડ, ડોંબીવલી (વેસ્ટ) ૪૨૧૨૦૨.

મોટા આસંબીયા (હાલે કોલ્હાપુર) પાર્લાના ગુણવંતીબેન શાંતીલાલ ગાલા (ઉં.વ.૮૧)૧૭-૧૨-૨૫ના અરિહંત શરણ પામ્યા છે. શાંતીલાલના ધર્મપત્ની. સોનબાઇ વીરજીના પુત્રવધૂ. પ્રભા, ખુશાલના માતુશ્રી. બિદડા માતુશ્રી જેતબાઇ ગાંગજી ગોસર કક્કાના સુપુત્રી. બિદડાના મહેન્દ્ર ગાંગજી, નવાવાસના કેતનબેન (ચંદ્રાબેન) કાંતીલાલ, કોડાયના દમયંતી ધીરજભાઇ ભુજપુરના પ્રવિણા દેવચંદના બેન. ગુણાનુવાદ રાખેલ નથી. એડ્રેસ : શશીકાંત દેવચંદ દેઢીયા, દેવતારા, ખરી કોર્નર, કોલ્હાપુર.

છસરાના યોગેશ હીરજી ગાલા (ઉં.વ.૬૩)૧૫-૧૨-૨૫ના અવસાન પામેલ છે. તેજબાઈ હીરજી ખીમજીના પુત્ર. હીનાના પતિ. ચિંતન, કૃપાના પિતા. કીરીટ, પ્રતિક્ષાના ભાઈ. નવાવાસના સુશીલાબેન રામજી દેવરાજ ગડાના જમાઈ. પ્રા. શ્રી ક.વિ.ઓ.દે.જૈ.મહાજન સંચાલિત શ્રી જીરાવલ્લા દેરાસર વાડી, દેરાસર લેન, ઘાટકોપર (ઇ)૩ થી ૪.૩૦.

ગોધરાના મિતેશ નવિન છેડા (ઉં.વ.૩૭) ૧૮-૧૨-૨૫ના અવસાન પામેલ છે. બુધીબાઇ ગાંગજી રતનશીના પૌત્ર. ઝવેરબેન નવિનના પુત્ર. અમિતાના ભાઇ. નાના આસંબીયાના સ્વ. કુંવરબાઇ મગનલાલ હંસરાજના દોહીત્ર. પ્રાર્થના રાખેલ નથી. નિવાસ સ્થાન : નવિનભાઇ ગાંગજી છેડા, ૧૫૦૧, ભારત વૈશાલી કો.ઓ. હાઉસીંગ સોસાયટી, બીલ્ડીંગ નં. ૮, ગણપતિ મંદિર પાસે, ૯૦ ફીટ રોડ, પંતનગર, ઘાટકોપર (ઇસ્ટ) મુંબઇ-૭૫.

નાની તુંબડી (હાલે છીંદવાડા)ના હરખચંદ લખમશી સાવલા (ઉં.વ.૭૨)૧૭-૧૨-૨૫ના અવસાન પામ્યા છે. ગં.સ્વ. જેઠીબેન લખમશી રાયશીના સુપુત્ર. સ્વ. મગનલાલ, સ્વ. આણંદજી, ચુનીલાલ, પ્રવિણના ભાઇ. પ્રાર્થના રાખેલ નથી. નિ. ચુનીલાલ સાવલા, શ્રી વાત્સલ કોલોની, છીંદવાડા-૪૮૦૦૦૧.

પત્રી (હાલે હૈદ્રાબાદ)ના માતુશ્રી લીલમબેન ધીરજલાલ કાપડીયા (ઉં.વ.૮૪) ૫-૧૨-૨૫ના અવસાન પામ્યા છે. માતુશ્રી અમૃતબેન ટોકરશી લાલજી કાપડીયાના પુત્રવધૂ. ધીરજભાઇના ધર્મપત્ની. સુશીલ, સ્વ. વર્ષાના માતુશ્રી. જખૌના માતુશ્રી મણીબેન/લક્ષ્મીબેન કેશવજી દેવજી જવેરીના સુપુત્રી. મનુભાઈ, દિનેશભાઈ, આદીપુરના નીલમબેન નવિન શાહના બહેન. ચક્ષુદાન કરેલ છે. પ્રાર્થના રાખેલ નથી. નિ. કલ્પના સુશીલ કાપડીયા, કાપડીયા નિવાસ, ૬-૩-૬૬૦, કાપડીયા લેન, સોમાજી ગુડા, હૈદ્રાબાદ ૫૦૦૦૮૨.

વાંઢના રમેશ વિશનજી બોરીચા (ઉં.વ.૬૮) કલકત્તા મધે અવસાન પામેલ છે. ભાનુબેન વિશનજીના સુપુત્ર. સ્વ. કાશ્મીરાના પતિ. શ્વેતા, સ્નેહાના પિતા. પ્રભા, જયંતના ભાઈ. ગામ બિદડા રંજનબેન તલકશી વોરાના જમાઈ. પ્રાર્થના રાખેલ નથી. એડ્રેસ : રમેશ બોરીચા ગણપતિ એપાર્ટમેન્ટ, હાવડા- ૭૧૧૦૬.

## પારસી મરણ

ડોલી દારા હીલ્લુ તે મરહુમ દારા દીનશાહજી હીલ્લુના વિધવા. તે મરહુમો રોદાબે તથા માનેકજી આમરીયાના દીકરી. તે પરસી દારા હીલ્લુના મમ્મી. તે નરગીશ અસ્પી ભરૂચા, રોશન એમ અમારીયા તથા મરહુમ ફિરોઝ એમ. અમારીયાના બહેન. તે મરહુમો નરગીશ ડી. હીલ્લુ તથા દીનશાહજી હીલ્લુના વહુ. (ઉં. વ. ૮૪) રે. ઠે. ૭-એ.પ, તાતા બ્લોકેસ, સર રતન ટાટા રોડ, તારદેવ-મુંબઇ-૪૦૦૦૩૪. ઉઠમણાની ક્રિયા તા. ૨૦-૧૨-૨૫ને બપોરે ૩.૪૫ કલાકે મુંબઇ ડુંગરવાડી પર તાતા બંગલી નં-૧માં.

## હિન્દુ મરણ

શંભુલાલ ચંદ્રશંકર જોશી- બલભદ્ર તે સ્વ. જમનાબેન ચંદ્રશંકર જોશી (બચુમહારાજ) ગામ ગઢશીશા હાલે ભુજના પુત્ર. સ્વ.મનોરમા બેનના પતિ. દીપા મનીષકુમાર ગાવડીયા, ભિજેશ અને મેહુલ (વસઈ મુંબઈ)ના પિતા. મનીષ રમેશચંદ્ર ગાવડિયા (સુરત) ચાંદની અને અદિતિના સસરા તા.૧૭/૧૨/૨૦૨૫ના રોજ સ્વર્ગવાસ થયેલ છે. બેસણું: તા.૨૧/૧૨/૨૦૨૫, રવિવારના ૧લે માળે, સારસ્વત વાડી, ઝવેર રોડ, મુલુંડ (વેસ્ટ) સમય: ૪ થી ૬ વાગે રાખેલ છે.

**હાલાઇ લોહાણા**

સ્વ. માધવજી રામજી મજીઠીયાના સુપુત્ર તેમ જ ઉર્મિલાબેનના પતિ ખેરાજભાઇ (રાજુભાઇ) માધવજી મજીઠીયા (ઉં.વ. ૮૩) તે નરેશભાઇ તથા સ્વ. લીનાબેનના પિતાશ્રી. સ્વ. ભગવાનજીભાઇ, સ્વ. કાનજીભાઇના ભાઇ. અ. સૌ. આયુષી હિમાંશુ સાવંતના નાના. ચિ. મીથીલાના દાદા તા. ૧૮-૧૨-૨૫ના શ્રીજીચરણ પામેલ છે. પ્રાર્થનાસભા તા. ૨૨-૧૨-૨૫ સોમવારના લોહાણા મહાજન વાડી, બીજે માળે, એસ. વી. રોડ, શંકર ભગવાનના મંદિરની બાજુમાં, કાંદિવલી (વેસ્ટ), સવારના ૧૦થી ૧૨. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**હાલાઇ ભાટીયા**

દિલીપસિંહ ઉદેશી (ઉં. વ. ૮૭) તે સ્વ. ગોકળદાસ કલ્યાણજી તથા સ્વ. સૌ. મણિબાઇ ગોકળદાસના પુત્ર. દમયંતિબેનના પતિ. સૌ. હેમા (રીના)ભારતી, સૌ. પૂર્ણિમા, સૌ. દીપાના પિતા. તે સ્વ. વિજયસિંહ, સ્વ. સૌ. વીરમતિબેન, સ્વ. વિઠલદાસ, સ્વ. મુલરાજ તથા સ્વ. જયરાજના ભાઇ. તે દ્વારકાદાસ નારાયણજી દુતિયાના પૌત્રી જમાઇ તા. ૧૭-૧૨-૨૫ના શ્રીજીચરણ પામ્યા છે. પ્રાર્થનાસભા તા. ૨૨-૧૨-૨૫ના એફ.પી.એચ. ગરવારે સભાગૃહ, લાલા લજપતરાય કોલેજ માર્ગમાં સાંજે ૫થી ૬.૩૦ લૌકિક વ્યવહાર બંધ છે.

**દશા ઝારોળા વણિક**

મૂળ વતન જૂનાગઢ, હાલ મુંબઇ, કુજબાળા પ્રાણલાલ મોદી, ૧૭.૧૨.૨૫ બુધવાર શ્રીજીચરણ પામ્યા છે. તે સ્વ. મોતીબેન પ્રાણલાલ મોદી, સ્વ. જીતેન્દ્રભાઇ, સ્વ. જ્યોત્સનાબેન, ડૉ. સૂર્યબેનના મોટા બેન. લૌકિક વ્યવહાર બંધ છે.

**ઝાલાવાડી સઇ સુથાર જ્ઞાતિ**

સાયલા નિવાસી હાલ કાંદિવલી, દિનેશભાઇ ચીમનલાલ ચાવડા (ઉં.વ.૭૪) ૧૭/૧૨/૨૫ના રામચરણ પામ્યા છે. તે સ્વ. ચીમનલાલ તથા ગં.સ્વ. શારદાબેનના દીકરા, સ્વ. ચંદ્રિકા કૌશિકભાઇ મકવાણા, સ્વ. પ્રફુલ્લાબેન, સ્વ. કૈલાશ તથા રીટાના મોટાભાઇ, પ્રશાંત કૌશિકભાઇ મકવાણાના મામા, અદિતિ પ્રશાંત મકવાણાના મામાજી. તેમની સાદડી તથા લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**ઘોઘારી દશા શ્રીમાળી વૈષ્ણવ વણિક**

ભાવનગર નિવાસી હાલ પ્રાર્થનાસમાજ, સ્વ. સુભદ્રાબેન જેઠાલાલ મહેતાના સુપુત્રી કુ પ્રવિણાબેન (પારુબેન) (ઉં.વ.૮૧) તે સ્વ સરોજબેન કિરીટ કુમાર પાતાણી અને સ્વ લતાબેન રમેશભાઇ મોદીના નાનાબેન, ગીરીશભાઇ તથા નરેન્દ્રભાઇ જેઠાલાલ મહેતાના મોટાબેન, દક્ષાબેન ગિરીશભાઇ તથા જસ્મીનાબેન નરેન્દ્રભાઇના નણંદ, મોસાળપક્ષે જશવંતભાઇ છોટાલાલ મહેતાના ભાણેજ. તા. ૧૮/૧૨/૨૦૨૫ના શ્રીજીશરણ પામેલ છે. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**કપોળ**

શિહોરવાળા હાલ વિલે પારલા, સ્વ. ગુલાબબેન તથા અમૃતલાલ મગનલાલ સંઘવીના સુપુત્ર ચંદ્રકાંતભાઇ સંઘવી (ઉં.વ.૮૮) ૧૭/૧૨/૨૫ના શ્રીજીચરણ પામેલ છે. તે દ્રમિનીબેનના પતિ. રાજેશભાઇ તથા હર્ષાબેનના પિતાશ્રી. રૂપાબેન તથા રાકેશભાઇના સસરા. સ્વ. ભગવંતરાય, કિશોરભાઇના ભાઇ. મનમોહનદાસ મુળજીભાઇ કાનકિયાના જમાઇ. પ્રાર્થનાસભા ૨૦/૧૨/૨૫ના ૫ થી ૭. શ્રદ્ધા મહેશ્વર ભવન, પહેલે માળે, સંન્યાસ આશ્રમ રોડ, વિલેપાર્લે વેસ્ટ. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**ખંભાતી દશાપોરવાડ વણિક**

ખંભાત નિવાસી, હાલ બોરીવલી, અશોકભાઇ બંસીલાલ પરીખ (ઉં.વ.૮૧)૧૮/૧૨/૨૫ના શ્રીજીચરણ પામ્યા છે, તે સ્વ. લીલાવતીબેન બંસીલાલ પરીખના પુત્ર. સ્વ. બિંદુબેન પરીખના પતિ. સ્વ. મુલજીભાઈ ચુનીલાલ નાણાવટીના જમાઈ. જલ્પા, સ્વ. સેજલ તથા ભાવિકના પિતાશ્રી. ખુશ્બુ તથા નીરવભાઈ, જયેશભાઈના સસરા. પ્રાર્થનાસભા, રવિવાર તા. ૨૧/૧૨/૨૫ના સાંજે ૪ થી ૬. શ્રી વર્ધમાન સ્થાનકવાસી જૈન શ્રાવક સંઘ, એસવી રોડ, પારેખ ગલીના કોર્નર પર,૫ મા માળે, કાંદિવલી વેસ્ટ.

**દશા ઝારોળા વણિક**

નીરેન વિનોદચંદ ગાંધી (ઉં.વ.૭૩) દહિસર ૨૮/૧૧/૨૫ના રોજ શ્રીજીશરણ પામેલ છે. તે સ્વ. ભારતીબેન તથા સ્વ. વિનોદચંદ ગાંધીના પુત્ર, કિરણ તથા રાજેશના ભાઈ, સર્વ લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**દશા નિમા વણિક**

બાલાસિનોર નિવાસી હાલ બોરીવલી, સુરેશચંદ્ર કડકિયા (ઉં.વ.૭૮) તે સ્વ. રમતીબેન તથા સ્વ. રમણલાલ કડકિયા (સીતારામ)ના સુપુત્ર. સ્વ. અનુરાધા કડકિયાના પતિ. સાસરપક્ષે સ્વ. ચંદનબેન લાલચંદ શેઠ બાલાસિનોરવાળાના જમાઇ. નિકેતા રવિકુમાર શુક્લા અને કેતન-દર્શનાના પિતાશ્રી. સ્વ. પુષ્પાબેન, સ્વ. કુસુમબેન તથા અંજુ અને યોગેશના ભાઇ. ૧૭/ ૧૨/૨૫ના શ્રીજીચરણ પામ્યા છે. પ્રાર્થનાસભા તા. ૨૧/ ૧૨/૨૫ના ૪ થી ૬. પાવનધામ, મહાવીર નગર, કાંદીવલી વેસ્ટ. લૌકિક પ્રથા બંધ છે.

**કપોળ**

ધંધુકાવાળા હાલ દહીસર, સ્વ. જયાલક્ષ્મી ચંદુલાલ કોઠારીના સુપુત્ર હર્ષદભાઈ કોઠારી (ઉં.વ.૭૩) તે સ્વ. જયશ્રીબેનના પતિ. શાંતિભાઈ દિલીપભાઈ અને સ્વ. હંસાબેન પંકજભાઈ મહેતાના ભાઈ. સપના કશ્યમ મહેતા, નમ્રતા ભાવિન પરેખ, જીમીશા કૌશલ મોદીના પિતા. વાવેરાવાળા લક્ષ્મીદાસ જમનાદાસ દેશીના જમાઈ. ૧૮/૧૨/૨૫ના શ્રીજીશરણ પામેલ છે. પ્રાર્થનાસભા ૨૦/૧૨/૨૫ના ૪ થી ૬. સ્વામિનારાયણ મંદિર અજમેરા સ્કૂલની સામે યોગીનગર બોરીવલી વેસ્ટ.

| મરણ ખબર માટેની સૂચના | મૃત્યુનોંધ સાંજે ૭-૩૦ સુધી જ સ્વીકારવામાં આવશે | (૧) મરનારનું નામ (૨) તારીખ (૩) ઉંમર (૪) કયાં ગુજરી ગયા છે એ જગ્યા (૫) માતાનું નામ (૬) પિતાનું નામ (૭) ગમે તે ત્રણ સગાઈ (૮) પ્રાર્થનાસભા સ્થળ, તારીખ, સમય. મૃત્યુનોંધ આપનારે ઉપર જણાવ્યા મુજબની વિગતો જ પોતાના લેટરહેડ પર લખીને આપવાની રહેશે. સગાઈરૂપે લખાયેલાં વધારાના નામોની કાપકૂપ થાય તો એ માટે કોઈ સંવાદને સ્થાન રહેશે નહીં. (૫૦ શબ્દથી વધારે નહીં). - વ્યવસ્થાપક |
|---|---|---|

# ભાયંદરના રેસિડેન્શિયલ વિસ્તારમાં દીપડાનો આતંક

## ચારને કર્યા ઘાયલ, કલાકોની જહેમત બાદ જેરબંધ કરવામાં સફળતા



મુંબઈ/થાણેઃ ભાયંદરના રહેણાક વિસ્તારમાં શુક્રવારે સવારના દીપડો ઘૂસી આવતાં રહેવાસીઓમાં ગભરાટ ફેલાયો હતો. ચાર વ્યક્તિને ઘાયલ કર્યા બાદ દીપડો ઇમારતની એક રૂમમાં થોડા સમય માટે છુપાઇ ગયો હતો. દીપડાને પકડવા માટે પોલીસ, ફાયરબ્રિગેડ તેમ જ વનવિભાગની ટીમોને ભારે જહેમત ઉઠાવવી પડી હતી. થોડા કલાકો સુધી પકડદાવ બાદ જવાનોએ દીપડાને વશમાં કરતાં રહેવાસીઓએ રાહતનો શ્વાસ લીધો હતો.

ભાયંદર પૂર્વના તળાવ રોડ પર આવેલા ગીચ વસતિ ધરાવતા રહેણાક વિસ્તારમાં શુક્રવારે સવારના દીપડો ઘૂસી આવ્યો હતો અને તેણે અમુક લોકો પર હુમલો કર્યો હતો. દીપડો બાદમાં 'પારિજાત' નામની ઇમારતમાં પ્રવેશ્યો હતો, જ્યાં તેણે અમુક રહેવાસીઓ પર હુમલો કરીને તેમને ઘાયલ કર્યા હતા. દીપડો ત્યાર બાદ હાઉસિંગ સોસાયટીની ઇમારતની એક રૂમમાં થોડા સમય માટે છુપાઇ ગયો હતો, એમ અધિકારીએ જણાવ્યું હતું.

સોશિયલ મીડિયા પર વાયરલ થયેલા વીડિયોમાં દીપડો સાંકડી જગ્યામાં રસ્તો શોધતો તેમ જ દાદરા પર ફરતો જોવા મળે છે. દીપડો હાઉસિંગ સોસાયટીમાં ઘૂસી આવ્યો હોવાની જાણ થતાં રહેવાસીઓમાં ભય ફેલાયો હતો અને તેઓ પોતપોતાના ઘરમાં દોડી ગયા હતા.

દીપડાએ કરેલા હુમલામાં ઘાયલ થયેલા ચાર જણને બાદમાં નજીકની હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા,

(જુઓ પાનું ૪) ▸▸

# સોમથી શુક્ર આ વિસ્તારોમાં ઓછા દબાણ સાથે પાણીપુરવઠો

## પાઈપલાઈનનું ૮૭ કલાક સળંગ કામ ચાલશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મેટ્રો લાઈન- ૭એ પ્રોજેક્ટ માટે ૨,૪૦૦ મિલીમીટર વ્યાસની પાણીની પાઈપલાઈનને વાળવાનું કામ સળંગ ૮૭ કલાક કરવામાં આવવાનું હોવાથી આવતા અઠવાડિયામાં સોમવારથી શુક્રવાર સુધીના પાંચ દિવસ ત્રણ વોર્ડમાં મુખ્યત્વે ધારાવી, માટુંગા, માહિમ, અંધેરી, બાન્દ્રા, સાંતાક્રુઝમાં ઓછા દબાણ સાથે પાણી પુરવઠો થશે.

પાણી પુરવઠા વિભાગના જણાવ્યા મુજબ સોમવાર, ૨૨ ડિસેમ્બર, સવારના ૧૦ વાગ્યાથી શુક્રવાર, ૨૬ ડિસેમ્બર, ૨૦૨૫ના મધરાતના એક વાગ્યા સુધી જી-ઉત્તર, કે-પૂર્વ અને એચ-પૂર્વ વોર્ડના અમુક વિસ્તારમાં ઓછા દબાણ સાથે પાણી પુરવઠો થશે. તેમ જ નિયમિત પાણીપુરવઠાના સમયમાં પણ ફેરફાર કરવામાં આવ્યો છે. આ પાંચ દિવસ ત્રણે વોર્ડમાં મોટા આકારની પાણીની પાઈપલાઈનમાં જોડાણનું કામ હાથમાં લેવામાં આવવાનું છે.

પાણી પુરવઠા વિભાગના અધિકારીના જણાવ્યા મુજબ મુંબઈ મેટ્રોપોલિટન રિજન ડેવલપમેન્ટ ઓથોરિટી દ્વારા મેટ્રો લાઈન-૭એ પ્રોજેક્ટના કામ માટે ૨,૪૦૦ મિલીમીટર વ્યાસની અપર વૈતરણા મેઈન લાઈનનો અમુક ભાગ વાળવામાં આવવાનો છે. પાઈપલાઈનનો

(જુઓ પાનું ૪) ▸▸

# થાણેમાં હજી પાણીના ધાંધિયા

થાણેઃ લગભગ ત્રણ અઠવાડિયાથી પાણી માટે પરેશાન થઈ રહેલા થાણેવાસીઓને રાહત મળે એવી શક્યતા છે. ક્ષતિગ્રસ્ત પાઈપલાઈનનું સમારકામ પૂરું થઈ ગયું હોવાથી બહુ જલદી પાણીપુરવઠો પૂર્વવત્ થશે એવો દાવો પાલિકા પ્રશાસને કર્યો છે. જોકે સ્થાનિક નાગરિકો તેમની હાલાકીનો હજી પણ અંત આવ્યો ન હોવાની ફરિયાદ કરી રહ્યા છે.

કલ્યાણ ફાટા પાસે મહાનગર ગેસ લિમિટેડ દ્વારા ટનલ ખોદવાના કામને કારણે પાઈપલાઈનને સતત ત્રણ વખત (જુઓ પાનું ૪) ▸▸

# મુંબઈમાં ૧૧,૦૧,૫૦૫ ડુપ્લિકેટ મતદારોની ચકાસણી પૂર્ણ

## ૧.૬૮ ટકા મતદારોનાં નામ એકથી વધુ વોર્ડમાં, ૨૭ ડિસેમ્બર સુધીમાં બાકીની ચકાસણી

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ આગામી મહિને મુંબઈ મહાનગરપાલિકાની ચૂંટણી થઈ રહી છે ત્યારે દરેક વોર્ડમાં રહેલા ડુપ્લિકેટ મતદારોની યાદી તપાસવાનું કામ ચાલી રહ્યુ છે, જેમાં પાલિકાએ અત્યાર સુધી ૧૧,૦૧,૫૦૫ ડુપ્લિકેટ મતદાર એન્ટ્રીઓની ચકાસણી પૂર્ણ કરી છે. આમાંથી ૧.૬૮ લાખ મતદારો એટલે કે ૧૫ ટકા મતદારોના નામ અનેક વોર્ડમાં નોંધાયા હોવાનું જણાઈ આવ્યું છે. આમાંથી ૨૪,૭૨૧ મતદારોએ ફોર્મ 'એ' સબમિટ કર્યું છે, જેમાં સ્પષ્ટપણે દર્શાવવામાં આવ્યું છે કે તેઓ કયાં વોર્ડમાં મતદાર તરીકે નોંધણી કરાવવા માગે છે. પાલિકાએ ૨૭ ડિસેમ્બર સુધીમાં બાકીના ડુપ્લિકેટ મતદારોની ચકાસણી પૂર્ણ કરશે અને ખાતરી કરશે કે દરેક મતદાર ફક્ત એક જ વોર્ડમાં નોંધાયેલ છે. પાલિકાની ૨૦૨૬માં થનારી ચૂંટણી પહેલા પાલિકા પ્રશાસન દ્વારા ડુપ્લિકેટ મતદાર નોંધાણીની ચકાસણી ચાલી રહી છે. સોફ્ટવેર આધારિત સિસ્ટમ દ્વારા ફિલ્ડ વેરિફિકેશન અને આઉટરીચ પછી ૧,૬૮,૩૫૭ એન્ટ્રીઓ ડુપ્લિકેટ તરીકે પુષ્ટિ મળી છે. અત્યાર સુધીમાં પાલિકાની ટીમે છેલ્લા કેટલાક

(જુઓ પાનું ૪) ▸▸

# ફેરિયાઓના ત્રાસ સામે જનતાનો આક્રોશ

**મુંબઈ સમાચાર ઈમ્પેક્ટ**

## ઘાટકોપર ઈસ્ટ વલ્લભબાગના રહેવાસીઓ હવે લડી લેવાના મૂડમાં



મુંબઈઃ ઘાટકોપર ઈસ્ટમાં આવેલી વલ્લભબાગ લેનમાં ફેરિયાઓના ત્રાસથી સ્થાનિકનીવાસીઓ હવે લડી લેવાના મૂડમાં આવી ગયા છે અને તેમનો સાથ આપવા ઘાટકોપર ઈસ્ટના વિધાનસભ્ય પરાગભાઇ શુક્રવારે સ્થાનિક રહેવાસીઓ સાથે સુધરાઈ અને પોલીસ વિભાગના અધિકારીઓ સાથે વિસ્તારની સમસ્યાઓ દેખાડીને લોકોને થઇ રહેલા ત્રાસથી અવગત કરાવ્યા હતા કે કેવી રીતે ફેરિયાઓને કારણે રસ્તા ઉપર ટ્રાફિક જામ થાય છે અને ગમેતેમ પાર્કિંગ કરવાથી લોકોને આવા જવાનો રસ્તો પણ નથી મળતો જયારે ફેરિયાઓ રાતના બે-બે વાગ્યા સુધી પોતાની રેંકડી લગાડતા હોય છે.

આ બાબતે પરાગ શાહે સમાચાર પ્રતિનિધિ સાથે વાત કરતા જણાવ્યું હતું કે સ્થાનિક લોકો આ સમસ્યાથી કંટાળી ગયા છે અને લોકોને શાંતિથી રહેવા મળે એ એમનો અધિકાર છે અને એમની આ સમસ્યાઓનું સમાધાન કરવું એ ટ્રાફિક વિભાગ અને પોલીસની ફરજ

(જુઓ પાનું ૪) ▸▸

# માણિકરાવ કોકાટેના જામીન મંજૂર

મુંબઈઃ બોમ્બે હાઈ કોર્ટે શુક્રવારે એનસીપી નેતા અને મહારાષ્ટ્રના ભૂતપૂર્વ પ્રધાન માણિકરાવ કોકાટેને સરકારી આવાસ યોજના સાથે જોડાયેલા છેતરપિંડી અને બનાવટી કેસમાં જામીન મંજૂર કરી તેમની બે વર્ષની જેલની સજા સ્થગિત કરી હતી.

જોકે, પ્રથમ દૃષ્ટિએ પુરાવા કોકાટેની સંડોવણી તરફ નિર્દેશ કરતા હોવાથી અદાલતે દોશી ઠેરવવાના નિર્ણય પર સ્ટે આપવાનો ઈન્કાર કર્યો હતો. પોતાની આવક વિશે ખોટું સોગંદનામું રજૂ કરીને આર્થિક

(જુઓ પાનું ૪) ▸▸

# થાણેમાં લગ્ન પ્રસંગમાં આગઃ ૧,૦૦૦થી વધુ લોકોનો બચાવ

(અમારા પ્રતિનિધિ તરફથી)

થાણેઃ થાણે પશ્ચિમમાં ઘોડબંદર રોડ પર એક બેન્ક્વેટ હોલમાં લગ્નના રિસેપ્શન દરમ્યાન લૉનમાં ગુરુવારે રાતના અચાનક આગ ફાટી નીકળી હતી. કલાકની જહેમત બાદ આગ પર નિયંત્રણ મેળવવામાં સફળતા મળી હતી. આગ લાગી એ સમયે હોલમાં ૧,૦૦૦થી ૧,૨૦૦ લોકો હાજર હતા. સદ્‌નસીબે તમામ લોકોને સુરક્ષિત રીતે હૉલમાંથી બહાર કાઢવામાં સફળતા મળી હતી અને કોઈને ઈજા પહોંચી નહોતી.

થાણેમાં ઘોડબંદર રોડ પર પાનખંડા ગાવમાં ઓવળા વિસ્તારમાં ધ બ્લ્યૂ રુફ ક્લબ આવેલું છે. ગુરવારે અહીં એક લગ્નનો સમારંભ યોજાયો હતો અને મોડી સાંજ બાદ અહીં રિસેપ્શન ચાલી રહ્યું હતું. એ સમયે હોલમાં લગભગ ૧,૦૦૦થી ૧,૨૦૦ મહેમાન હાજર હતા. રાતના લગભગ ૧૦.૫૫ વાગ્યાની આસપાસ ક્લબના લૉનમાં રહેલા સ્ટોર કેબિન અને કેબિનની બહાર રાખવામાં આવેલા મંડપ ડેકોરેશનના સામાનમાં અચાનક આગ ફાટી નીકળી હતી.

આગ લાગી હોવાની જાણ થતા જ બેક્વેન્ટ

(જુઓ પાનું ૪) ▸▸

# બસની નોંધણીમાં ગેરરીતિઃ સ્કૂલ, પ્રિન્સિપાલ વિરુદ્ધ ગુનો

મુંબઈઃ ચેસીસ નંબર અને બસની નોંધણીમાં કથિત ગેરરીતિ બદલ સ્કૂલ, તેના પ્રિન્સિપાલ તથા અન્યો વિરુદ્ધ ગુનો દાખલ કર્યો હતો. આરટીઓ મોટર વેહિકલ ઇન્સ્પેક્ટર સંકેત ચવાણે નોંધાવેલી ફરિયાદને આધારે ગુનો દાખલ કરાયો હતો. ચવાણને જાણવા મળ્યું હતું કે છેલ્લાં બે વર્ષથી સ્કૂલ બસ બોગસ દસ્તાવેજો તથા મેળ ન ખાતે ચેસીસની વિગતો સાથે દોડાવવામાં આવી રહી છે. આને કારણે સ્ટેટ ટ્રાન્સપોર્ટ ડિપાર્ટમેન્ટને ૮.૬૬ લાખ રૂપિયાનું નુકસાન થયું હતું. બસનો ચેસીસ નંબર સત્તાવાર રેકોર્ડમાં ઉપલબ્ધ રજિસ્ટ્રેશન અને નંબર પ્લેટની વિગતો સાથે મેળ ખાતો નથી. એવું પણ સામે આવ્યું હતું કે સ્કૂલે મોટર વેહિકલ એક્ટ હેઠળ ફરજિયાત પ્રોટોકોલનું પાલન કર્યા વિના થાણેના ડીલર પાસેથી બસ ખરીદી હતી, જેમાં યોગ્ય નોંધણી, વેરિફિકેશન અને મોટર વેહિકલ ટેક્સની ચુકવણીનો સમાવેશ થાય છે. ■

# નાલાસોપારામાં રિયલ એસ્ટેટ એજન્ટની હત્યા

## ફરાર દંપતીની ૧૬ વર્ષ બાદ ઇન્દોરથી ધરપકડ

પાલઘરઃ પાલઘર જિલ્લાના નાલાસોપારા પૂર્વમાં દલાલીનાં નાણાંને મુદ્દે થયેલા વિવાદમાં રિયલ એસ્ટેટ એજન્ટની કરાયેલી હત્યાના કેસમાં ફરાર દંપતીને ૧૬ વર્ષ બાદ મધ્ય પ્રદેશના ઇન્દોરથી ઝડપી પાડવામાં ક્રાઇમ બ્રાન્ચને સફળતા મળી હતી. ઇન્દોરથી પકડાયેલા આરોપીઓની ઓળખ ધર્મેન્દ્ર રમાશંકર સોની (૫૪) અને તેની પત્ની કિરણ ધર્મેન્દ્ર સોની (૫૦) તરીકે થઇ હતી. બંનેને નાલાસોપારા લવાયા બાદ કોર્ટમાં હાજર કરાયાં હતાં, જ્યાં તેમને ૨૨ ડિસેમ્બર સુધીની પોલીસ કસ્ટડી ફટકારાઇ હતી. આ કેસમાં એક આરોપી હજી ફરાર હોઇ પોલીસ દ્વારા તેની શોધ ચલાવવામાં આવી રહી છે.

નાલાસોપારા પૂર્વમાં એપ્રિલ, ૨૦૦૯માં દલાલીનાં નાણાંને મુદ્દે થયેલા વિવાદમાં રિયલ એસ્ટેટ એજન્ટની હત્યા કરવામાં આવી હતી. આ પ્રકરણે ચાર જણ સામે હત્યાનો ગુનો દાખલ કર્યો હતો અને એક આરોપીની ત્યારે ધરપકડ કરી હતી, જ્યારે દંપતી સહિત ત્રણ આરોપી ફરાર હતાં. દરમિયાન મીરા-ભાયંદર વસઇ-વિરાર પોલીસની ક્રાઇમ બ્રાન્ચ સેલ-૩ના અધિકારીઓએ હાલમાં કેસની ફરીથી તપાસ શરૂ કરી હતી અને તેમાં સંડોવાયેલા દંપતીને ઇન્દોરના મઉ ગામમાંથી શોધી કાઢ્યું હતું. (પીટીઆઇ)■

# પાલિકા ચૂંટણી માટે ભાજપ-શિંદે જૂથ વચ્ચે ટેન્શન

## તમામ ૨૨૭ બેઠક પર ચૂંટણી લડવા શિંદે પર દબાણ

મુંબઈઃ મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશન (બીએમસી)ની ચૂંટણી માટે ભાજપ-શિવસેના જૂથ વચ્ચે બેઠકોની વહેંચણી અંગે વાતચીત ચાલી રહી છે. આ ચર્ચામાં ભાજપે શિંદે જૂથની મુશ્કેલીમાં મૂક્યું હોવાનું જાણવા મળ્યું છે. શિંદે જૂથે ૧૨૫ બેઠકોની માગ કરી છે, જ્યારે ભાજપે પ્રથમ બેઠકમાં બાવન બેઠકોની ઓફર કરી છે. ભાજપે અન્ય બેઠકો પર શિંદે જૂથના દાવાઓને ફગાવી દીધા છે. આવી સ્થિતિમાં શિંદે જૂથમાં અશાંતિ વધી છે. સૂત્રોના જણાવ્યા અનુસાર મુખ્ય નેતા એકનાથ શિંદેએ મોટો નિર્ણય લેવો જોઈએ એ અંગે દબાણ વધી રહ્યું છે.

મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશનની ચૂંટણીને પગલે ભાજપના દબાણ બાદ શિવસેના-શિંદે જૂથ આક્રમક બન્યું છે. સૂત્રોના જણાવ્યા અનુસાર બેઠકોની સન્માનજનક વહેંચણી ન થાય તો મુંબઈની તમામ ૨૨૭ બેઠકો પર ચૂંટણી લડવાનો વિકલ્પ ખુલ્લો રાખવા પક્ષના પદાધિકારીઓ

(જુઓ પાનું ૪) ▸▸

# અનૈતિક સંબંધનો આંચકાજનક અંત: દિયરની નજર સામે ભાભીનો આપઘાત

## માતા ગાળાફાંસો ખાતી હતી ત્યારે દીકરી વારંવાર દરવાજો ખટખટાવતી રહી, પણ ઘરમાં હાજર આરોપી કાકાએ દરવાજો ન ખોલ્યો

(અમારા પ્રતિનિધિ તરફથી)


મુંબઈઃ સાયનમાં બનેલી આંચકાજનક ઘટનામાં દિયરની નજર સામે ભાભીએ ગાળાફાંસો ખાધો હતો અને દિયર મૂક પ્રેક્ષક બની રહ્યો હતો. એનાથી વધુ આઘાતજનક બીના એટલે ઘટના સમયે મહિલાની દીકરી વારંવાર દરવાજો ખટખટાવતી હતી, પરંતુ ઘરમાં હાજર આરોપીએ દરવાજો ખોલ્યો નહોતો. અનૈતિક સંબંધમાંથી મહિલાએ આપઘાત કર્યો હોવાનું પ્રાથમિક તપાસમાં સામે આવ્યું હતું.

વડાલા ટીટી પોલીસ સ્ટેશનના સિનિયર ઈન્સ્પેક્ટર મનીષ અવળેએ 'મુંબઈ સમાચાર'ને જણાવ્યું હતું કે મહિલાની પચીસ વર્ષની પુત્રીએ નોંધાવેલી ફરિયાદને આધારે આરોપી વિરુદ્ધ સદોષ મનુષ્યવધનો ગુનો નોંધવામાં આવ્યો હતો. ધરપકડ કરાયેલા આરોપીની વધુ પૂછપરછ કરવામાં આવી રહી છે.

મળતી માહિતી અનુસાર ઘટના શનિવારની સાંજે ૭.૪૦ વાગ્યાની આસપાસ બની હતી. ૪૫ વર્ષની

(જુઓ પાનું ૪) ▸▸

# હવે સાઈબાબાના મુખ દર્શન થશે સુવર્ણ બારીમાંથી




રાહતાઃ આંતરરાષ્ટ્રીય ખ્યાતિ ધરાવતું શિરડી સાઈબાબા મંદિર હવે વિશ્વના નકશા પર 'સુવર્ણ મંદિર' તરીકે ચમકવા લાગ્યું છે. દુબઈમાં સ્થાયી થયેલા એક સાઈભક્તે મંદિરની એ બારીને, જેમાંથી સાઈબાબાના મુખના દર્શન થાય છે, ત્યાં ગોલ્ડ પ્લેટેડ ફ્રેમ બનાવીને તેના પર 'શ્રદ્ધા સબુરી' સુવર્ણ અક્ષરોમાં લખીને દાન આપી છે. હવે ભક્તોને સોનાની બારીમાંથી શ્રી સાઈબાબાના મુખદર્શનનો લાભ મળશે.

આ ફ્રેમ પર કરવામાં આવેલું સુવર્ણ નકશીકામ ભક્તોનું ધ્યાન ખેંચી રહ્યું છે. આ કાર્યના પ્રારંભમાં વિધિવત પૂજા કરવામાં આવી હતી. ત્યારબાદ સંબંધિત સાઈભક્તનું સાઈબાબા સંસ્થાન વતી સન્માન કરવામાં આવ્યું હતું. સાઈભક્તની વિનંતી મુજબ તેમનું નામ ગુપ્ત રાખવામાં આવ્યું છે.

મધ્યપ્રદેશના હરદાસપુરના સાંઈ ભક્ત તેજ બહાદુર સિંહે શ્રદ્ધાપૂર્વક સાઈ બાબાના ચરણોમાં ૨૦૦ ગ્રામનો આકર્ષક અને સુંદર ભરતકામ કરેલો સોનાનો મુગટ અર્પણ કર્યો હતો. આ સોનાના મુગટની કિંમત આશરે ૨૦ લાખ ૧૬ હજાર રૂપિયા હતી. બે-ત્રણ દિવસ પહેલા, અમદાવાદના એક સાઈ ભક્તે સાઈ બાબાના ચરણોમાં ૧૦૨.૪૫૦ ગ્રામ વજનની સોનાની ગણેશ મૂર્તિ અર્પણ કરી હતી. આ મૂર્તિની કિંમત ૧૨ લાખ ૩૯ હજાર રૂપિયા હતી.

આમ સંઈ બાબામાં અતૂટ શ્રદ્ધા ધરાવતા દેશ-વિદેશના લાખો ભક્તો સાઈ બાબાના ચરણોમાં ઉદાર દાન કરી રહ્યા છે. ■

# દક્ષિણ અને મધ્ય મુંબઈમાં જર્જરિત ઈમારતોના પુનર્વિકાસનો માર્ગ મોકળો

## ૫૧ ટકા ભાડૂતોની સંમતિ પૂરતી હોવાનો હાઈ કોર્ટનો ચુકાદો

મુંબઈઃ બોમ્બે હાઈ કોર્ટે મંગળવારે દક્ષિણ અને મધ્ય મુંબઈમાં જોખમી અને જર્જરિત ઇમારતોના પુનર્વિકાસનો માર્ગ મોકળો કર્યો છે. આવી ઇમારતોના રિડેવલપમેન્ટ માટે ૫૧ ટકા ભાડૂતોની સંમતિ પૂરતી રહેશે એવી સ્પષ્ટતા કરી અદાલતે મ્હાડાને આ બિલ્ડિંગોનાં રિડેવલપમેન્ટમાં આગળ વધવાની મંજૂરી આપી હતી. આવી ઇમારતોમાં રહેવામાં જીવનું જોખમ હોવાથી ન્યાયમૂર્તિ ગિરીશ કુલકર્ણી અને ન્યાયમૂર્તિ આરતી સાઠેની ખંડપીઠે કહ્યું હતું કે લઘુમતી ભાડૂતો પુનર્વિકાસનો વિરોધ કરી રહ્યા હોય ત્યારે બહુમતી ભાડૂતોના હિતને પ્રાધાન્ય આપવું જોઈએ. મ્હાડાએ અગાઉ આ ઇમારતોને રિડેવલપમેન્ટ અંગે નોટિસ ફટકારી હતી. નોટિસને હાઈ કોર્ટમાં પડકારવામાં આવી હતી. સુનાવણી દરમિયાન અદાલતે નોંધ્યું હતું કે કુલ ૯૩૫ નોટિસ જારી કરવામાં આવી હતી અને આ ઇમારતો જોખમી અને જર્જરિત હોવાથી એમાં રહેતા ભાડુઆતોની સલામતીનો મુદ્દો ખૂબ જ ગંભીર છે. એટલે આ ઇમારતોનું તાત્કાલિક રીપેરીંગ અથવા રિડેવલપમેન્ટ કરવું જરૂરી છે. આવી ઇમારતોમાં રહેવું એ અનિચ્છનીય ઘટનાઓને આમંત્રણ આપવા જેવું છે. દક્ષિણ મુંબઈમાં બાણગંગા માર્ગ, વાલકેશ્વર, ગાંવદેવી રોડ, બી. જી. ખેર માર્ગ અને નેપિયન સી રોડ જેવા પોશ વિસ્તારોમાં ૯૩૫ જોખમી અને જર્જરિત ઇમારતોને રિડેવલપમેન્ટ નોટિસ મ્હાડાએ ફટકારી હતી. ત્યારબાદ આ પુનર્વિકાસ નોટિસને પડકારતી ઘણી અરજીઓ હાઈકોર્ટમાં દાખલ કરવામાં આવી હતી. અરજદારોએ દાવો કર્યો હતો કે મ્હાડાના એમબીઆરઆરબી ના એન્જિનિયરો દ્વારા ઇમારતોનું સ્ટ્રક્ચરલ ઓડિટ કર્યા વિના સુપરફિસિયલ ઇન્સ્પેક્શનના આધારે નોટિસ જારી કરવામાં આવી હતી. ■

# નાગપુરના ઔદ્યોગિક વિસ્તારમાં પાણીની ટાંકી ધરાશાયી થતાં છનાં મોત

નાગપુરઃ મહારાષ્ટ્રના નાગપુર જિલ્લામાં એક ઔદ્યોગિક એકમમાં પાણીની ટાંકી ધરાશાયી થતાં છ મજૂરોનું મૃત્યુ થયું છે, શુક્રવારે સવારે લગભગ ૯:૩૦ વાગ્યે નાગપુરના એમઆઈડીસી બુટીબોરી વિસ્તારમાં આવેલી એક સોલાર પેનલ ફેક્ટરીમાં આ અકસ્માત થયો હતો. પોલીસે જણાવ્યું હતું કે ફેક્ટરી પરિસરમાં પાણીની એક મોટી ટાંકી અચાનક તૂટી પડતા આ અકસ્માત થયો હતો. ટાંકી પડતાની સાથે જ ત્યાં કામ કરતા મજૂરો તેના કાટમાળ નીચે દટાઈ ગયા, જેના કારણે ઘટનાસ્થળે અફરાતફરી મચી ગઈ હતી. અકસ્માતની જાણ થતા જ સ્થાનિક પોલીસ, ફાયર બ્રિગેડ અને બચાવ ટીમો ઘટના સ્થળે પહોંચી ગઈ હતી અને કાટમાળ નીચે ફસાયેલા લોકોને બહાર કાઢવા માટે બચાવ કામગીરી શરૂ કરી હતી. ઘણી (જુઓ પાનું ૪) ▸▸

# બાંધકામ સાઈટો પર લગામ લગાવતી પાલિકા

## વાયુ પ્રદૂષણઃ દંડ ૧૦,૦૦૦થી વધારીને ૫૦,૦૦૦ કરવાનો પ્રસ્તાવ

મુંબઈઃ બૃહદ મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશન (બીએમસી)એ વાયુ પ્રદૂષણના નિયમોનું ઉલ્લંઘન કરવા બદલ દંડમાં પાંચ ગણો વધારો કરવાની દરખાસ્ત કરી છે. લઘુત્તમ દંડની રકમ ૧૦ હજાર રૂપિયાથી વધારીને ૫૦ હજાર રૂપિયા કરવાનો પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો છે.

હાલના તબક્કે સૌથી ઓછો દંડ ૧૦ હજાર રૂપિયા છે. ડેપ્યુટી મ્યુનિસિપલ કમિશનર (પર્યાવરણ અને આબોહવા પરિવર્તન) અવિનાશ કાટેએ ગુરુવારે જણાવ્યું હતું કે વાયુ પ્રદૂષણમાં નિમિત્ત બનતા બાંધકામ સ્થળ પરની બેદરકારી અટકાવવા દંડની રકમ વધારીને ₹૫૦ હજાર કરવાનો પ્રસ્તાવ મૂક્યો છે. આ દરખાસ્ત પાલિકા કમિશનર ભૂષણ ગગરાણીને મંજૂરી માટે સુપરત કરવામાં આવી છે. કાટેના જણાવ્યા અનુસાર શહેરભરના બાંધકામ સ્થળ પર પ્રદૂષણ નિયંત્રણના ધોરણોનું કડક પાલનમાં તકેદારી રાખવા આ વિચાર રજૂ કરવામાં આવ્યો છે. હાલમાં બીએમસી ૯૪ ફ્લાઇંગ સ્કવોડ દ્વારા ચાલી રહેલા ૧ હજાર ૯૫૪ પ્રાઈવેટ બાંધકામ સ્થળ પર નજર રાખી રહી છે. પ્રત્યેક ટીમમાં આસિસ્ટન્ટ એન્જિનિયર, ઉપદ્રવ કરતી બાબત શોધી કાઢતા સાધન (ડિટેક્ટર) અને પર્યાવરણ તેમજ આબોહવા પરિવર્તન વિભાગના સબ એન્જિનિયરનો સમાવેશ થાય છે. ગુરુવારે નગરપાલિકાએ ૨૦ બાંધકામ સ્થળોને કારણદર્શક નોટિસ ફટકારી હતી અને ૧૮ સાઇટ્સને કામ બંધ કરવાની નોટિસ ફટકારી હતી. આ ઉપરાંત બીએમસીએ ૨૭ સ્થળોએ ડીપ ક્લીનિંગ મિસ્ટિંગ મશીનો પણ તહેનાત કર્યા હતા, અને ૪૧ સ્થળોએ રસ્તાઓ ધોવા માટે પાણીના ટેન્કરોનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. આ વર્ષે ૧ થી ૧૬ ડિસેમ્બર દરમિયાન પાલિકાએ પ્રદૂષણ ફેલાવતી સાઇટ્સ સામે ૩૫૩ કારણદર્શક નોટિસ અને ૧૨૧ કામ બંધ કરવાની નોટિસ જારી કરી છે. પાલિકાના જણાવ્યા અનુસાર આ પગલાંને કારણે ગયા વર્ષે ડિસેમ્બરની શરૂઆતની તુલનામાં હવાની ગુણવત્તામાં નોંધપાત્ર સુધારો થયો છે. ગયા વર્ષના સમાન સમયગાળા દરમિયાન શહેરનો એર ક્વોલિટી ઇન્ડેક્સ (એક્યુઆઈ) ૧૫૮ અને ૧૬૭ ની વચ્ચે હતો, જ્યારે આ વર્ષે તે ૧૦૫ અને ૧૧૩ ની વચ્ચે રહ્યો હતો. ■

# હિટ ઍન્ડ રનના કેસમાં પેટ્રોલિંગ પર હાજર કોન્સ્ટેબલનું મૃત્યુ

બીડઃ અહિલ્યાનગર જિલ્લામાં બનેલી હિટ ઍન્ડ રનની ઘટનામાં પેટ્રોલિંગ પર હાજર પોલીસ કોન્સ્ટેબલનું મૃત્યુ થયું હતું. પોલીસના જણાવ્યા મુજબ ઘટના ગુરુવારે રાશીન ગામમાં બની હતી. ઘટનામાં જીવ ગુમાવનારો કોન્સ્ટેબલ સુદામ રાજકુમાર પોકળે કર્જત પોલીસ સ્ટેશન હેઠળની રાશીન પોલીસ આઉટપોસ્ટમાં ફરજ બજાવતો હતો. પોકળે ગુરુવારે સહકર્મચારી સાથે રાશીન ગામમાં નાઈટ ડ્યૂટીમાં હતો. નાઈટ પેટ્રોલિંગ દરમિયાન પૂરપાટ વેગે આવેલા વાહને તેને અડફેટે લીધો હતો, જેમાં તેનું ઘટનાસ્થળે જ મૃત્યુ થયું હતું. ઘટના બાદ આરોપી ફરાર થઈ ગયો હતો, એમ પોલીસે જણાવ્યું હતું. (પીટીઆઈ)■

# બ્લાઈન્ડ વર્લ્ડ કપ જીતનારી મહિલા ટીમને ફડણવીસનું વચન, 'તમને આર્થિક સહાય અને રોજગારની તક આપીશું'

## મુખ્ય પ્રધાને પોતાના નિવાસસ્થાને ભારતીય ટીમનું સન્માન કર્યું



મુંબઈઃ જોઈ ન શકતી મહિલાઓ માટે તાજેતરમાં પહેલી જ વાર જે બ્લાઇન્ડ ટી-૨૦ વર્લ્ડ કપ યોજાયો હતો એમાં ચૅમ્પિયન બનીને નવો ઇતિહાસ રચનાર ભારતીય મહિલા ટીમનું શુક્રવારે મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે સન્માન કર્યું હતું અને તેમને રાજ્ય સરકાર તરફથી બનતી બધી જ મદદ કરવાની ખાતરી આપી હતી.

ફડણવીસે પોતાના સત્તાવાર નિવાસસ્થાન 'વર્ષા'માં દીપિકા ટી. સી.ના નેતૃત્વમાં અને મહારાષ્ટ્રની ગંગા કદમની વાઇસ-કૅપ્ટન્સીમાં વર્લ્ડ કપ જીતનાર ભારતીય ટીમનું સન્માન કર્યું ત્યારે તેમને ખાતરી આપી હતી કે રાજ્ય સરકાર તરફથી તેમને આર્થિક સહાય મળશે અને એ ઉપરાંત તેમને રોજગારની તક પણ અપાશે તથા તેમના માટે સ્પોર્ટ્સની માળખાકીય સગવડ પણ મળશે.

ફડણવીસે તેમનું બહુમાન કરતી વખતે પ્રવચનમાં કહ્યું, ' તમારી ટીમે દેશને ગૌરવ અપાવ્યું છે અને તિરંગાની શાન વધારી છે. તમારી આ સિદ્ધિ ઇતિહાસમાં સુવર્ણ અક્ષરે લખાશે. તમે તનતોડ મહેનત, એકધારી પ્રૅક્ટિસ અને સંકલ્પશક્તિ બતાવીને આ ઉપલબ્ધિ મેળવી છે. કોશિશ કરને વાલોં કી કભી હાર નહીં હોતી. રાજ્ય સરકાર તરફથી તમને પ્રૅક્ટિસ માટેનું કાયમી મેદાન મળશે.

ખેલકૂદને લગતી તમારી પ્રગતિને આડે આર્થિક મુશ્કેલી કે પરિવારને લગતી મુસીબતો આવવી જ ન જોઈએ.' ■

# અમદાવાદમાં હાર્દિકોત્સવઃ વરુણે પણ વટ રાખ્યો

## ભારતે અંતિમ મૅચ જીતીને સિરીઝની ટ્રોફી પર ૩-૧થી કર્યો કબજો

અમદાવાદઃ ભારતે અહીં શુક્રવારે સાઉથ આફ્રિકાને પાંચમી અને છેલ્લી રોમાંચક ટી-૨૦માં ૩૦ રનથી હરાવીને શ્રેણી ૩-૧થી જીતી લીધી હતી. માર્કરમની ટીમ ૨૩૨ રનના લક્ષ્યાંક સામે ૨૦ ઓવરમાં આઠ વિકેટે ૨૦૧ રન કરી શકી હતી.

હાર્દિક પંડ્યાએ ધમાકેદાર ૬૩ રન કર્યા પછી ડેવાલ્ડ બ્રેવિસ (૩૧ રન)ની મહત્ત્વની વિકેટ પણ લીધી હતી. જોકે બોલિંગમાં ટી-૨૦ના વર્લ્ડ નંબર-વન બોલર વરુણ ચક્રવર્તી (૪-૦-૫૩-૪) સૌથી સફળ હતો. જસપ્રીત બુમરાહે હોમ-ગ્રાઉન્ડ પર ૧૭ રનમાં બે વિકેટ લીધી હતી, જ્યારે હાર્દિકની માફક અર્શદીપને પણ એક વિકેટ મળી હતી.



હાર્દિક હાફ સેન્ચુરી પૂરી કર્યા બાદ સ્ટૅન્ડમાં બેઠેલી ગર્લફ્રેન્ડ માહિકા શર્મા તરફ બૅટ બતાવીને ફ્લાઇંગ કિસ આપી હતી.

ભારતની બૅટિંગમાં તિલક વર્મા (૭૩ રન, ૪૨ બૉલ, એક સિક્સર, દસ ફોર) હાઇએસ્ટ રન-મેકર હતો, પરંતુ હાર્દિક પંડ્યા સર્વત્ર છવાઈ ગયો હતો. ભારતે ૨૦ ઓવરમાં પાંચ વિકેટે જે ૨૩૧ રન કર્યા હતા એમાં હાર્દિકની ઇનિંગ્સ સૌથી ધમાલભરી હતી. તેણે પાંચ ફોર અને પાંચ સિક્સરની મદદથી ફક્ત પચીસ બૉલમાં ૬૩ રન કર્યા હતા. તેના ૬૩માંથી ૫૦ રન છગ્ગા-ચોક્કાથી બન્યા હતા. તિલક-હાર્દિક વચ્ચેની ચોથી વિકેટ માટેની ૧૦૫ રનની ભાગીદારીએ ભારતની ઇનિંગ્સમાં મોટો પલટો લાવી દીધો હતો. તેમણે ૪૪ બૉલની ભાગીદારીમાં ટીમનો સ્કોર ૧૧૫ પરથી ૨૨૦ ઉપર લાવી દીધો હતો. સૅમસને ૩૭ રન અને અભિષેકે ૩૪ રન કર્યા હતા. શિવમ દુબેએ પણ થોડી ફટકાબાજી કરવાની તક ઝડપી લીધી હતી. તે ત્રણ બૉલમાં એક છગ્ગા અને એક ચોક્કા સાથે બનેલા ૧૦ રને અણનમ રહ્યો હતો. કૅપ્ટન સૂર્યકુમાર યાદવ (પાંચ રન) ફરી એકવાર સારું રમવામાં નિષ્ફળ ગયો હતો.


આફ્રિકાના ક્રિકેટરોનો ભારતમાં લાંબો પ્રવાસ હતો, જેમાં પ્રવાસી ટીમે ટેસ્ટ શ્રેણી ૨-૦થી જીતીને ભારતને શરમમાં મૂકી દીધું ત્યાર બાદ ભારતે પહેલાં વન-ડે સિરીઝ ૨-૧થી જીતી લીધી અને હવે ૩-૧થી સિરીઝની ટ્રોફી પર ૩-૧ની સરસાઈ સાથે કબજો કર્યો.

ભારતે આ મૅચમાં હર્ષિતના સ્થાને બુમરાહને, ઈજાગ્રસ્ત ગિલના સ્થાને સૅમસનને અને કુલદીપના સ્થાને વૉશિંગ્ટન સુંદરને ટીમમાં સમાવ્યો હતો.

### આજે વર્લ્ડ કપની ટીમનું મુંબઈમાં સિલેક્શન

મુંબઈમાં આજે ફેબ્રુઆરીના મેન્સ ટી-૨૦ વર્લ્ડ કપ માટેની ટીમ જાહેર કરવામાં આવશે. શુભમન ગિલને આ ટીમમાં સામેલ કરાશે કે કેમ એમાં શંકા છે. જોકે સંજુ સૅમસનનું સ્થાન પાક્કું જણાય છે. ગુરુવારે ૧૦ સિક્સરની મદદથી હરિયાણા સામેની સૈયદ મુશ્તાક અલી ટ્રોફી ફાઇનલમાં ધમાકેદાર સદી ફટકારીને ઝારખંડને આ ટૂર્નામેન્ટની પહેલી વાર ટ્રોફી અપાવનાર વિકેટકીપર બૅટ્સમૅન ઇશાન કિશનને વર્લ્ડ કપની ટીમમાં જગ્યા મળશે એવી પણ સંભાવના જણાય છે. સૂર્યકુમાર બૅટિંગમાં ફૉર્મ ગુમાવી બેઠો છે, પણ વિશ્વ કપની ટીમમાં તેને જ સુકાન સોંપાશે એવી સંભાવના છે. જોકે કે. એલ. રાહુલનું નામ પણ બોલાય છે. ■

# શુભમન ગિલને આવતાં ઘણાં વર્ષો સુધી કૅપ્ટનપદે રાખવાની ગુજરાત ટાઇટન્સની યોજના





શુભમન ગિલે ૨૦૨૩ની આઇપીએલની સીઝનમાં રેકૉર્ડ-બ્રેક ૮૯૦ રન કર્યા હતા. આશિષ નેહરા આ ટીમનો હેડ-કોચ અને પાર્થિવ પટેલ બૅટિંગ-કોચ છે.

અમદાવાદઃ ૨૦૨૨માં પોતાની પહેલી જ સીઝનમાં આઇપીએલનું ટાઇટલ જીતનાર ગુજરાત ટાઇટન્સ (જીટી)એ શુભમન ગિલની કૅપ્ટન્સી અને તેની બૅટિંગ પર પૂરો ભરોસો વ્યક્ત કર્યો છે અને તેને આવતાં ઘણાં વર્ષો સુધી કૅપ્ટનપદે રાખવાની યોજના જાહેર જનતા સમક્ષ વ્યક્ત કરી છે.

જીટીના ચૅરમૅન જિનલ મહેતા તેમ જ ડિરેક્ટર શાન મહેતાએ ગિલના નેતૃત્વ પર પૂરો ભરોસો મૂક્યો કર્યો છે. શાન મહેતાએ કહ્યું છે કે તે ઘણાં વર્ષો સુધી ટીમના કૅપ્ટનપદે રહી શકશે.

ગિલ ૨૦૧૮થી ૨૦૨૧ દરમ્યાન કોલકાતા નાઇટ રાઇડર્સ (કેકેઆર) વતી આઇપીએલમાં ધમાકેદાર કરીઅર શરૂ કર્યા બાદ ૨૦૨૨માં નવી જ બનેલી ટીમ જીટી સાથે જોડાયો હતો. ૨૦૨૦ તથા ૨૦૨૧ની આઇપીએલમાં ગિલ કેકેઆરનો હાઇએસ્ટ રનકર્તા હતો. ૨૦૨૨માં જીટીને ટાઇટલ અપાવવામાં પણ તેનું મોટું યોગદાન હતું અને ૨૦૨૩માં તેણે જીટી વતી રેકૉર્ડ-બ્રેક ૮૯૦ રન કર્યા હતા જેમાં તેની ચાર સેન્ચુરી સામેલ હતી. એ વર્ષમાં જીટી રનર-અપ રહી હતી. ૨૦૨૪માં ગિલને સુકાન સોંપાયું હતું અને ૨૦૨૫માં તેને કૅપ્ટનપદે જાળવી રાખવામાં આવ્યો હતો. ૨૦૨૫માં તેની કૅપ્ટન્સીમાં જીટીની ટીમ ત્રીજા નંબરે હતી અને પ્લે-ઑફમાં પહોંચી હતી.

જિનલ મહેતાએ કહ્યું હતું કે 'બૅટિંગમાં ગિલની જે ટૅલન્ટ છે એને અમે બરાબર પારખી હતી તેમ જ તેનામાં કૅપ્ટન તરીકેની જે કાબેલિયત છે એને પણ બરાબર ઓળખી હતી. તેણે જીટી વતી તેમ જ ભારત વતી ઘણું સારું પર્ફોર્મ કર્યું છે.'

આશિષ નેહરા જીટીનો હેડ-કોચ અને પાર્થિવ પટેલ બૅટિંગ-કોચ છે. ■

# મહાપ્રબંધકની અધ્યક્ષતામાં ક્ષેત્રીય રાજભાષા કાર્યાન્વયન સમિતિની બેઠકનું આયોજન



મુંબઈઃ તા. ૧૮.૧૨.૨૦૨૫ના રોજ મધ્ય રેલવે ખાતે શ્રી વિવેક કુમાર ગુપ્તા, મહાપ્રબંધકની અધ્યક્ષતામાં ક્ષેત્રીય રાજભાષા કાર્યાન્વયન સમિતિની ૧૯૧મી બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું. આ બેઠકમાં સપ્ટેમ્બર ૨૦૨૫ના રોજ પૂરા થતા ત્રિમાસિક ગાળા માટેની બાબતોની ચર્ચા કરવામાં આવી હતી. બેઠકની શરૂઆત કરતી વખતે સૌ પ્રથમ શ્રી ચંદ્ર કિશોર પ્રસાદ, પ્રધાન મુખ્ય સુરક્ષા અધિકારી તથા મુખ્ય રાજભાષા અધિકારીએ મહાપ્રબંધકને શુભસૂચક છોડથી તેમનું સ્વાગત કર્યું હતું તથા બેઠકમાં આવેલા તમામ સભ્યોનો આભાર માન્યો હતો.

બેઠકના બીજા તબક્કામાં મુખ્યાલય રાજભાષા વિભાગની ગૃહ પત્રિકા રેલ સુરભીનો અંક ૪૪નું ઈ-વિમોચન અધ્યક્ષ મહોદયના શુભહસ્તે કરવામાં આવ્યું હતું. રેલ સુરભીના મુખ્ય પાના પર છપાયેલા એક છંદ તરફ ધ્યાન દોરતા મહાપ્રબંધકે કહ્યું કે જેવી રીતે તેમાં લખ્યું છે કે હિન્દી વાંચો, બોલો, લખો તથા હિન્દી પર ગર્વ કરો. આ બધું આપણે દૈનિક કાર્યોમાં તથા કાર્યાલયના ઉપયોગમાં પણ લાવવું જરૂરી છે. ■

# આવતી કાલે ભારત અને પાકિસ્તાન ટકરાશે અન્ડર-૧૯ એશિયા કપની ફાઇનલમાં

દુબઈઃ ભારત અને પાકિસ્તાન દુબઈમાં રવિવારે (સવારે ૧૦.૩૦ વાગ્યાથી) અન્ડર-૧૯ એશિયા કપની ફાઇનલમાં ટકરાશે. શુક્રવારે પ્રથમ સેમિ ફાઇનલમાં ભારતે શ્રીલંકાને ૧૨ બૉલ બાકી રાખીને આઠ વિકેટે હરાવીને ફાઇનલમાં પ્રવેશ કર્યો હતો. બીજી સેમિમાં પાકિસ્તાનનો બાંગ્લાદેશ સામે આઠ વિકેટે વિજય થયો હતો. એમાં પાકિસ્તાની ટીમે ૬૩ બૉલ બાકી રાખીને જીત મેળવી હતી.

શ્રીલંકાની ટીમ આઠ વિકેટે ૧૩૮ રન કરી શકી હતી. ભારતીય ટીમના હેનિલ પટેલ અને કનિષ્ક ચૌહાણે બે-બે વિકેટ લીધી હતી. ભારતે વિહાન મલ્હોત્રાના અણનમ ૬૧ રન અને આરૉન જ્યોર્જના અણનમ ૫૮ રનની મદદથી ૧૮ ઓવરમાં બે વિકેટે ૧૩૯ રનના સ્કોર સાથે વિજય મેળવ્યો હતો. ■

# લખનઊએ જૉશ ઇંગ્લિસને ૮.૬ કરોડ રૂપિયામાં ખરીદ્યો અને હવે કહે છે, 'હું પરણવાનો છું એટલે બધી મૅચ નહીં રમું'

## ઑસ્ટ્રેલિયન વિકેટકીપર કદાચ હનીમૂન મોકૂફ રાખીને વધુ મૅચો રમવા આવશે

નવી દિલ્હીઃ આઈપીએલની આગામી સીઝન ૨૬મી માર્ચે શરૂ થશે, પરંતુ ઑસ્ટ્રેલિયાના વિકેટકીપર બૅટ્સમૅન જૉશ ઇંગ્લિસે લખનઊ સુપર જાયન્ટ્સ માટે ચિંતા જગાવી હતી.

લખનઊના ફ્રેન્ચાઇઝીએ મંગળવારે મિની ઑક્શનમાં ઇંગ્લિસને ૨.૦૦ કરોડની મૂળ કિંમત સામે તીવ્ર હરીફાઈ વચ્ચે ૮.૬૦ કરોડના તોતિંગ ભાવે ખરીદ્યો હતો. જોકે હવે ઇંગ્લિસે કહેવડાવ્યું છે કે તે એપ્રિલની શરૂઆતમાં (૧૮મી એપ્રિલે) લગ્ન કરવાનો હોવાથી આઈપીએલ-૨૦૨૬ની બધી મૅચ નહીં રમે. લખનઊએ ૮.૬૦ કરોડના ઊંચા ભાવે એ હેતુથી જ તેને ખરીદ્યો છે કે તે આખી સીઝન રમે અને ટીમને જિતાડતો રહે. જોકે ઇંગ્લિસને પંજાબે હરાજી માટે રિલીઝ કર્યો હતો ત્યારે જ તેણે એ ફ્રેન્ચાઇઝીને કહ્યું હતું કે તે પરણવાનો હોવાથી ૨૦૨૬ની આઈપીએલ સીઝનમાં માંડ બે અઠવાડિયા (લગભગ ચાર મૅચ) રમી શકશે.



ઇંગ્લિસે ૮.૬ કરોડનો ઊંચો ભાવ મેળવ્યો હોવાથી લગ્ન કર્યા બાદ તે હનીમૂન પર જવાનું કદાચ મોકૂફ રાખીને આઈપીએલમાં વધુ રમવાનું પસંદ કરશે.

# કપિલ દેવની ચર્ચાસ્પદ ટિપ્પણી, 'ગૌતમ ગંભીર કોચ નહીં, પણ મૅનેજર કહેવાય'



કોલકાતાઃ ભારતના સૌપ્રથમ વર્લ્ડ ચૅમ્પિયન-કૅપ્ટન કપિલ દેવે ટીમ ઇન્ડિયાના હેડ-કોચ ગૌતમ ગંભીરને કોચ નહીં, પણ મૅનેજર તરીકે ઓળખાવીને નવી ચર્ચા શરૂ કરી છે. કપિલે એક પ્રવચનમાં કહ્યું કે ' ગૌતમ ગંભીર કોચ હોઈ જ ન શકે.'

ગયા વર્ષે રાહુલ દ્રવિડે ટી-૨૦ વર્લ્ડ કપના ચૅમ્પિયનપદ બાદ ભારતીય ટીમને કોચિંગ આપવાનું છોડી દીધું ત્યાર બાદ ગંભીરને કોચિંગની કમાન સોંપવામાં આવી હતી. તેના કોચિંગમાં ભારત વ્હાઇટબૉલ ક્રિકેટમાં (વન-ડે અને ટી-૨૦માં) એકંદરે સારું પર્ફોર્મ કરી રહ્યું છે, પણ રેડ બૉલ ક્રિકેટ (ટેસ્ટ ફૉર્મેટ)માં ભારતનો પર્ફોર્મન્સ ખૂબ ખરાબ રહ્યો છે એટલે ગંભીર કરોડો ભારતીય ક્રિકેટપ્રેમીઓનું નિશાન બન્યો છે.

ટીમમાં ખેલાડીઓને સામેલ કરવાની બાબતમાં વારંવાર રૉટેશનની નીતિ અજમાવવી, પાર્ટ-ટાઇમ બોલર્સ પર મદાર રાખવો, જરૂર કરતાં વધુ ઑલરાઉન્ડર્સને ઇલેવનમાં સમાવવા પર ભાર મૂકવો અને રણનીતિ સ્પષ્ટ ન રાખવી એ બદલ ગંભીરની ખૂબ ટીકા થઈ રહી છે.

કપિલ દેવે કોલકાતામાં ઇન્ડિયન ચૅમ્બર ઑફ કૉમર્સના 'આઇસીસી શતાબ્દી' સત્ર દરમ્યાન કહ્યું કે સમકાલીન ક્રિકેટમાં 'કોચ' શબ્દને ઘણી વાર અલગ રીતે સમજવામાં આવે છે. કપિલે આ વિશે વધુમાં કહ્યું, 'આજે કોચ શબ્દ સાવ સામાન્ય થઈ ગયો છે. ગૌતમ ગંભીર ટીમ-કોચ ન હોઈ શકે, તે ટીમ-મૅનેજર હોઈ શકે. મને સ્કૂલમાં અને કૉલેજમાં ક્રિકેટ શીખવનાર અને એમાં સતતપણે મારી ખામીઓમાં સુધારો કરાવનાર પ્રશિક્ષક મારી દૃષ્ટિએ ખરા અર્થમાં કોચ કહેવાય.'

કપિલ દેવે પ્રવચન દરમ્યાન એવો સવાલ પણ ઉઠાવ્યો કે 'એક હેડ-કોચ ટીમના દરેક વિભાગ માટેનો ટેક્નિકલ નિષ્ણાત કેવી રીતે હોઈ શકે? ગૌતમ ગંભીર લેગ-સ્પિનરને કે વિકેટકીપરને કેવી રીતે કોચિંગ આપી શકે ? વાસ્તવમાં આ પ્રકારના ખેલાડીઓને પ્રશિક્ષણ આપવાનું મૅનેજ કરવામાં આવતું હોય છે. આધુનિક ક્રિકેટમાં મૅનેજરની ભૂમિકા ઘણી મહત્ત્વપૂર્ણ હોય છે, કારણકે મૅનેજર ખેલાડીઓનો વિશ્વાસ જીતતા હોય છે. મૅનેજર તરીકે તમે પ્લેયર્સ પર ભરોસો મૂકી શકો છો કે તેઓ સફળતા મેળવી શકે એમ છે અને એ વિશ્વાસનું પરિણામ મેદાન પર જોવા મળે છે.' ■

# પશ્ચિમ રેલવેએ ઊર્જા સંરક્ષણ સપ્તાહ-૨૦૨૫ મનાવ્યું




મુંબઈઃ આજના ઝડપથી વિકસતા વિશ્વમાં ઊર્જા સંરક્ષણ અને પર્યાવરણીય જવાબદારી પ્રત્યેની તેની પ્રતિબદ્ધતાને મજબૂત બનાવતા, રેલવે તેના નેટવર્કમાં ટકાઉપણાને પ્રોત્સાહન આપવા માટે નોંધપાત્ર પગલાં લઈ રહ્યું છે. આ વલણને ચાલુ રાખીને, પશ્ચિમ રેલવેએ ૦૮થી ૧૪ ડિસેમ્બર ૨૦૨૫ દરમિયાન રાષ્ટ્રીય ઊર્જા સંરક્ષણ દિવસ નિમિત્તે ઊર્જા સંરક્ષણ સપ્તાહની ઉજવણી કરી હતી, જે દર વર્ષે ૧૪ ડિસેમ્બરે ઉજવવામાં આવે છે, જેનો ઉદ્દેશ્ય ઊર્જા સંરક્ષણ વિશે જાગૃતિ લાવવા અને પશ્ચિમ રેલવે દ્વારા હાથ ધરવામાં આવેલી પહેલોને પ્રકાશિત કરવાનો છે.

પશ્ચિમ રેલવેના મુખ્ય જનસંપર્ક અધિકારી શ્રી વિનીત અભિષેક દ્વારા ઈશ્યૂ કરાયેલી એક અખબારી યાદી અનુસાર, અઠવાડિયાભર ચાલેલી ઉજવણી દરમિયાન, તમામ છ વિભાગો, પાંચ વર્કશોપ અને પશ્ચિમ રેલવેના મુખ્યાલયમાં વિવિધ પ્રકારના ઊર્જા સંરક્ષણ જાગૃતિ કાર્યક્રમો યોજવામાં આવ્યા હતા. આ પહેલોમાં સેમિનાર, પેમ્ફલેટનું વિતરણ, રેલવે સ્ટેશનો પર જાહેર જાહેરાતો, SMS એલર્ટ્સ, બેનરો પ્રદર્શિત કરવા વગેરેનો સમાવેશ થાય છે. શ્રી વિનિતે વધુમાં ઉમેર્યું હતું કે, પંદર રેલવે અધિકારીઓને ઊર્જા કાર્યક્ષમતા વધારવા અને પશ્ચિમ રેલવે પર નવીન વર્ષ બચત પગલાં અમલમાં મૂકવા માટે તેમના ઉત્કૃષ્ટ યોગદાન બદલ મેરિટ પ્રમાણપત્રો અને રોકડ પુરસ્કારોથી સન્માનિત કરવામાં આવ્યા હતા. ■

### અમ્પાયરને ઈજા

અમદાવાદમાં ગઈ કાલે સાઉથ આફ્રિકા સામેની ટી-૨૦માં સંજુ સૅમસનના શૉટમાં અમ્પાયર રોહન પંડિતને પગમાં બૉલ વાગતાં તેઓ નીચે બેસી પડ્યા હતા અને તબીબી ટીમ તેમની મદદે દોડી આવી હતી.



# શ્રીલંકાએ અસલંકાની કૅપ્ટન્સી છીનવી, વર્લ્ડ કપ માટે શનાકાને સુકાની બનાવ્યો

કોલંબોઃ આગામી ફેબ્રુઆરીના મેન્સ ટી-૨૦ વર્લ્ડ કપના ભારત ઉપરાંતના બીજા યજમાન શ્રીલંકાએ પચીસ ખેલાડીઓના નામ સાથેની કામચલાઉ સ્ક્વૉડ જાહેર કરી છે અને શ્રીલંકન ક્રિકેટ બોર્ડનો સૌથી મોટો ફેરફાર એ છે કે કૅપ્ટનપદેથી ચરિથ અસલંકાને હટાવી દેવામાં આવ્યો છે અને દાસુન શનાકાને નેતૃત્વની જવાબદારી સોંપવામાં આવી છે જે માટેનાં કારણો પણ બહાર આવ્યાં છે

પ્રમોદયા વિક્રમાસિંઘે ફરી શ્રીલંકાના ચીફ સિલેક્ટર બન્યા છે અને તેમણે કહ્યું છે કે અસલંકાની બૅટિંગ ખૂબ ખરાબ થઈ ગઈ છે અને ઑલરાઉન્ડર શનાકાને પાછલા ત્રણ વર્લ્ડ કપ રમવાનો અનુભવ છે એટલે કૅપ્ટન્સીની બાબતમાં અમે આ મોટા ફેરફાર કર્યા છે.

**શ્રીલંકાના પચીસ સંભવિતોઃ** દાસુન શનાકા (કૅપ્ટન), પથુમ નિસન્કા, કુસાલ મેન્ડિસ, કામિલ મિશારા, કુસાલ પરેરા, ધનંજય ડિસિલ્વા, નિરોશાન ડિકવેલા, જેનિથ લિયાનાગે, ચરિથ અસલંકા, કામિન્ડુ મેન્ડિસ, પવન રત્નાયકે, સહાન આરાચ્ચીગે, વનિન્દુ હસરંગા, દુનિથ વેલાલાગે, મિલન રત્નાયકે, નુવાન થુશારા, એશાન મલિન્ગા, દુશ્મંથા ચમીરા, પ્રમોદ મદુશાન, મથીશા પથિરાના, દિલશાન મદુશન્કા, માહીશ થીકશાના, દુશાન હેમંથા, વિજયકાન્ત વિયાસકાન્ત અને ત્રવીન મૅથ્યૂ. ■

# કોલકાતાનું ફ્રૅન્ચાઇઝી ઇક્વિટી હિસ્સો વેચવા માગે છે!

કોલકાતાઃ ૨૦૨૫ની આઇપીએલની ચૅમ્પિયન રૉયલ ચૅલેન્જર્સ બેંગલૂરુ (આરસીબી) અને ૨૦૦૮ની પ્રથમ વિજેતા રાજસ્થાન રૉયલ્સ (આરઆર) ટીમના ફ્રૅન્ચાઇઝી પોતાની ઇક્વિટીના અમુક હિસ્સાના વેચાણ માટે આગળ વધી રહ્યા હોવાની ચર્ચા હજી શમી નથી ત્યાં ત્રીજી ટીમના ઇક્વિટી વેચાણની વાત બહાર આવી છે.

૨૦૨૪માં ત્રીજી ટ્રોફી જીતનાર કોલકાતા નાઇટ રાઇડર્સ (કેકેઆર) પોતાનો નજીવો ઇક્વિટી હિસ્સો વેચવા માગે છે એવું એક જાણીતી વેબસાઇટને ઉદ્યોગના સૂત્રો પાસેથી જાણવા મળ્યું છે.

કેકેઆરની સ્થાપના ૨૦૦૮માં થઈ હતી. શાહરુખ ખાનની રેડ ચિલીઝ એન્ટરટેઇનમેન્ટ નામની કંપની એમાં પંચાવન ટકાનો બહુમત ઇક્વિટી હિસ્સો ધરાવે છે, જ્યારે બાકીનો ૪૫ ટકા ભાગ અભિનેત્રી જુહી ચાવલા અને તેના પતિ જય મહેતાના મહેતા ગ્રૂપ પાસે છે.

કહેવાય છે કે મહેતા ગ્રૂપ પોતાનો નાનો ઇક્વિટી હિસ્સો વેચવા માગે છે અને એ માટે એણે નોમુરા નામની ઇન્વેસ્ટમેન્ટ બૅન્કને સંભવિત ડીલ સંબંધમાં ઍડવાઇઝર તરીકે નિયુક્ત કરી છે અને કહેવાય છે કે આ ડીલ આવતા વર્ષની શરૂઆતમાં જાહેર કરવામાં આવશે. ■



જય મહેતા અને જુહી ચાવલાનું મહેતા ગ્રૂપ કેકેઆરનો નાનો ઈક્વિટી હિસ્સો વેચી દેવા માગે છે એવા અહેવાલ છે.

# ઑસ્ટ્રેલિયા સતત ત્રીજા વિજયની દિશામાં

ઍડિલેઇડઃ ઇંગ્લૅન્ડ સામેની ત્રીજી ઍશિઝ ટેસ્ટમાં ગઈ કાલે ત્રીજા દિવસે ઑસ્ટ્રેલિયાએ ૮૫ રનની સરસાઈ સહિત બીજા દાવમાં ૩૫૬ રન કર્યા હતા અને હવે સિરીઝમાં લાગલગાટ ત્રીજા વિજયની દિશામાં છે. ગઈ કાલની રમતને અંતે યજમાન ટીમનો સ્કોર ૪/૨૭૧ હતો. પહેલા દાવમાં એના ૩૭૧ રન હતા. ઓપનર ટ્રૅવિસ હેડ ૧૪૨ રન અને ઍલેક્સ કૅરી બાવન રન પર રમી રહ્યા હતા. ઇંગ્લૅન્ડે પ્રથમ ઇનિંગ્સમાં ૨૮૬ રન કર્યા હતા. ટ્રૅવિસ હેડ સેન્ચુરી કર્યા પછી ઍડિલેઇડની ભૂમિને નમન કરીને ચૂમી લીધી હતી. ■

# વીક એન્ડ

સ્પોર્ટ્સવુમન

સારિમ અન્ના
feedback@bombaysamachar.com

## ૨૦૨૫ના વર્ષમાં નારી શક્તિનો જયજયકાર

**ભારતીય** મહિલા ક્રિકેટને નવી દિશા, નવી પરિભાષા, નવું પરિમાણ અને નવી ઊંચાઈ ૨૦૨૫ની બીજી નવેમ્બરે મળ્યા જ્યારે ભારતે આઇસીસી વન-ડે વિશ્વ કપ (મહિલા)ની ફાઇનલમાં સાઉથ આફ્રિકાને હરાવીને પહેલી વાર આ ટાઇટલ જીતી લીધું હતું. આ સફળતા સાથે ભારતીય ક્રિકેટમાં નવો અધ્યાય શરૂ થયો છે. હરમનપ્રીત કૌરની કૅપ્ટન્સી અને સ્મૃતિ મંધાનાની વાઇસ-કૅપ્ટન્સીમાં ભારતની દીકરીઓએ જે રીતે ક્રિકેટના ઇતિહાસમાં નામ નોંધાવ્યું એ વાત કોઈ પરી કથાથી ઊણું ઊતરે એવું નથી.


લીગ સ્તરે સતત ત્રણ મૅચ હાર્યા ત્યારે લાગતું હતું કે આપણી ટીમ સેમિ ફાઇનલમાં પણ નહીં પહોંચી શકે, પરંતુ ત્યાર બાદ હરમનપ્રીત ઍન્ડ કંપનીએ જે અસાધારણ જોશ અને જુસ્સો બતાવીને જે કમબૅક કર્યું અને એમાં પણ ખાસ કરીને સેમિ ફાઇનલમાં સાત વખત ચૅમ્પિયન બનેલા ઑસ્ટ્રેલિયા સામે ૩૩૯ રનનો રેકૉર્ડ-બ્રેક ચેઝ સ્કોર હાંસલ કર્યો ત્યારે ભારત પ્રથમ વિશ્વ કપ ટ્રોફી જીતશે એ આશા પ્રબળ થઈ હતી. બન્યું પણ એવું જ. ફાઇનલમાં ભારતે સાઉથ આફ્રિકાને બાવન રનથી હરાવીને વર્લ્ડ ચૅમ્પિયન બનવાનું સપનું સાકાર કરી જ લીધું. ખરેખર તો આ સફળતાના બીજ આ વર્ષની શરૂઆતમાં ઇંગ્લૅન્ડમાં રોપવામાં આવ્યાં હતાં, જ્યારે ભારતીય મહિલા ટીમે ઇંગ્લૅન્ડને પહેલી જ વખત ટી-૨૦ શ્રેણીમાં હરાવી હતી અને ૩-૨ના તફાવતથી ટ્રોફી જીતી લીધી હતી.

**વન-ડેની ચૅમ્પિયન્સ ટ્રોફી અને ટી-૨૦ના એશિયા કપને બાદ કરતા બીજી મોટી સ્પર્ધાઓમાં ભારતીય ખેલ ક્ષેત્રની વીરાંગનાઓએ જ દેશનું નામ રોશન કર્યું**

આ વર્ષે ભારતની પુરુષ ટીમે પણ સારી સફળતાઓ મેળવી. નવમી માર્ચે દુબઈમાં ભારતે કૅપ્ટન રોહિત શર્માના સુકાનમાં વન-ડેની આઇસીસી ચૅમ્પિયન્સ ટ્રોફી જીતી લીધી હતી. ચૅમ્પિયન્સ ટ્રોફીની નવ સીઝનમાં પહેલી વાર બન્યું કે જેમાં કોઈ ટીમે એક પણ મૅચ હાર્યા વગર ચૅમ્પિયનપદ મેળવી લીધું. ભારત સતત ત્રીજી વખત આ ટૂર્નામેન્ટની ફાઇનલમાં પહોંચ્યું. ભારતની આ ત્રીજી ચૅમ્પિયન્સ ટ્રોફી હતી. આ પહેલાં ભારત ૨૦૦૨ અને ૨૦૧૩માં ચૅમ્પિયન બન્યું હતું. એ ઉપરાંત, ભારતીય મેન્સ ટીમે ઇંગ્લૅન્ડમાં રસાકસીભરી ટેસ્ટ-સિરીઝ ૨-૨થી બરાબરીમાં લાવી દીધી હતી. સપ્ટેમ્બરમાં સૂર્યકુમાર યાદવના સુકાનમાં ભારતે પાકિસ્તાનને ત્રણ-ત્રણ પછડાટ આપીને ટી-૨૦નો એશિયા કપ જીતી લીધો હતો.

નવેમ્બર, ૨૦૨૫માં જ ભારતની દીકરીઓની બીજી ટીમે પણ મોટી સફળતા હાંસલ કરી હતી. કોલંબોમાં આયોજિત ટી-૨૦ વિમેન્સ બ્લાઇન્ડ વર્લ્ડ કપ યોજાયો હતો. જોઈ ન શક્તી મહિલાઓની ભારતીય ટીમે ફાઇનલમાં નેપાળને હરાવીને આ ઐતિહાસિક ટ્રોફી જીતી લીધી હતી.

મુક્કાબાજીની વાત કરીએ તો એમાં તાજેતરમાં ભારતની સફળતાની ખરી કથા પણ નારી શક્તિએ જ લખી છે. ગ્રેટર નોઇડામાં ૧૪-૨૦ નવેમ્બર દરમ્યાન વર્લ્ડ બૉક્સિંગ કપ (ડબ્લ્યૂબીસી)ની ફાઇનલ્સમાં ભારતના પુરુષ અને મહિલા બૉક્સર્સે કુલ ૨૦ મેડલ જીતી લીધા હતા જેમાં નવ સુવર્ણ, છ રજત અને પાંચ કાંસ્ય ચંદ્રક હતા. નવમાંથી સાત ગોલ્ડ મેડલ ભારતની મહિલા મુક્કાબાજોએ જીતી લીધા હતા. બાકીના બે સુવર્ણ પર પુરુષ મુક્કાબાજ હિતેશ ગુલિયા અને સચિન સિવાચનો કબજો હતો. આ ચૅમ્પિયનશિપ ખાસ કરીને ભારતની બે મુખ્ય મહિલા બૉક્સર નિખત ઝરીન અને પ્રીતિ પવારના જબરદસ્ત કમબૅકને લીધે યાદગાર બની ગઈ હતી. બન્ને મુક્કાબાજ થોડા સમયથી પોતાની પ્રતિભા, યોગ્યતા અને આશા-અપેક્ષાને અનુરૂપ કોઈને કોઈ કારણસર સારું પ્રદર્શન નહોતી કરી શકતી, પરંતુ ગ્રેટર નોઇડાની ઇવેન્ટમાં તેમણે જોરદાર વાપસી કરી હતી. તેમના આ પર્ફોર્મન્સ પરથી હવે આવતા વર્ષે એશિયન ગેમ્સમાં ભારતના ચંદ્રકોની સંખ્યા ઘણી વધેલી જોવા મળશે એવી આશા છે. એ રીતે પણ ૨૦૨૫નું વર્ષ ભારત માટે ગર્લ-પાવરનું રહ્યું હતું.


દિવ્યાંગોની તીરંદાજીમાં બન્ને હાથ વગર સુવર્ણ ચંદ્રક જીતનાર જમ્મુ-કાશ્મીરની શીતલ દેવી.


ભારતને પ્રથમ મહિલા વર્લ્ડ કપ ટ્રોફી અપાવનાર કૅપ્ટન હરમનપ્રીત કૌર અને વાઇસ-કૅપ્ટન સ્મૃતિ મંધાના.


ગયા મહિને મહિલાઓ માટેનો સૌપ્રથમ બ્લાઇન્ડ ટી-૨૦ વર્લ્ડ કપ જીતનારી ભારતીય ટીમ.


મહિલા ચેસનો વિશ્વ કપ જીતનાર દિવ્યા દેશમુખ અને રનર-અપ કૉનેરુ હમ્પી.

શતરંજની રમત મગજને સૌથી વધુ કસરત કરાવનારી કહેવાય છે અને એનો તાજેતરમાં ગોવામાં જે વર્લ્ડ કપ યોજાયો એમાં દેશના ટોચના પુરુષ ખેલાડીઓ ડી. ગુકેશ, આર. પ્રજ્ઞાનાનંદ અને અર્જુન એરીગૈસીમાંથી એક પણ દિગ્ગજ ખેલાડી સેમિ ફાઇનલમાં નહોતો પહોંચી શક્યો, પરંતુ છોકરીઓએ આ રમતમાં પણ વર્ષની શરૂઆતમાં ભારતનું નામ રોશન કર્યું હતું. નાગપુરમાં રહેતી ૧૯ વર્ષીય દિવ્યા દેશમુખે યુવા વિરુદ્ધ અનુભવી વચ્ચેના જંગમાં ભારતની જ કૉનેરુ હમ્પીને ફાઇનલમાં હરાવીને વિશ્વની મહિલા ચેસ ખેલાડીઓની સ્પર્ધાનો તાજ જીતી લીધો હતો. વિશ્વ કપમાં પહેલી વખત એવું બન્યું જેમાં બન્ને ફાઇનલિસ્ટ એક જ દેશની હતી અને એમાં દિવ્યા-હમ્પીએ દેશને અનેરુ ગૌરવ અપાવ્યું. હવે ધ કૅન્ડિડેટ્સ નામની ટોચની સ્પર્ધામાં ભારતની ઓછામાં ઓછી ત્રણ મહિલા પ્લેયર રમશે જેમાં દિવ્યા અને હમ્પી ઉપરાંત (પ્રજ્ઞાનાનંદની મોટી બહેન) આર. વૈશાલીનો પણ સમાવેશ છે.

બૅડમિન્ટનમાં પણ ભારતની બે છોકરી (ઉન્નતિ હૂડા, તન્વી શર્મા) ઊભરીને આગળ આવી છે. બીડબ્લ્યૂએફ વર્લ્ડ જુનિયર ચૅમ્પિયનશિપ આ વર્ષે આસામના ગુવાહાટીમાં યોજાઈ હતી જેમાં ભારતે ટીમ ઇવેન્ટમાં ઐતિહાસિક બ્રૉન્ઝ મેડલ જીતી લીધો હતો અને ઉન્નતિનો એમાં મુખ્ય પર્ફોર્મન્સ હતો. તન્વી મહિલાઓની સિંગલ્સની ફાઇનલમાં પહોંચી હતી અને સાઇના નેહવાલની ૧૭ વર્ષ પહેલાંની સિદ્ધિનું પુનરાવર્તન કરી શકે એમ હતી, પણ કમનસીબે તે ચૂકી ગઈ હતી. તન્વીએ રજત ચંદ્રકથી સંતોષ માનવો પડ્યો હતો.

પૅરા આર્ચરી (દિવ્યાંગો માટેની તીરંદાજી)માં જમ્મુ-કાશ્મીરની ૧૮ વર્ષીય શીતલ દેવી એવી પ્રથમ હાથ વિનાની મહિલા તીરંદાજ છે જેણે કમ્પાઉન્ડ આર્ચરીમાં વ્યક્તિગત વર્ગમાં વિશ્વ સ્પર્ધાનો ગોલ્ડ મેડલ જીતી લીધો. આ ઉપલબ્ધિ તેણે સપ્ટેમ્બર મહિનામાં ગ્વાંગ્જુમાં મેળવી હતી. તે તીરંદાજી સ્પર્ધાની એવી એકમાત્ર સ્પર્ધક હતી જેણે બન્ને હાથ વિના પણ એમાં ભાગ લીધો હતો. તૂર્કીની વર્લ્ડ નંબર-વન ઑજનુરને ૧૪૬-૧૪૩થી હરાવીને ગોલ્ડ મેડલ જીતી ચૂકેલી શીતલ દેવીએ પૅરા આર્ચરીમાં બન્ને પગનો ઉપયોગ કરીને નિશાના પર તીર મારીને સુવર્ણ ચંદ્રક જીતી લીધો હતો. વુશુ નામની માર્શલ આર્ટ્સની રમતની વૈશ્વિક સ્પર્ધામાં પણ ભારતીય મહિલા સ્પર્ધકો ચમકી હતી. પહેલી વખત ભારતની ત્રણ મહિલા સ્પર્ધક પોતપોતાના વર્ગમાં ગોલ્ડ મેડલ રાઉન્ડમાં પહોંચી હતી. જોકે બ્રાઝિલમાં આયોજિત વર્લ્ડ વુશુ ચૅમ્પિયનશિપ નામની આ ઇવેન્ટમાં ત્રણેય ભારતીય મહિલાએ રજત ચંદ્રકથી સંતોષ માનવો પડ્યો હતો. વુશુની વર્લ્ડ ગેમ્સમાં ભારતના આ પ્રથમ ચંદ્રક છે.

વન-ડેની ચૅમ્પિયન્સ ટ્રોફી અને ટી-૨૦ના એશિયા કપની સિદ્ધિને બાદ કરતા ૨૦૨૫ના વર્ષની બાકીની સ્પર્ધાઓમાં ભારતનું નામ રોશન કરવામાં મહિલા સ્પર્ધકોની સૌથી મોટી ભૂમિકા રહી છે. ■

અરાઉન્ડ ધ વર્લ્ડ

પ્રતીક્ષા થાનકી
pratiksha.thanki@bombaysamachar.com

## નારામાં મળી હરણની એક અનોખી દુનિયા...








**અઠવાડિયાથી** રોજ પચીસ હજાર સ્ટેપ્સની એવરેજ સાથે ચાલવામાં આટલી બધી હિલચાલની આદત વિનાના માણસની જે હાલત થાય એ હાલત મારી થઈ હતી. કોબેથી પાછાં આવતાં વરસાદમાં પલળવાનું પણ બન્યું. વિન્ડશિટર તો હતું જ, પણ ટાઢ તો લાગતી જ હતી. ઓસાકામાં હોટલ સુધી પહોંચતાં તો ખબર પડી ગઈ હતી કે માત્ર ઠંડીની ધ્રુજારી ન હતી. તાવ આવી ચૂક્યો હતો. જાપાનમાં આમ પણ બધાં માસ્ક પહેરીને જ ફરતાં હતાં. અમે પણ શક્ય હતું ત્યાં માસ્ક પહેરવાનું ચાલુ રાખેલું જ. છતાંય એક વાત નક્કી હતી, અહીં માસ્ક પહેરવાની જરૂર પણ લાગતી હતી. અને હવે તો તાવ આવી ચૂક્યો હતો.

એક્ઝોસ્ટ થવાના કારણે ઇમ્યુનિટી ડાઉન હતી કે પછી રસ્તામાંથી વાઈરસ પકડાયો હતો. અંતે તો હવે હજી થોડા દિવસો હિમેજી, નારા, ઓસાકાનું ટાઉન સેન્ટર, હિરોશીમા ઘણું જોવાનું બાકી હતું. તેમાં સાથે લાવેલી એસ્પ્રિન તો કામ લાગી રહી હતી, પણ સવાર સુધીમાં તો ઉધરસના ઉપાયની પણ જરૂર હતી. ટ્રાવેલ દરમ્યાન બેઝિક તાવ, પાચન, શરદી જેવી કોમન તકલીફોમાં કામ લાગે તેવી દવાઓ તો અમે સાથે રાખતાં જ, પણ આ રીતે પ્રવાસની વચ્ચે સવારે ઊભા પણ ન થઈ શકાય તેવો તાવ પહેલી વાર આવ્યો હતો.

જાપાનમાં ઓવર ધ કાઉન્ટર દવાઓ નહતી મળતી. મેડિકલ સ્ટોરે કુમારને માત્ર કફ સીરપ આપવામાં પણ પાસપોર્ટની કોપી લીધી અને એક મોટું ફોર્મ ભરાવડાવ્યું. આવું કોવિડ પછી બની રહ્યું હતું કે પછી જાપાન હંમેશાંથી જ આવું હતું તે પાછાં જઈને જાપાનીઝ કોલિગને પૂછ્યું તો તેણે કહ્યું કે દવાઓ બાબતે જાપાન પહેલેથી જ આવું છે. સવારે દવાઓ અને નાસ્તા પછી જરા હોશ આવ્યો, આખી રાત તાવમાં ઊંઘ નહોતી આવી. સવારે દવાઓ સાથે એવું જોશ આવી ગયું હતું કે હું નારા જવા માટે રેડી થઈ ગયેલી.

નારા જરા ઉત્સાહ સાથે હરણને નાસ્તો કરાવવા જવાનું હતું. એવું ગામ જ્યાં રસ્તામાં હરણ રખડતાં હોય ત્યાં જવાનું કોને ન ગમે. હવે તેમ કરવામાં ફરી પાછું ઘણું ચાલવાનું તો થવાનું જ હતું. અમે શક્ય હોય તો મારે ચાલવાનું વધુ ન થાય એવો પ્લાન બનાવ્યો. ટેક્સીથી ઉમેડા સ્ટેશન પહોંચ્યાં. હવે તો ત્યાં રોજ આવતાં હોઈએ તેમ રસ્તા યાદ રહી ગયેલા. જોકે સ્ટેશનની અંદરની દરેક માળની ગલીઓમાં તો હજી પણ ખોવાઈ જવાય તેવું જ હતું. ઉમેડા સ્ટેશનથી માંડ અડધો કલાકમાં અમે ફરી એક અનોખા શહેરમાં આવી ચૂક્યાં હતાં. માસ્ક અને પેરાસિટામોલ સાથે કામ ચાલી રહ્યું હતું. તેમાંય નારા ટ્રેન સ્ટેશનથી શ્રાઇન અને ડિયર પાર્ક સુધી પહોંચવા માટે એક બસ લેવી પડે તેમ હતું. અને તે બસના રસ્તે જ અમને પહેલું હરણ રસ્તો ક્રોસ કરતાં દેખાઈ ગયું હતું.

અચાનક જ અમે એવી દુનિયામાં આવી ગયાં હતાં જ્યાં હરણો સાધારણ રસ્તે આંટા મારી રહ્યાં હતાં. એક વાર તો એ પણ વિચાર આવ્યો કે આ ક્યાંક ફીવર ડ્રીમ તો નથી. નારાની તસવીરો જોઈને જે વિચારેલું, ખરું વાતાવરણ તેનાં કરતાં ઘણું વધુ અનોખું હતું. ભારતમાં કોઇ પણ શહેરમાં રસ્તામાં ગાય, કૂતરાં અને વાંદરાં જોયા હોવાની જરાય નવાઈ ન લાગે. ક્યારેક કોઈ સાધુ સાથે નીકળેલો હાથી પણ જોવા મળી જાય, પણ હરણને રોજિંદા ટ્રાફિકમાં આટા મારતાં જોવા માટે નજર ટેવાયેલી ન હતી. તેમાંય જેવી શ્રાઇન નજીક આવી, હરણોની સંખ્યા વધતી ચાલી. હવે થોડા થોડા અંતરે એક ઠેલા પર હરણ માટેનાં ખાસ બિસ્કિટ પણ મળતાં હતાં. શિકા સેનબેઈ તરીકે ઓળખાતું આ હરણનું ખાવાનું પણ ખાસ પવિત્ર માનવામાં આવતું હતું. તેમને આ બિસ્કિટ સિવાય કશું ખવડાવવાનું અલાઉડ ન હતું. હરણનાં ઝુંડોને પણ જાણે ખબર હતી કે અહીં આવનારાં લોકો ખાસ તેમના માટે જ આવે છે.

અમે પણ એક નાનું પેકેટ શિકા સેનબેઈ તેમને ખવડાવ્યું, થોડાં હરણને જાણે તેમના માટે જામેલી ભીડ સાથે કોઈ લેવાદેવા ન હોય તેમ ઝાડ નીચે કે ખૂણામાં જઈને બેસી ગયેલાં, અને થોડાં હરણ અત્યંત પટડાં થઈને લોકોનું ધ્યાન ખેંચવા પ્રયાસ કરી રહ્યાં હતાં. અમુક આમ જ ટાઇમ પાસ માટે આંટા મારી રહ્યાં હતાં. થોડાં તડકે બેસીને જિંદગીનો આનંદ લેતાં પણ દેખાયાં. શ્રાઇન ઘણી મોટી, અંદર સુધી લાંબું ચાલવું પડે તેવી અને ઘણાં પગથિયાંવાળી પણ હતી. હું બહાર પાર્કમાં હરણ પાસે બેસીશ, ત્યાં કુમાર અંદર કંઈ અલગ હોય તો મને બોલાવશે, બાકી તે આંટો મારીને પાછો આવશે, એવા પ્લાન સાથે મેં ત્યાંના હરણો સાથે થોડો વધુ સમય વિતાવ્યો. નારામાં આજકાલ કરતાં ૧૨૦૦ વર્ષથી હરણો વસે છે. આ કસુગા તાઇશા શ્રાઇન તેમનું ખાસ ધ્યાન પણ રાખે છે. એમ પણ માનવામાં આવે છે કે નારાનાં આ હરણોની જાત ત્યાંની ખાસ છે અને તેમાં બહારથી આવેલા કોઈ હરણની બ્રીડનું કોઈ મિશ્રણ નથી. આખાય નારામાં કુલ પંદર સો જેટલાં હરણ છે. મોટાભાગનાં આ શ્રાઇન અને પાર્ક વચ્ચે જ રહે છે.

અમે હરણ સાથે મજા કરીને એક નાનકડા સાયન્સ પાર્ક પાસે આવ્યાં. અહીં જરા શાંતિથી બેસવા મળ્યું અને સાથે જાપાનની ભૂકંપ સામેની તૈયારી વિષે જાણવા મળ્યું. જાપાનને ભૂકંપનો ઘણો અનુભવ છે અને તેની સામે આ દેશ ઘણી તૈયારી પણ કરી ચૂક્યો છે. અલગ અલગ ભૂકંપની હિલચાલનો અનુભવ કરાવતી ખુરશી પર બેસીને તેની ઇન્ટેનસિટીનો અંદાજ લગાવી શકાતો હતો. કયા પ્રકારના ઝોનમાં કેવા બાંધકામ કરવા અને કઈ રીતે પબ્લિક ઇન્ફ્રાસ્ટ્રક્ચરને સલામત રાખવું તેના વિષે ત્યાં જાણવા મળ્યું.

કોઈ અલગ દુનિયાનાં હરણ સાથેના અનુભવો પછી ભૂકંપનો વિષય જાણે અમને ફરી પાછો વાસ્તવિકતામાં લઈ આવ્યો. ૨૦૦૧માં ગુજરાતમાં ભૂકંપનો કપરો અનુભવ કર્યા પછી લાગ્યું કે દુનિયા ખરેખર સારાનરસા અનુભવોનું વિચિત્ર મિશ્રણ છે. નારાનાં હરણોએ તો કદી બહારની દુનિયા જોઈ નથી, પણ તેમને આખી દુનિયા અહીં જોવા આવી રહી છે. તાવમાં ફરવા નીકળવામાં ફિલોસોફર બની જવાશે એ નહોતું ધાર્યું. ■



# હમશકલ



## ઇન્સ્પેક્ટર કરણ બક્ષીઃ કેસ ફાઈલ્સ

ટીના દોશી

ઇન્સ્પેક્ટર કરણ બક્ષી પોતાની સામે બેઠેલા અભયકુમારને જોઈ રહ્યો. ભયભીત અભયકુમાર. રોયલ બ્લુ રંગના શર્ટ અને કાળા પેન્ટ પર બ્લેક કોટમાં સજ્જ અભયકુમાર પહેલી નજરે ભલોભોળો લાગ્યો. ઊજળો વાન, મોટી કાળી આંખો, માથે કાળા વાળ. ડાય કરેલા નથી લગતા. નાક બહુ મોટું નહીં ને નાનું પણ નહીં, હોઠ પાતળા. પણછ ખેંચેલા તીર જેવા. એકંદરે ચહેરો જોવો ગમે એવો. જોકે આ ચહેરા પાછળ બીજો ચહેરો પણ હોઈ શકે. એ તો ખબર પડશે. કરણે જોયું કે અત્યારે આ ચહેરા પર ગંભીરતા, ગભરાટ અને ચિંતાનાં વાદળ છવાયેલાં. એની ઉંમર કદાચ પાંત્રીસેકની હશે, પણ આંખ નીચેનાં કાળાં કુંડાળાંને કારણે એ હતો એથી દસેક વર્ષ મોટો દેખાતો હતો. કદાચ આખી રાત ઊંઘ્યો નહીં હોય. એણે જે કહ્યું એ સાચું હોય તો ઊંઘ ન આવે એ સ્વાભાવિક જ હતું. એ માંડ માંડ સ્વસ્થતા જાળવીને બેઠેલો. બેધ્યાનપણે વારંવાર હાથની મુઠ્ઠીઓ ખોલબંધ કરી રહ્યો હતો. કંઈક બોલવા મથતો હતો અને વળી મૌન થઇ જતો હતો. ત્રણેક મિનિટ સુધી અભયકુમારનું અવલોકન કર્યા પછી કરણ બક્ષીએ પોતાના બંને હાથની આંગળીઓ પરસ્પર પરોવી, અંકોડા ભીડી, એને હડપચી પર ટેકવીને સ્થિર નજરે પૂછ્યુંઃ

‘એટલે તમે એમ કહેવા માંગો છો કે તમારો કોઈ હમશકલ છે જે તમારા નામે ખુલ્લેઆમ ફરી રહ્યો છે?’

હા, ઇન્સ્પેક્ટર બક્ષી, હું ક્યારનો એ જ તો સમજાવી રહ્યો છું...અભયકુમાર પોતાના નામથી બિલકુલ વિપરીત ભય પામેલો હોય તેવું વર્તન કરતાં બોલ્યોઃ ‘તમને મારી વાતમાં વિશ્વાસ નથી ને? હું પણ પહેલાં નહોતો માનતો. મારા હમશકલની વાત મેં પોતે મજાકમાં ઉડાવેલી. પણ હવે મને ખાતરી થઇ ગઈ છે કે કોઈ છે જે મારા જેવો જ દેખાય છે અને મારા નામે જ જાહેરમાં ફરી રહ્યો છે!’

‘તમારી ઓળખ, તમારું રૂપ લઈને ફરવાથી એને કોઈ ફાયદો થાય એમ છે?’ કરણે જાણવાનો પ્રયત્ન કર્યોઃ ‘એટલે કે સંપત્તિ કે બીજું કંઈક...’

‘ના,રે...’ અભયકુમારે માથું હલાવ્યુંઃ ‘એટલે જ તો મને નવાઈ લાગે છે કે એ આવું કેમ કરી રહ્યો છે. ન તો મારી પાસે જર છે ન જમીન..!’

‘તમે એને ક્યારેય જોયો છે?’ કરણ વિગતો મેળવવાનો પ્રયાસ કરવા લાગ્યો.

‘ના, મારી સામે આવવાની એણે હજુ સુધી હિંમત કરી નથી.’ અભયકુમારે મુઠ્ઠી કચકચાવીઃ ‘એક વાર મારી સામે આવે તો ખરો. એનો ટોટો ન પીસી નાખું તો મારું નામ નહીં!’

બાજુમાં બેઠેલા જયરાજ જાડેજાથી બોલી જવાયુંઃ ‘તમારો કોઈ જોડિયા ભાઈ હતો જે કુંભમેળામાં ખોવાઈ ગયો હોય અને આટલા વર્ષે પાછો આવ્યો હોય એ પણ શક્ય છે ને?’

‘પ્લીઝ ઇન્સ્પેક્ટર...’ અભયના અવાજમાં દર્દ ઘૂંટાયુંઃ ‘હું આમ પણ દુઃખી છું. મારી ઠેકડી ન ઉડાડો. હું કોઈ બોલિવૂડની મસાલા ફિલ્મની કથા નથી કહી રહ્યો. મારી પોતાની વેદના વર્ણવી રહ્યો છું. હું સાચું કહું છું કે મારો કોઈ હમશકલ છે, જે મારું નામ, મારી ઓળખ લઈને ફરે છે!’

કરણે જયરાજને ઈશારો કર્યો. એટલે એ શાંત થઈને, ગંભીર બનીને સાંભળવા લાગ્યો. કરણે સહાનુભૂતિથી પૂછ્યુંઃ ‘હું સમજું છું તમારી વાત... હવે મને એ કહો કે તમને કેવી રીતે ખબર પડી કે તમારો કોઈ હમશકલ છે અને એ તમારા નામે ફરી રહ્યો છે?’

‘હું કહું તમને...’ કહીને અભયકુમારે ખિસ્સામાંથી હાથરૂમાલ કાઢીને કપાળે બાઝેલો પસીનો લૂછ્યો. કરણે જોયું કે એણે જમણા હાથની વચલી આંગળીમાં શનિનો જાંબલી નંગ જડેલી સોનાની વીંટી પહેરેલી. કરણ એ વીંટી જોઈ રહ્યો. એટલે અભયકુમાર કહેઃ ‘શું વાત કરું? મારા તો ગ્રહો જ વાંકા છે. શનિની સાડા સાતી ચાલે છે. ખબર નહીં શું થવા બેઠું છે? અઠવાડિયા પહેલાં જ શનિની વીંટી કરાવી. જોઈએ હવે કેટલો ફેર પડે છે! નોકરીમાં પણ મારી તો પનોતી બેઠેલી છે. આટલું ઓછું હોય એમ પાછો પેલો હમશકલ ફૂટી નીકળ્યો!’

જયરાજઃ ‘હા, તો તમને હમશકલ વિશે કેવી રીતે ખબર પડી એ તમે કહેતા હતા!’

‘હા, હું એ જ કહેતો હતો...’ અભયકુમારે વિગતવાર કહેવાનું શરૂ કર્યુંઃ ‘લગભગ દોઢ મહિના પહેલાં હું મારા એક મિત્ર અતુલને ઘેર ગયો. ઘણા લાંબા સમયથી એને મળ્યો નહોતો. પણ મને જોઇને ખુશ થવાને બદલે એ ચોંક્યો. મને કહે કે, ગઈ કાલે જ તો તું આવેલો. આપણે સાથે જમ્યાં પણ હતાં. મેં ધાર્યું નહોતું કે આટલો જલ્દી પાછો આવીશ. પણ આવ, આવ...મેં કહ્યું કે હું તો ત્રણ મહિને આવ્યો છું. કાલે ક્યાં આવેલો? એ થોડો ઝંખવાણો પડી ગયો. વાત ત્યાં જ પૂરી થઇ. મને લાગ્યું કે, કંઈક ભાંગરો વટાયો છે. અથવા તો એ ભૂલકણો થઇ ગયો છે!’

‘હં, તો પહેલી વાર તમારો હમશકલ તમારા મિત્રએ જોયો. પ્રશ્ન એ છે કે એને કેવી રીતે ખબર પડી કે તમે એને ઘેર જવાના છો?’

‘એ જ તો! એને ખબર કેવી રીતે પડી...’ અભયકુમાર માથું ખંજવાળતાં બોલ્યોઃ ‘હું તો પાછા ફર્યા પછી એ વાત સાવ ભૂલી જ ગયેલો. પણ મહિના પહેલાં એ ફરી પ્રગટ્યો. પહેલી વાર દેખાયાના પંદર દિવસ પછી. અમારા કિરાણા સ્ટોરવાળાને ત્યાં!’

‘કિરાણાવાળાને ત્યાં?’ જયરાજની આંખમાં ચમક ઊપસી.

‘હા, કૃષ્ણવીર કિરાણાવાળાને ત્યાં...’ કહીને અભયકુમારે પાણીનો ઘૂંટડો ગળે ઉતાર્યોઃ ‘બન્યું એવું કે દર મહિનાનું કરિયાણું અમે એમને ત્યાંથી જ લઈએ છીએ. આગલે દિવસે અમે જે કાંઈ જોઈતું હોય તે સામાન લખાવી દઈએ અને બીજે દિવસે ઓફિસેથી પાછાં વળતાં હું ગાડીમાં સામાન મુકાવી દઉં. નિયમ મુજબ આ વખતે હું ગયો ત્યારે કૃષ્ણવીર મને કહે કે, એક કલાક પહેલાં તો તમે સામાન લઇ ગયા. પાછા આવ્યા તે કાંઈ બાકી રહી ગયું છે? હું તો સાંભળી જ રહ્યો. મેં કહ્યું હું તો અત્યારે જ ચાલ્યો આવું છું. તો કહેવા લાગ્યા, મજાક સારી કરો છો. હું તમને ન ઓળખું? હું કંઇ બોલ્યા વિના, સામાન લઈને પાછો આવ્યો, છતાં મને થયું કે કંઈક ગરબડ જરૂર છે!’

હં, પછી? કરણ સર્વ કાને સાંભળવા લાગ્યો.

‘ત્રણ અઠવાડિયા પહેલાંની વાત છે...’ અભયકુમારની આંખમાં ડરના ઓછાયા ઊતરી આવ્યાઃ ‘હું ઘેરથી ઓફિસ જવા સવારે સાડા નવે નીકળું છું. સાંજે સાડા છ વાગે ઘેર પાછો. એ દિવસે પણ રાબેતા મુજબ ઓફિસે ગયો. અગિયાર વાગ્યે તો પલકનો ફોન આવ્યો કે તમે ઓફિસે જવાને બદલે ઘરના ફળિયામાં કેમ બેઠેલા? અને હું બહાર આવું ત્યાં સુધીમાં ક્યાં ગાયબ થઇ ગયા?’

‘ઓહ..!’ કરણ ખુરસીમાં ટટ્ટાર થઈને સાંભળી રહ્યો. જયરાજ નિવેદન લખતો રહ્યો.

‘ઇન્સ્પેક્ટર, તમે માનશો? પલકની વાત સાંભળીને મને એવી તો ફાળ પડેલી!’ અભયકુમારના સ્વર કાંપવા લાગ્યોઃ ‘બે ઘડી તો હું સ્તબ્ધ જ થઇ ગયો. હું જે હમશકલને હસવામાં કાઢી રહ્યો હતો એ છેક મારા ઘર સુધી પહોંચી ગયેલો. જો એણે પલકને કંઇ નુકસાન પહોંચાડ્યું હોત તો?’ બોલતાં બોલતાં અભયકુમારનાં રૂંવાડાં ખડાં થઇ ગયાં.

‘તમે તમારી પત્નીને હમશકલ વિશે કહ્યું?’ કરણે કહ્યું.

‘ના, સાહેબ.’ અભયકુમારે કહ્યુંઃ ‘એને કહીશ તો એ બિચારી ગભરાઈ જશે. તમે પણ એને નહીં કહેતા, પ્લીઝ!’

‘તમારા હમશકલે કપડાં પણ તમારા જેવા જ પહેરેલાં?’ કરણે અણિયાળો સવાલ કર્યો.

‘હા સાહેબ.’ અભયકુમાર કહેઃ ‘હું કેવા કપડાં પહેરીશ એના વિશે એને કેવી રીતે ખબર પડતી હશે કોણ જાણે!’

ઓકે... જયરાજ બોલ્યોઃ ‘તમે કહ્યું કે ત્રણ અઠવાડિયા પહેલાં પલકે તમારા હમશકલને જોયેલો. પછી એ કોઈને દેખાયો?’

‘હા, બે અઠવાડિયા પહેલાં એ ઘેર આવેલો...’ અભયકુમાર હાંફતો હાંફતો એળેબેળે બોલી રહ્યો હતોઃ ‘હું રોજ ઘેરથી ટિફિન લઈને ઓફિસે જાઉં છું. એટલે દિવસ દરમિયાન ઘેર પાછા આવવાનું કોઈ કારણ જ નથી. એ દિવસે પણ હું ઘેર નહોતો ગયો. ઓફિસમાં જ એક મિટિંગ હતી. સાંજે ઘેર પાછો આવ્યો ત્યારે પલકનું મોઢું ચડેલું હતું. ગુસ્સાથી લાલચોળ થયેલી. મેં કારણ પૂછતાં એ ફુંગરાઈને બોલી કે, ‘તમે બપોરે અચાનક જમવા ઘેર આવ્યા તો મને ગમ્યું. ટિફિન ભલે પડ્યું રહ્યું. આમ તો મારું બનાવેલું ભોજન તમને બહુ ભાવે છે. પણ તમે સબ્જીમાં નમક ઓછું ન હોવા છતાં એ મુદ્દે મારી સાથે ઝઘડો કર્યો. ન કહેવાનું કહ્યું અને ફૂલદાન છુટ્ટું માર્યું. મને માથે લોહી નીકળવા લાગ્યું. આટલું થયા છતાં એમ પૂછો છો કે હું નારાજ કેમ છું?’ એ દિવસની ઘટના વર્ણવીને અભયકુમાર થરથર ધ્રૂજવા લાગ્યોઃ ‘એ મારા ઘર સુધી પહોંચી ગયો. મારી પલકને ઈજા પહોંચાડી રહ્યો છે. સમજાતું નથી કે શું કરવું?’

‘મને લાગે છે કે તમારે પલકને કહી દેવું જોઈએ તમારા હમશકલ વિશે!’ કરણે સૂચન કર્યું.

‘ના, ના. એવું ન કરશો.’ અભયકુમાર કરગરવા લાગ્યોઃ ‘એને ખબર પડશે તો એનું હાર્ટ ફેઈલ થઇ જશે. નબળા હૃદયની છે બાપડી. મારા હમશકલ વિશે જાણીને ક્યાંક મરી ન જાય!’

‘સારું. હવે એ કહો કે છેલ્લા બે અઠવાડિયામાં કોઈએ એને જોયો?’ જયરાજે પૂછ્યું.

‘હા, જોયોને...’ અભયકુમાર આંગળીના નખને દાંતથી કરડવા લાગ્યોઃ ‘ગયા અઠવાડિયે પલકે જ પાછો જોયો. હું આખો દિવસ ઓફિસમાં જ હતો. પણ સાંજે પલક કહેવા લાગી કે, ‘હું બજારમાંથી પાછી આવતી હતી ત્યારે તમારી ગાડીની અડફેટે આવી ગયેલી. તમે તો મને મારી જ નાખત, સહેજમાં જ બચી ગઈ. પછી ડોળા કાઢીને કહેવા લાગી કે, મારા પરથી ગાડી ચલાવી મૂકવી’તી ને? કચડી નાખવી તી.’ આ સાંભળીને મને કમકમાં આવી ગયા. મારી પલકને કંઇ થઇ જશે તો?’

‘હં, એ પછી છેલ્લા અઠવાડિયામાં જોયો એને કોઈએ?’ કરણના મનમાં કંઈક સમીકરણો રચાવા લાગ્યાં.

‘હા, મારા પાડોશીએ જોયો.’ કહીને અભયકુમાર બૂટથી ભોંય ખોતરવા લાગ્યોઃ ‘આજે સવારે મારી બાજુની ઈમારતમાં રહેતા રોહિતભાઈ રસ્તામાં મળ્યા. મને કહે કે, ગઈ કાલે સાંજે તમે પાણી લેવા મારે ત્યાં આવેલા, તે તમારે ત્યાં પાણી નહોતું આવતું કે શું? પહેલો સગો પાડોશી, કેમ? વળી કહેવા લાગ્યા કે, કાલે તમે પહેરેલો શનિનો નંગ ગમ્યો હં. સારું થયું. શનિનો નંગ પહેર્યો. એનાથી પનોતી બધી છૂમંતર થઇ જશે. આ તો મારા અનુભવની વાત છે! હું તો છક થઇ ગયો. મેં એમને કહ્યું કે, હું તમારે ઘેર આવ્યો જ નહોતો. પણ એ કહે કે, મશ્કરી સારી કરો છો. તમે નહોતા તો કોણ હતું? હું તમને ન ઓળખું ભલા માણસ? હવે મારે શું કરવું?’

‘હં...એના દેખા દેવાનો સમય ધીમે ધીમે ઓછો થતો જાય છે!’ કરણે કંઈક ગણતરીઓ માંડીને કહ્યુંઃ ‘એ દોઢ મહિના પહેલાં પહેલી વાર દેખાયો. પછી મહિના પહેલાં. પછી ત્રણ અઠવાડિયા પહેલાં, પછી બે અઠવાડિયા પહેલાં, પછી છ દિવસે.... હવે કદાચ પાંચ દિવસ પછી દેખાશે. હા, એવું બની શકે.’ અભયકુમારે ડોકું ધુણાવ્યું.

‘સારું. અમે તમારું નિવેદન નોંધી લીધું છે.’ જયરાજ બોલ્યોઃ ‘હવે તમે જાવ. અને સાવધાની રાખજો. એ કદાચ પલક પર પણ હુમલો કરી શકે. અમે તપાસ કરીને આગળની કાર્યવાહી કરીશું.’

‘ભલે... તો હું રજા લઉં.’ અભયકુમાર બેસીબેસીને થાકી ગયો હોય એ રીતે ઊભો થયો. જતાં જતાં કહેઃ ‘મારી પલકને કાંઈ ન થાય એનું ધ્યાન રાખજો. એને ન કહેતા. બિચારી આઘાતથી મરી જશે. કહીને નીકળી ગયો.’

પાંચ દિવસ પછી....મધરાત પછીનો સમય. અભયકુમારના શયનખંડમાં એક ઓળો હળવે પગે દાખલ થયો. હાથમાં મોજાં પહેરેલાં. રાતના અંધારામાં જમણા હાથે પકડેલી ધારદાર છરી ચમકતી હતી. ઓળો ધીમે ધીમે પલંગ તરફ આગળ વધ્યો અને પલંગમાં વચ્ચોવચ સૂતેલી પલકના સુંવાળા દેહમાં છરીના આડેધડ ઘા કરવા લાગ્યો. ભકાભક...ભકાભક...!

એ જ પળે અજવાળું થયું. એકાએક પ્રકાશ થતાં પેલા ઓળાની આંખો અંજાઈ ગઈ. એણે જોયું તો સામે ઇન્સ્પેક્ટર કરણ બક્ષી, જયરાજ જાડેજા અને... અને...આ બાજુમાં કોણ ઊભું છે? એને પોતાની આંખો પર વિશ્વાસ ન બેઠો. એ પલક હતી!

જીવતીજાગતી! સાજીસમી! તો પછી હમણાં જેને છરી મારી એ...! ઓળાએ પલંગ પરની ચાદર ખેંચી કાઢી..

ચાદર હેઠળથી બે તકિયા નીકળ્યા. ઓહ, આવડી મોટી છેતરપિંડી! મારી તો બાજી ઊંધી વળી ગઈ!!

તારી બાજી ઊંધી વળી ગઈને, અભયકુમાર ઉર્ફે હમશકલ! કરણ તમેમાંથી તુંકારા પર આવી ગયો, એટલે જયરાજે પેલા ઓળાએ વીંટાળેલી રજાઈ ખેંચી કાઢી. એ અભયકુમાર જ હતો!

‘તું તારી જાતને બહુ ચાલાક અને પોલીસને બેવકૂફ સમજતો લાગે છે, અભયકુમાર...’ કરણે કહેવાનું શરૂ કર્યુંઃ ‘તું મારી પાસે આવ્યો અને જે નિવેદન લખાવ્યું એ સાંભળીને જ મને ખબર પડી ગયેલી કે તું વાર્તા બનાવી રહ્યો છે. તારો કોઈ હમશકલ છે જ નહીં!’

‘એ કેવી રીતે?’ અભયકુમાર બોલ્યો.

‘એ એવી રીતે કે... કરણે કહ્યુંઃ ‘પહેલી વાત એ કે તારા હમશકલને એકલદોકલ માણસે જ જોયો છે. ઉદાહરણ તરીકે તારો મિત્ર અતુલ. તું એક દિવસ અચાનક એને ઘેર ગયો. જમ્યો. બીજે દિવસે પાછો ગયો. પછી કહ્યું કે હું તો આજે જ આવ્યો. એમાં ખાસ કાંઈ કરવાનું નહોતું. સિવાય કે થોડી એક્ટિંગ. કિરાણાવાળા સાથે પણ તેં એવું જ કર્યું. સામાન લઇ આવ્યો અને કલાકમાં પાછો ગયો. એમને પણ કહ્યું કે હું તો અત્યારે જ આવ્યો. થોડી એક્ટિંગ બસ...એટલે સુધીની તારી વાત સાંભળીને હું સમજવાનો પ્રયાસ કરી રહ્યો હતો કે આખરે તું કરવા શું માગે છે? પછી તે પલકની વાત કરી. તારો હમશકલ કોઈને કંઇ નુકસાન નહોતો કરતો, પણ પલકને એણે બે વાર ઘાયલ કરી. એક વાર ફૂલદાન મારીને અને બીજી વાર ગાડી હેઠળ કચડીને! પલકે એ વાત કરી ત્યારે તેં એમ ન કહ્યું કે, ફૂલદાન ફેંકનાર કે ગાડીની અડફેટે લેનાર હું નહોતો. કારણ કે એ તું જ હતો! બીજી વાત, બીજાઓને તારો હમશકલ એક જ વાર દેખાયો, પણ પલકે એને ત્રણ ત્રણ વાર જોયો. એવું તેં જ કહ્યું ને? પલકવાળી વાત સાંભળીને મને થયું કે તું જરૂર કોઈક વેંતમાં છે. પલકને ઈજા કરવા માંગે છે! વળી, તું વારંવાર કહેતો રહ્યો કે પલકને કાંઈ ન કહેશો. એનો અર્થ એમ જ થતો હતો કે તું પલક સાથે કશુંક ભયાનક કરવા ધારે છે. કરે તું અને નામ આવે તારા હમશકલનું! બરોબર ને?’

અભયકુમાર ઓશિયાળી આંખે બાહોશ કરણને જોઈ રહ્યો. એના પર નજર કરીને કરણ કારમી ઠંડકથી બોલ્યોઃ ‘તારા નિવેદનમાં જ તારું જૂઠ પકડાઈ ગયેલું. તારા પાડોશી રોહિતભાઈને ગઈકાલે તારો હમશકલ મળ્યો અને એણે પણ શનિના નંગવાળી વીંટી પહેરેલી. રોહિતભાઈએ એવું કહેલું, એમ તેં જ કહ્યું ને! આવું તો ત્યારે જ શક્ય બને જ્યારે એ તું પોતે હોય! કારણ એ વીંટી તેં હજુ ગયા અઠવાડિયે જ બનાવડાવી છે. શનિના નંગની વીંટી એ જ બનાવડાવે છે, જેને શનિ નડતો હોય. એ શોખ માટે પહેરવામાં આવતી નથી. હવે તું એમ કહે કે તારા હમશકલને પણ શનિ નડતો હશે, તો એ જરા વધારે પડતું લાગશે. માટે માપમાં રહેજે. શનિવાળી વાત સાંભળીને તો મને ખાતરી થઇ ગઈ કે તું હળાહળ જૂઠું બોલે છે! બીજી વાત, તારો હમશકલ કપડાં પણ તારા જેવા જ પહેરે એ માનવામાં આવતું નથી.જરા વધારે પડતું લાગે છે. તેં જ તારા નિવેદનમાં કહેલું કે તારું રૂપ કે તારી ઓળખ લઈને કોઈને કાંઈ ફાયદો થાય એમ નથી. તારી પાસે ન જર છે ન જમીન. ત્યારે જ મને ખ્યાલ આવી ગયેલો કે આ બધું જોરુ માટે થઇ રહ્યું છે. જર, જમીન ને જોરુ, ત્રણ કજીયાના છોરુ!’

‘તો તમે ત્યારે જ અભયની ધરપકડ કેમ ન કરી?’ જયરાજ કરણને અહોભાવથી નિહાળી રહ્યો.

એટલા માટે કે... કરણે પત્તાં ખોલ્યાંઃ ‘હું અભયની રંગે હાથ ધરપકડ કરવા માંગતો હતો. એ દિવસે એની ધરપકડ કરવા માટે કોઈ પુરાવો નહોતો. પણ એ કોઈ ખેલ કરવામાં છે એવી મને ખાતરી હતી. મેં એના કથનમાં કોઈ શંકા વ્યક્ત કરી હોત તો એ સાવચેત થઇ જાત અને પોતાની યોજના મુલત્વી રાખત. એથી મેં જ એને વિચાર આપ્યો કે હવે પાંચમે દિવસે કદાચ હમશકલ દેખાશે. અને એણે એ તક ઝડપીને પલકને છૂરી હુલાવી દેવાની યોજના ઘડી કાઢી. અને મેં મારો દાવ ખેલ્યો, તારી ચાલ ઊંધી વાળી દીધી. બોલ, ખરું કે ખોટું?’

‘ખરું, ખરું..’ અભયે ગુનો કબૂલી લીધોઃ ‘હું પલકથી કંટાળી ગયેલો. મારી ઓફિસમાં કામ કરતી જલ્પાના પ્રેમમાં પડેલો. પલકને રસ્તામાંથી હટાવું તો જ જલ્પાને પરણી શકું. એટલે મેં હમશકલની યોજના બનાવી કાઢી. હમશકલ પલકનું ખૂન કરે અને હું જલ્પા સાથે...!’

જયરાજે અભયને હાથકડી પહેરાવી ત્યારે પલકની નફરતભરી નજર કહેતી હતીઃ વાવો તેવું લણો! ■

**આવતા અઠવાડિયે નવી કથા**

---

## સ્થાપત્યનું વાઈ-ફાઈ

હેમંત વાળા feedback@bombaysamachar.com

# સ્થાપત્ય ને તેની માંગ

માંગ અને પુરવઠાનું સમીકરણ બધે જ પ્રસરેલ છે. સ્થાપત્ય આમાં કંઈ અપવાદ નથી. કેવા પ્રકારનું મકાન, ક્યાં, કેટલી કિંમતમાં તથા કઈ સગવડતાવાળું જોઈએ તે સમાજ નક્કી કરે. તેની માંગ ઊભી થાય એટલે સંલગ્ન વ્યવસાયિકો તે પ્રકારનો પુરવઠો પૂરો પાડે છે.

એક વિચારધારા પ્રમાણે સમાજમાં એ જ બાબત સ્વીકારતી હોય છે કે જેની માંગ હોય. આવી માંગ ચીજ વસ્તુઓની પણ હોઈ શકે અને ગુણવત્તાની પણ. ક્યાંક માત્ર ખોરાક જરૂરી હોય છે તો ક્યાંક ચટપટા સ્વાદની ઈચ્છા હોય છે. ક્યારેક માગણી જથ્થાની હોય તો ક્યારેક ચોક્કસ પ્રકારની ખાસિયતની. સ્થાપત્યના ક્ષેત્રમાં માંગણીમાં ક્યારેય કિંમતનું મહત્ત્વ હોય તો ક્યારેક વ્યક્તિગત કે સામાજિક ધારાધોરણ મહત્ત્વના બની રહે. માંગણી ક્યારે દેખાવ આધારિત હોય તો ક્યારેક માંગણી માટે ઉપયોગિતા પર ધ્યાન કેન્દ્રિત થયેલું હોય. સ્થાપત્યના સંદર્ભમાં ક્યારેક સ્થાનનું મહત્ત્વ હોય તો ક્યારેક આડોશ-પાડોશનું.

માગણી ઘણા પ્રકારની હોય. માગણી માટે ઘણા કારણો કાર્યરત હોય. માગણી ભિન્ન ભિન્ન બાબતો પર આધારિત હોય. અમુક પ્રકારની માગણી ટૂંકા સમયગાળા માટે હોય તો અમુક પ્રકારની માગણી લાંબા સમય સુધી હાવી બની રહે. સ્થાપત્યના ક્ષેત્રમાં સ્થાપિત થતી માગણી પાછળ પરંપરાગત તેમ જ સાંસ્કૃતિક મૂલ્યો પણ ભાગ ભજવે. ક્યારેક માગણી પરંપરાગત શૈલી આધારિત હોય તો ક્યારેક આધુનિકતા માટેની માંગ વધુ પ્રબળ હોય. સ્થાપત્યમાં ક્યારેક કલાત્મકતાની માંગ પ્રબળ બને તો ક્યારેક મજબૂતાઈ માટેની માંગ વધુ દ્રઢતાપૂર્વક ઊભરે.



અગ્રતાક્રમ સ્થાપિત હોવો જોઈએ. સ્થાપત્યની રચનામાં, તેની પસંદગીમાં અને તેની માટે ઉદ્‌ભવતી માંગમાં અગ્રતાક્રમનું નિર્ધારણ મહત્ત્વનું છે. અગ્રતાક્રમમાં જે બાબત વધુ અગત્યની ગણાય તે પ્રમાણેની માંગ વધુ દ્રઢ બને. અગ્રતાક્રમમાં જે બાબતનો સમાવેશ ન થયો હોય તે વિશે બાંધછોડ શક્ય બને. આવો અગ્રતાક્રમ વ્યક્તિગત મૂલ્યો, પસંદગી, જીવનશૈલી, સામાજિક તાણાવાણા, આર્થિક સંપન્નતા, ભૂતકાળ માટેનો લગાવ, વ્યક્તિગત વિચારસરણી તથા સંજોગિક પરિસ્થિતિ પર આધાર રાખે. આમાં જો બદલાવ આવે તો માંગના પ્રકારમાં બદલાવ આવે.


દરેક વ્યવસાયિકનો એ ધર્મ કહેવાય કે તે પોતાના ગ્રાહકની જરૂરિયાતોને સંતોષે. ગ્રાહક ત્યારે જ વ્યવસાયિક પાસે આવે જ્યારે તે પ્રકારની સલાહ તેને જરૂરી હોય. જ્યારે વ્યક્તિ સ્થપતિ પાસે આવે ત્યારે તેને કલાત્મકતા સાથે જરૂરી મજબૂતાઈ અને સરળ ઉપયોગીતાના સમન્વયની જરૂર હોય છે. મકાન દેખાવમાં સારું તો હોવું જ જોઈએ, સાથે તે ચોક્કસ વર્ષ સુધી ટકે તેવું અને ત્યાં સુધી પોતાના કાર્યનો નિભાવ કરી શકે તેવું હોવું જોઈએ. વળી મકાનની ઉપયોગિતામાં સરળતા હોવી જોઈએ. સ્થાપત્યની આ માંગ હોય છે. આ માંગનો પ્રકાર તથા માત્રા બદલાઈ શકે પરંતુ તેનો મૂળ આશય તો આ જ રહેવાનો.

સ્થાપત્ય એક એવું ક્ષેત્ર છે કે જેમાં સમાજના લગભગ બધા જ પાસા વણાઈ જાય છે. અહીં કળાત્મકતા તો રજૂ થાય છે જ પણ સાથે સાથે ઇજનેરી જાણકારી પણ પ્રસ્તુત થાય છે. અહીં વ્યક્તિની જીવનશૈલી – કાર્યશૈલીને પણ મહત્ત્વ મળતું હોવાથી એમ કહી શકાય કે સ્થાપત્યમાં વ્યક્તિના જીવનનો પ્રતિબિંબ ઝીલાય છે. સ્થાનિક સ્તરે પ્રાપ્ય સામગ્રી, લાગુ પડતાં કાયદા–કાનૂન, પ્રવર્તમાન બાંધકામ–શૈલી, સ્થાનિક આબોહવા પ્રમાણેનું આયોજન તથા પ્રદેશમાં સ્થાપત્યના પ્રવર્તમાન પ્રવાહો – આ બધાનો સ્થાપત્યમાં સમાવેશ થાય છે. સ્થાપત્યની આ વાસ્તવિકતા પણ છે અને માંગ પણ.

ખુલ્લા મેદાનમાં ખુલ્લા મકાનની માંગ હોય, તો ગીચ વિસ્તારમાં સંકોચાયેલા પરંતુ ઉપર ઉઠતા મકાનની માંગ હોય. ગરમ અને ભેજવાળી આબોહવામાં હવાની અવરજવર માટે યોગ્ય ગોઠવણ હોય તેવું મકાન જોઈએ તો ગરમ અને સૂકી આબોહવામાં બહારની ગરમી મકાનમાં ન પ્રવેશે તેવી વ્યવસ્થા જરૂરી બને. જ્યાં વધુ વરસાદ વરસતો હોય ત્યાં ઢળતા છાપરાવાળા મકાનની માંગ હોય તો ઓછા વરસાદવાળા વિસ્તારમાં અગાસી વાળા મકાનની માંગ વધુ હોય. જ્યાં સ્થાપત્યને ગંભીરતામાં લેવામાં ન આવે ત્યાં નાટકીય સ્થાપત્યની પણ માંગ હોઈ શકે. તેવી જ રીતે જ્યાં વધુ પડતી સંપન્નતા હોય ત્યાં સ્થાપત્યમાં આડંબરને પણ સ્થાન મળી શકે. અનિર્ણાયક કે પોતાની જાતને જુદી બતાવવા ઈચ્છુક લોકો સ્થાપત્યમાં વિચિત્રતાની માંગ પણ કરતાં હોય છે. સ્થાપત્ય એક વિસ્તૃત ક્ષેત્ર હોવાથી આ દરેક પ્રકારની માંગ, વધતા–ઓછા પ્રમાણમાં, સંતોષાય શકે તેવી સંભાવના હોય છે.

એ જરૂરી નથી કે દર વખતે માંગ પ્રમાણે જ પુરવઠો પૂરો પાડવામાં આવે. જો ગ્રાહક કે સમાજ ખોટી બાબતોથી દોરવાયેલો હોય, જો તેની માંગ તેની ક્ષમતાના બહારના વિસ્તારની હોય, જો તે કોઈ ચોક્કસ પ્રકારના પૂર્વગ્રહથી પીડિત હોય, જો પોતાની મર્યાદિત સોચને તે યોગ્ય માનતો હોય, જો તેના વિચારો કુંઠિત હોય, જો તેની પસંદગીનો આધાર જ અયોગ્ય હોય, જો ચોક્કસ પ્રકારની દેખાદેખીને કારણે તે દોરવાતો હોય – તો તેને યોગ્ય માર્ગદર્શન આપવું જરૂરી બની રહે. તેને જણાવવું પડે કે તેની માટે યોગ્ય શું છે, અને તેની માંગ કયા પ્રકારની હોવી જોઈએ. ઇતિહાસના ઉદાહરણો સાથે આ વાત સમજાવી શકાય. ક્યારેક યોગ્ય વાત સમજાવવા માટે એક કરતાં વધારે ડિઝાઇન પણ તૈયાર કરવી પડે, પછી તેના પરસ્પરના ફાયદા–ગેરફાયદા સમજાવી આખરી નિર્ણય લઈ શકાય.





સ્થાપત્ય એ જવાબદારી ભરેલું ક્ષેત્ર છે. અહીં કળાનું પ્રભુત્વ હોવા છતાં તેને માત્ર કળાત્મક રચના તરીકે ન લઈ શકાય. અહીં ઇજનેરી તેમજ તકનીકી બાબતોનું પણ પ્રભુત્વ હોય છે, તે છતાં સ્થાપત્યની રચનામાં તે બાબત જ મહત્ત્વની ન બની રહેવી જોઈએ. સ્થાપત્યમાં ઉપયોગિતા પણ મહત્ત્વની છે, પણ ઉપયોગિતા પ્રમાણે તો ઉંદર પણ દર બનાવે છે. સ્થાપત્યમાં ઉપયોગિતાને જુદા જ સ્તરે લઈ જવી પડે – જેથી ઉપયોગિતા સિદ્ધ થવા સાથે મોઢા પર ખુશી આવી જાય. સ્થાપત્યની આ માંગ છે.■

એક નજર ઈધર ભી...

# રોયલ આલ્બર્ટ હોલઃ સંગીત - સુમોનું સરનામું


કામિની શ્રોફ
feedback@bombaysamachar.com

## લંડનનો પ્રખ્યાત હોલ એટલે કેવળ મ્યુઝિક કોન્સર્ટ જ નહીં, એથી વિશાળ ઓળખ એ ધરાવે છે

### રોયલ આલ્બર્ટ હોલ...

૧૫૫ વર્ષ પહેલાં રાણી વિક્ટોરિયા વતી તેમના પુત્ર પ્રિન્સ ઓફ વેલ્સ દ્વારા આ જગ વિખ્યાત હોલનું યુનાઇટેડ કિંગડમના સેન્ટ્રલ લંડનમાં લોકાર્પણ થયું હતું. રાણી વિક્ટોરિયાના પતિ પ્રિન્સ આલ્બર્ટના નામ પરથી આ હોલનું નામકરણ થયું હતું. આ હોલની સ્થાપનાનો મૂળ ઉદ્દેશ શિક્ષણ, સંસ્કૃતિ અને સાયન્સ પ્રતિ જનતા વધુ ઢળે એ હતો. પ્રારંભમાં સાયન્સ લેક્ચર્સ અને એક્ઝિબિશન માટે જાણીતો આ હોલે કાળક્રમે ક્લાસિકલ અને પોપ મ્યુઝિક કોન્સર્ટ હોલ તરીકે ખ્યાતિ મેળવી. જોકે, આ હોલમાં ખેલકૂદ, રાજકારણ અને માનવ હક સંબંધિત વિવિધ કાર્યક્રમો પણ થયા છે એ વાત અચરજ પમાડે છે.

૨૧ સપ્ટેમ્બરે આ હોલમાં આયોજિત એક કાર્યક્રમ જોવાની તક મળી હતી. We Are Gonna Change The WORLD સૂત્ર સાથે પાંચથી ૧૫ વર્ષની ઉંમરના વિવિધ સ્કૂલનાં બાળકોએ પર્યાવરણ વિશે જાગરૂકતા દર્શાવતો હજારેક બાળકોના સહભાગ ધરાવતો વિશિષ્ટ કાર્યક્રમ જોઈ આજની પેઢી આવતી કાલ વિશે કેવી સજાગ છે એ જોવા -જાણવા મળ્યું. આવા પ્રયાસ આવતીકાલ ઉજ્જવળ બનાવે છે. એન્વાયરન્મેન્ટ વિશે પણ કાર્યક્રમ કરતા હોલ વિશે અન્ય મજેદાર બાબત જાણવા મળી. જોકે, એક ભારતીય કલા રસિક તરીકે રોયલ આલ્બર્ટ હોલનું નામ પડતા પહેલા તો લતા મંગેશકરનું નામ જ કાનમાં ગુંજવા લાગે.



રોયલ આલ્બર્ટ હોલ એટલે કેવળ મ્યુઝિક કોન્સર્ટ નહીં



જાપાનની બહાર પહેલી વાર સુમો સ્પર્ધાનું આયોજન

### લતા મંગેશકર કોન્સર્ટ

૨૧ માર્ચ, ૧૯૭૪. રોયલ આલ્બર્ટ હોલમાં લતા મંગેશકરના પરફોર્મન્સનો દિવસ. આ પ્રતિષ્ઠિત હોલમાં શો કરનારાં દીદી પ્રથમ ભારતીય કલાકાર હતાં. આ હાઉસફુલ શોની અનેક ખાસિયતોમાંની એક એ હતી કે આ કાર્યક્રમમાં યુકે ઉપરાંત અમેરિકા, ઓસ્ટ્રેલિયા સહિત વિવિધ દેશોમાં પથરાયેલા એમના ચાહકો હાજર હતા. દિલીપ કુમારએ આપેલી અદ્ભુત ઓળખ (ફૂલ કી ખુશ્બૂ યા મહેક કા કોઈ રંગ નહીં હોતા, જૈસે બેહતે હુએ પાની કે ઝરને કા યા ઠંડી હવાઓં કા કોઈ ઘર - ગાંવ યા વતન - દેશ નહીં હોતા, જિસ તરહ સે ઉભરતે હુએ સૂરજ કી કિરનોંકા યા માસૂમ બચ્ચે કી મુસ્કુરાહટ કા કોઈ મઝહબયા ભેદભાવ નહીં હોતા, વૈસે હી લતા મંગેશકર કી આવાઝ કુદરત કી તખલીક(સર્જન)કા એક કરિશ્મા હૈ)થી સમગ્ર હોલ તાળીઓના તાલે ઝૂમી ઉઠ્યો. ત્યારબાદ લતા દીદીના સ્વરમાં સંસ્કૃતમાં ભગવદ ગીતાનો શ્લોક અને ચાર ભાષામાં મુલાયમ અને મધમીઠા સ્વરથી ગવાયેલા ગીતો પછી એ તાળીઓનો ગડગડાટ દસે દિશામાં ગૂંજી ઉઠ્યો. રોયલ આલ્બર્ટ હોલ એ દિવસે ધન્ય થઈ ગયો.

આ હોલમાં અનેક મ્યુઝિકલ કોન્સર્ટ થઈ છે અને થતી રહેશે, પણ દીદીનો એ શો ક્યારેય નહીં વિસરાય. આ પહેલા હોલમાં ભારતીય કલાકાર પર પ્રતિબંધ હતો, પણ લતાજીના આ શોથી એક દરવાજો ખુલ્યો અને એક સાંસ્કૃતિક ક્રાંતિ થઈ.

### બાહુબલી - ધ બિગીનિંગ

ભારતીય ચિત્રપટ ઉદ્યોગને પહેલી વાર અધધ કમાણીનાં સપનાં દેખાડનારી આ ફિલ્મ ઓક્ટોબર ૨૦૧૯માં રોયલ આલ્બર્ટ હોલની 'ફિલ્મ્સઈન કોન્સર્ટ સિરીઝ' હેઠળ દર્શાવવામાં આવી હતી. આ હોલમાં અંગ્રેજી સિવાય અન્ય ભાષાની ફિલ્મનો શો થયો હોય એવી આ વિશ્વની પહેલી ફિલ્મ હતી. કેવળ રજૂઆતનો જ ભપકો નહોતો, ચાર ચાંદ લાગે એવી વાત એ હતી કે હોલમાં વિશ્વ વિખ્યાત સ્વિટ્ઝર્લેન્ડના ઓર્કેસ્ટ્રા કંડકટર લુડવિગવિકીના માર્ગદર્શન હેઠળ રોયલ ફિલ હાર્મોનિક કોન્સર્ટ ઓર્કેસ્ટ્રા હાજર હતી. સાથે 'બાહુબલી'ના સંગીતકાર એમ એમ ખીરવાની, ડાયરેક્ટર એસ. એસ. રાજામૌલી તેમ જ ફિલ્મના કલાકાર પ્રભાસ અને રાણા દગ્ગુબાટી હાજર હતા. શોને ભવ્ય પ્રતિસાદ મળ્યો હતો અને સ્પેશિયલ સવાલ - જવાબના કાર્યક્રમ પછી ઓડિયન્સે આપેલું સ્ટેન્ડિંગ ઓવેશન ભારતીય સિનેમાના વિશ્વમાં પડેલા પડઘાનું એ પ્રમાણપત્ર હતું. એ દિવસે રોયલ આલ્બર્ટ હોલએ બીજી વાર ધન્યતા અનુભવી હશે.

### જાપાની સુમો

સૌથી રસપ્રદ છે સુમોનું આયોજન. જાપાનની પ્રખ્યાત સુમો સ્પર્ધાના ૧૫૦૦ વર્ષના ઈતિહાસમાં જાપાનની બહાર પહેલીવાર એનું આયોજન જાપાન ફેસ્ટિવલના ભાગરૂપે ૧૯૯૧માં રોયલ આલ્બર્ટ હોલમાં થયું હતું. આયોજનમાં કેટલાક આગ્રહ રાખવામાં આવ્યા હતા. Dohyo તરીકે ઓળખાતી અને પવિત્ર માનવામાં આવતી સુમોની રેસલિંગ રિંગ (જેની અંદર રહી પહેલવાનોએ મુકાબલો કરવાનો હોય છે) તૈયાર કરવા માટે વપરાતી માટી લંડનના હિથ્રો એરપોર્ટ નજીક એક ખાણમાંથી હાથ લાગી હતી. ટુર્નામેન્ટ વખતે વગાડવામાં આવતા ડ્રમ અને ચોકાટા તરીકે ઓળખાતો પરંપરાગત ચંદરવો ખાસ જાપાનથી જહાજમાં લંડન પહોંચતા કરવામાં આવ્યા હતા. આ મુકાબલો જોવા માગતા દર્શકો માટે સૌથી મોંઘીદાટ ટિકિટ રેસલિંગ રિંગ ફરતે મુકવામાં આવેલી કુશન સીટ હતી. સ્પર્ધામાં કુલ ૪૦ રિકીશી (સુમો પહેલવાન) સહભાગી થયા હતા. આ સ્પર્ધાનું પ્રમુખ આકર્ષણ હતો સુમોના ઈતિહાસનો સૌથી ભારેખમ પહેલવાન Hawaiian Konishiki,જેનું વજન હતું ૨૩૮.૨૫ કિલો. સ્પર્ધા વખતે અનેક વજનદાર પહેલવાનોની હાજરીને કારણે ટોયલેટ એમના વજન ખમી શકે એ માટે પરીક્ષણ કરી ફેરફાર કરવામાં આવ્યા હતા. એટલું જ નહીં, એક્સ્ટ્રા લાર્જ શાવર્સ પણ બેસાડવા પડ્યા હતા.

### મહિલા મતાધિકાર

યુકેમાં વીસમી સદીના પ્રારંભ સુધી મહિલાઓને મતાધિકાર નહોતો. સર્વ મહિલાઓને મતદાન કરવાની તક મળે એ માટેની ચળવળે ૧૮૭૨માં રાષ્ટ્રીય સ્વરૂપ ધારણ કર્યું હતું. ૧૯૦૮ અને ૧૯૧૮ દરમિયાન women's suffrage meetings તરીકે ઓળખાતી મહિલાઓને મતાધિકાર મળે એ માટે કોશિશ કરતી વીસેક મીટિંગ રોયલ આલ્બર્ટ હોલમાં આયોજિત કરવામાં આવી હતી. ૨૧ નવેમ્બર, ૧૯૧૮ના દિવસે યુકેમાં મહિલાઓને મતાધિકાર મળ્યો એમાં રોયલ આલ્બર્ટ હોલની મહત્ત્વની ભૂમિકા હતી.

### ફોર્ડ મોટર શો

અમેરિકન ઉદ્યોગપતિ હેન્રી ફોર્ડ દ્વારા ૧૯૦૩માં શરૂ કરવામાં આવેલી ફોર્ડ મોટર કંપનીએ ૧૯૩૨થી ૧૯૩૭ દરમિયાન આ હોલમાં પોતાનાં ઉત્પાદિત વાહનોનું એક્ઝીબીશન રાખ્યું હતું. કાર, એમ્બ્યુલન્સ અને ટ્રક જેવાં વાહનો હોલમાં હંકારીને લાવવામાં આવતા હતા અને નજરાણાની જેમ પેશ કરવામાં આવતાં હતાં. આ પ્રદર્શન લગભગ એક અઠવાડિયા સુધી ચાલતું અને અને હોલમાં બોક્સ જેવી જગ્યામાં વેચાણ થતું અને ફોર્ડના લેટેસ્ટ મોડલની ફિલ્મો દર્શાવવામાં આવતી. રોયલ આલ્બર્ટ હોલ વાહનની વેચાણ ભૂમિ હતી એવી કલ્પના પણ કોઈ ન કરી શકે.

આ ઉપરાંત બોકિંસગ, રેસલિંગ, ટેનિસ ટુર્નામેન્ટ તેમજ વિશ્વનો પ્રથમ મીની સ્કર્ટ બોલડાન્સ, સ્ટીફન હોકિંગ શો તેમજ મિસ વર્લ્ડ બ્યુટી કોન્ટેસ્ટ સહિત અન્ય વિવિધ કાર્યક્રમનું પણ આ હોલમાં આયોજન થયું છે. ■

ભાત ભાત કે લોગ

# બ્રુસ - આર્નોલ્ડ - સિલ્વેસ્ટરઃ યે દોસ્તી હમ નહિ તોડેંગે...!

જવલંત નાયક
feedback@bombaysamachar.com

**બોલિવૂડમાં** બોડી બિલ્ડિંગના પિતામહ કોણ એ અંગે મતમતાંતર હોઈ શકે, પરંતુ વૈશ્વિક સિનેમાની વાત કરીએ તો એમાં સર્વાનુમતે આર્નોલ્ડ શ્વાર્ઝનેગરનું નામ લેવું પડે. આર્નોલ્ડની વાત આવે એટલે આખી કારકિર્દી દરમિયાન એના કટ્ટર દુશ્મન રહેલા સિલ્વેસ્ટર સ્ટેલોનને પણ યાદ કરવો પડે. અને સ્ટેલોન-આર્નોલ્ડની વાત આવે તો આ બંનેને જોડતી કડી જેવા ત્રીજા એક હોલિવૂડના એક્શન સુપરસ્ટાર બ્રુસ વિલીસના ઉલ્લેખ વિના વાત અધૂરી ગણાય. આ ત્રણેયની દોસ્તી-દુશ્મનીના કિસ્સા જાણવા જેવા છે. બ્રુસ વિલીસની આજે દયનીય શારીરિક પરિસ્થિતિના સમાચારો વારંવાર માધ્યમોમાં ઝળકતા હોય ત્યારે તો ખાસ!

થોડા સમય પહેલા હોલિવૂડના એક સમયના લોકપ્રિય એક્શન હીરો બ્રુસનો એક વીડિયો વાયરલ થયેલો. એક સમયે વિલનોના ગાત્રો ઢીલા કરી નાખતો આ ટફ મેન એ વીડિયો ક્લિપમાં સાવ નાના બાળક જેવી અસહાય અવસ્થામાં જણાયો. બ્રુસની દીકરી એને બાળકની માફક રમાડતી-વહાલ કરતી દેખાઈ. કારણ હતું બ્રુસ વિલીસની જટિલ બીમારી. ૨૦૨૨માં બ્રુસે 'એફેશિયા' નામક બીમારીને કારણે એક્ટિંગને અલવિદા કહેવું પડ્યું. આ એવી બીમારી છે કે જેમાં માણસ પોતાની ભાષાકીય આવડત ખોઈ બેસે. ના કશું લખી શકાય કે ન કોઈનું લખેલું સરખું વાંચી શકાય. એકાદ જ વર્ષના ગાળામાં નિદાન થયું કે બ્રુસને ફ્રન્ટોટેમ્પોરલ ડિમેન્શિયા નામની બીમારી છે, જે ધીમે ધીમે વધતી જ જાય છે. થોડા સમય બાદ આ માણસ પોતાની વાચા ગુમાવી બેસશે. એના વર્તન ઉપર પણ એનો કોઈ કાબૂ નહિ રહે! એ જ અવસ્થામાં મૃત્યુ ધીમે ધીમે બ્રુસ વિલીસની નજીક સરકતું જશે, અને એક દિવસ...

ડાય હાર્ડ, આર્માગેડન, પલ્પ ફિક્શન અને અનબ્રેકેબલ જેવી એક્શન ફિલ્મ્સ દ્વારા એક્શન હીરો તરીકે લાખો ચાહકોને આકર્ષિત કરનારા અને ડેમી મૂર જેવી સૌંદર્ય સમ્રાજ્ઞીના દિલમાં વસનાર બ્રુસ ધીરે ધીરે કાળની ગર્તામાં ધકેલાઈ રહ્યો છે. આર્નોલ્ડ અને સિલ્વેસ્ટર સ્ટેલોન પોતાના આ મિત્ર પ્રત્યે પારાવાર સહાનુભૂતિ દર્શાવતા સ્ટેટમેન્ટસ આપી રહ્યા છે, કેમકે એ સિવાય હવે બીજું કશું થઈ શકે એમ નથી. ખેર, સમય સહુથી બળવાન છે.



આર્નોલ્ડ શ્વાર્ઝનેગર – સિલ્વેસ્ટર સ્ટેલોન – બ્રુસ વિલીસ

ખૂબીની વાત એ છે કે હોલિવૂડ પર રાજ કરનાર મિત્રોની આ ત્રિપુટી પૈકીના બે જણ બીજા દેશમાંથી આવેલા છે. બ્રુસ પોતે જન્મે જર્મન છે. એના પિતા અમેરિકન સૈનિક હતા. જ્યારે માતા જર્મન મૂળની હતી. ૧૯૫૭માં વિલીસ પરિવારે અમેરિકાના ન્યુજર્સીમાં સ્થાયી થવાનો નિર્ણય લીધો ત્યારે બ્રુસની ઉંમર હતી માત્ર બે વર્ષ એટલે વિદેશી માતાનું સંતાન હોવા વિશે એણે સંઘર્ષ વેઠવો ન પડ્યો. બલકે પહેલેથી જ એની ઓળખ એક અમેરિકન તરીકેની રહી. ૧૯૮૫માં 'મૂનલાઈટિંગ' નામની ટીવી સિરીઝથી અભિનેતા તરીકેની ઓળખ મળી,પણ સ્ટારડમ મળ્યું ૧૯૮૮માં આવેલી સુપરહિટ ફિલ્મ 'ડાય હાર્ડ' દ્વારા. લોકો આ ફિલ્મ જોઈને બ્રુસ વિલીસના ફેન થઇ ગયા, પણ હોલિવૂડનો એક અભિનેતા એવો હતો કે એણે બ્રુસ વિલીસની ખીલ્લી ઉડાવતા કહ્યું કે 'ડાય હાર્ડ ફિલ્મના હીરોના હાથ દાંત ખોતરવાની સળી જેવા પાતળા (ટુથપિક આર્મ) છે!'

કોઈ એક્શન હીરો માટે આના કરતા ખરાબ મજાક બીજી કઈ હોઈ શકે? અને મજાક કરનાર પાછો સાત વાર 'મિસ્ટર યુનિવર્સ'નું ટાઈટલ જીતી ચૂકેલો બાવડેબાજ આર્નોલ્ડ શ્વાર્ઝનેગર હોય તો તો કાચોપોચો હીરો ડિપ્રેશનમાં જ સરી પડે! સદનસીબે બ્રુસના કિસ્સામાં એવું કશું થયું નહિ. બીજી તરફ આર્નોલ્ડ બીજા હીરો આગળ પોતાનું પ્રભુત્વ સ્થાપવાનો એક્કેય મોકો નહોતો છોડતો. એમાં ને એમાં આર્નોલ્ડને બીજો એક ભારાડી બાવડેબાજ ભટકાઈ ગયો. અને પછી તો ફિલ્મી ગોસિપ કરનાર મેગેઝિન્સને વર્ષો સુધી મસાલો મળતો રહ્યો. આ ભારાડી એટલે સિલ્વેસ્ટર સ્ટેલોન.

થયું એવું કે એકાદ એવોર્ડ ફંક્શનમાં બાજુબાજુમાં બિરાજેલા આર્નોલ્ડ અને સિલ્વેસ્ટર કોઈક મુદ્દે જાહેરમાં બાખડી પડ્યા. એ વર્ષે આર્નોલ્ડને 'ન્યૂ સ્ટાર ઓફ ધી યર'નો એવોર્ડ મળેલો. બીજી તરફ સિલ્વેસ્ટરની 'રોકી' બેસ્ટ ફિલ્મનો એવોર્ડ જીતી ગયેલી. એટલે બંને બાવડેબાજ સફળતાના મદમાં હતા. એમાંથી વાત વણસી ગઈ. આર્નોલ્ડે જરા તોછડાઈથી વાત કરી નાખી અને જવાબમાં સિલ્વેસ્ટરે ફૂલોના ગુલદસ્તાનો ઘા કર્યો! આ હતી હોલિવૂડના બે ઉગતા સુપરસ્ટાર્સ વચ્ચે સંબંધોની શરૂઆત.પછી તો વારેતહેવારે બંને જણ એકમેક પર પ્રહારો કર્યે રાખતા. આર્નોલ્ડ પોતે ઓસ્ટ્રિયાથી આવીને હોલિવૂડમાં સ્થાપિત થયો, જ્યારે સિલ્વી ઉર્ફે સિલ્વેસ્ટર તો મૂળ અમેરિકન જ હતો. એટલે દેશી કુળથી માંડીને એક્ટિંગ અને એક્શન સુધીના અનેક મુદ્દે આ બંને એક્શન સુપરસ્ટાર્સ એકબીજાને ભોંઠા પાડવાનો એક્કેય મોકો નહોતા છોડતા. એમની ફિલ્મોમાં પણ એકબીજાને ઉતારી પાડતાં દૃશ્યો રાખવામાં આવતાં. ફિલ્મોમાં કોણ કેટલા વિલન્સને મારી નાખે છે એને લઈને પણ ચડસાચડસી ચાલતી. કોના શરીરમાં કેટલી ચરબી છે, એ વિષે પણ પ્રેસને 'ખાસ માહિતી' પહોંચાડવામાં આવતી.

એક વાર આર્નોલ્ડ પાસે એક ફિલ્મની ઓફર આવી. સ્ક્રિપ્ટ વાંચીને આર્નોલ્ડને સમજાઈ ગયું Stop! Or My Mom Will Shoot નામની આ ફિલ્મ મહાબકવાસ છે. એટલે એ જુદો જ દાવ રમ્યો. પોતાના ખાસ એજન્ટ્સ દ્વારા એણે એવી વાત ફેલાવી કે એક જબરદસ્ત ફિલ્મ માટે પ્રોડ્યુસર્સ હીરો શોધી રહ્યા છે. આર્નોલ્ડ અથવા સિલ્વીમાંથી કોઈ એકને ફાઈનલ કરવાનો છે. વાત સિલ્વી સુધી પહોંચી રાધર, પહોંચાડવામાં આવી. સિલ્વી જાળમાં બરાબર ફસાયો.

આર્નોલ્ડને પછાડવા માટે એણે તરત જ પેલી બકવાસ ફિલ્મ સાઈન કરી લીધી. ફિલ્મ ધારણા મુજબ જ પીટાઈ ગઈ.

દુશ્મનીનો આવો સિલસિલો ૧૯૯૧ સુધી ચાલતો રહ્યો. પણ પછી આ દ્વંદમાં ત્રીજો પણ જોડાયો અને દુશ્મની ઓસરતી ગઈ. આ ત્રીજો વ્યક્તિ એટલે બ્રુસ વિલીસ. 'પ્લેનેટ હોલિવૂડ' નામક રેસ્ટોરન્ટ ચેઈનનો મૂળ વિચાર રોબર્ટ અર્લ નામના વ્યક્તિનો હતો. એણે એમાં બ્રુસ અને ડેમી મૂરને જોડ્યાં. પછીથી આર્નોલ્ડ અને સિલ્વી પણ આ સાહસમાં જોડાયા. જડભરત ગણાતા બંને હીરો ભાઈલોગ બ્રુસને કારણે એકબીજા સાથે સામાન્ય વાતચીત કરતા થયા. પછી તો ત્રણેયની દોસ્તી બરાબર જામી. ત્રણેય જણે સિલ્વેસ્ટરની અત્યંત લોકપ્રિય નીવડેલી The Expendables સિરીઝની ફિલ્મોમાં પણ કામ કર્યું. આર્નોલ્ડ અને સિલ્વી હવે જાહેરમાં સ્વીકારે છે કે એકબીજા સાથેની હરીફાઈ અને એકબીજાને પછાડી દેવાની વૃત્તિને કારણે જ એમની કારકિર્દીને વેગ મળ્યો. આજે હવે બ્રુસ વિલીસનું અસ્તિત્વ ધીમે ધીમે ઓગળી રહ્યું છે ત્યારે એના બંને મિત્રો પણ દુખી છે. કદાચ આ જ જિંદગી છે. ■

ઊડતી વાત

# મફત ડિનર કેટલામાં પડ્યું?

ભરત વૈષ્ણવ
feedback@bombaysamachar.com



'ગિરધરલાલ, આજે સાંજે ફ્રી છો?' રાજુ રદીએ મારા ઘરે આવીને એની કાયા સોફા પર પટકતા મને પૂછયું. નાજુક સોફો હચમચી ગયો. સોફો તૂટશે કે બચશે એની મારા મનમાં અવઢવ ચાલી. કોઇ રવિવારની રજાના દિવસે આવું પૂછે એટલે હોરર ફિલ્મ જોયા સિવાય કબૂતરની જેમ ફફડી જવાય છે.

'કેમ, તારા માટે છોકરી જોવા પનવેલ કે વિરારમાં જવાનું છે? મને લોકલ વોકલ ટ્રેનના ધક્કા ખાવાનું પસંદ નથી ટેકસીમાં જવાનું હોય તો મારું નામ વિચારજે.' મુંબઈગરા માટે કામ સિવાય બહાર જવું એ જહન્નમની મુસાફરી કરવા જવા જેવું ત્રાસદાયક થઇ રહે છે.

'મારા માટે છોકરી જોવા જવાનું નથી. એક ઇવેન્ટમાં ડિનર માટે જવાનું છે.' રાજુએ મને જમવાનું ગાજર ધર્યું.

'રાજુ, ડિનર તો ઠીક છે. મારા ભૈ. ડિનર માટે કેટલા દોઢિયા ગાંઠેથી છોડવાના છે?'

'ગિરધરલાલ, ડિનર તો તદન મફત છે.' રાજુએ માનો કે બ્રહ્મનાદ ઉચ્ચાર્યો ન હોય. પ્રેમ, લગ્ન કે રૂપિયા કરતાં પણ સંમોહન કરતો જો કોઇ આકર્ષક શબ્દ હોય તો મફત શબ્દ છે. મફત શબ્દ મડદામાં જાન ફૂંકી દે છે. મફતમાં જમવાનું મળે તો રાજુ માલદીવ જવા તત્પર હોય છે.

'રાજુ, નો લંચ ઇઝ ફ્રી એવી અંગ્રેજીમાં કહેવત છે. કોઇ પણ માણસ મને કે તને શું કામ મફત જમાડે. એ સસરો કે વેવાઇ થતો નથી. નક્કી ગરબડ ઝાલા, સમજલા?' મેં ભાંગી તૂટી મરાઠીમાં આશંકા વ્યક્ત કરી.

'ગિરધરલાલ, એ આપણને જમાડતાં પહેલાં પોણા કલાકનું પ્રેઝન્ટેશન દેખાડશે. પછી આપણે મેમ્બર થવું હોય તો ઠીક. નહીંતર જમીને પાછા આવી જવાનું.'

'એટલે લાલો લાભ વિના લોટશે નહીં એમ જ ને?'

'આપણે સાંજે સાડા છએ જવાનું છે. તમે ભાભીને પણ લઇ લેજો. એમને સાંજના રાંધવાની લપમાં છૂટકારો મળશે.' રાજુ રાધારાણી સાંભળે તેમ મોટા અવાજે બોલ્યો. રાધારાણીના સસલી જેવા કાન સરવા થયા.

'તમારા લોકોની પીવાબીવાની પાર્ટી હોય તો તમારો પીધા પછીનો બબડાટ ભવાડો જોવા મારે આવવું નથી. આમ, પણ પત્રકારો અને આબરૂને બાર ગાઉનું છેટું હોય. પણ અમારે તો આબરૂ જેવું કાંઇક હોય છે.' રાધારાણીએ અલ્ટિમેટમ આપ્યું.

'રાધુ, તું સમજે તેવું નથી. કોઇ કંપનીએ તેના ધંધાના પ્રમોશન માટે ફંકશન રાખ્યું છે...' મેં લાળા ચાવ્યા.

આખરે અમે ઘાટકોપરની પંચતારક હોટલમાં પહોંચ્યા. હોટેલના રિસેપ્શન કાઉન્ટર જઇને ડફોળ રિસોર્ટ કંપનીનો કાર્યક્રમ કયાં માળે છે તેની પૃચ્છા કરી. કોન્ફરન્સ રૂમની બહાર નાનું ટેબલ-ખુરશી રાખેલ. ત્યાં એક બ્યુટીફૂલ બાળા બિરાજમાન. કાળા સ્કર્ટ પર લાલ ટોપ પહેરેલ.એકઝીકયુટિવ કોટ પહેરેલ. એર હોસ્ટેસ પહેરે તેવા ગોઠણ સુધીના મોજા પહેરેલ. દેખાવમાં જ ફટાકડી લાગે. તેનું નામ લ્યુસી હતું. તેને જોઇને રાજુની આંખો ચકળવકળ થવા લાગી..

'વોટ કેન આઇ ડુ ફોર યુ?' લ્યુસીનો અવાજ ટંકોરી જેવો હતો.

'એવરીથીંગ ડિયર.' કોઇને સંભળાય નહીં તેમ રાજુ બોલ્યો.

'વોટ આર યુ સેઇંગ?' લ્યુલીએ પૂછયું. 'આઇ એમ ઓન ડયૂટી એવું બબડી પણ ખરી.

કોન્ફરન્સ રૂમમાં ગોળાકાર પાંચ છ ટેબલ હતા અમે ત્યાં ગોઠવાયા.

'સર, ગુડ ઇવનિંગ, આઇ એમ રૂચિ મલ્હોત્રા,એકઝીકયુટિવ, ડફોળ રિસોર્ટસ એન્ડ હોસ્પિટાલિટી કંપની' રૂચિએ પરિચય આપી હસ્તધનૂન કર્યું. રૂચિએ અમારામાં રૂચિ લેવાનું શરૂ કર્યું. અમને થોડાક સવાલ પૂછ્યા, જેમકે ...

'સર, તમારી પાસે ટેનામેન્ટ છે કે એપાર્ટમેન્ટ છે?' રૂચિએ સવાલ ફેંક્યો. આ સવાલ સામેવાળાને બાટલામાં ઉતારી રિસોર્ટની મેમ્બરશીપ લેવા માટે ફાંસવાનો હોય.

'મારી પાસે ટેનામેન્ટ કે એપાર્ટમેન્ટ નથી.' હું ધરાર જૂઠું બોલ્યો. રાધારાણીએ મને કોણી મારી. મેં તેના પગને પગ અડકડી તાલ જોવા સમજાવ્યું.

'સર, તમે ધર્મશાળામાં રહો છો?' રૂચિએ પૂછયું.

'હું ધારાવીમાં રહું છું.' અમે આજે અસત્યમેવ જયતે'નો સહારો લેવાનું નક્કી કરેલું. રૂચિના ચહેરા પર નિરાશાના વાદળો મંડરાવા લાગ્યા.

'સર, તમારે કંઇ કંપનીની કાર છે?' રૂચિએ નવો દાવ ખેલ્યો.

'મારી પાસે એકસ કંપનીની સાઇકલ છે.'

'સર, તમે વરસમાં કેટલી વાર ફરવા જાવ છો? ડોમેસ્ટિક કે ઇન્ટરનેશનલ ટુર પર જાવ છો? ફલાઇટમાં જાવ છો કે બાય રેલવે જાવ છો...?' રૂચિએ રહીસહી આશામાં સવાલો પૂછ્યા.

'હું રોજ પ્રવાસમાં જઉં છું' મારા જવાબથી રૂચિના નેત્રો વિસ્ફારિત થયા.

'રીયલી સર? તો તો તમે અમારી કંપનીની મેમ્બરશીપ લઇ જ લો.' રૂચિએ સીધી નાંખણી નાંખી..

'હું રોજ ઘરેથી લોકલ ટ્રેનમાં ઓફિસ જઉં છું. સાંજે ઓફિસેથી સબ વેમાં ઘરે પાછો ફરું છું. જે કોઇ પ્રવાસથી કમ થકવનારી કોઇ મુસાફરી હોતી નથી.' મેં મુંબઈગરાની મુસીબતને વાચા આપી. અમારી આગળ રૂચિની દાળ ગળશે નહીં તેમ લાગતાં મોં કટાણું કરી ડિનરના વાઉચર આપ્યા.

'યોર કાઇન્ડ એટેન્શન પ્લીલીલીઇઝ. મિસ્ટર રાજુ રદી ડફોળ રિસોર્ટ હોસ્પિટલિટી કંપની પરિવારના સભ્ય તરીકે જોડાઇ રહ્યા છે. હિપ હિપ હુરે. બીગ કલેપિંગ ફોર હીમ. મિસ્ટર રાજુ રદીએ સિતેર નાઇટની દસ વરસની મેમ્બરશીપ લીધી છે. રાજુ રદી એક વરસ સાત નાઇટનો ઉપયોગ નહીં કરે તો તેની નાઇટઆગલા વરચે કેરી ફોરવર્ડ થશે અગર એટલી રકમનું ડોમેસ્ટિક ફલાઇટનું વાઉચર મળશે. વધારામાં નવરાત્રીના પાસ, રાજુ રદીના માતાપિતા, રાજુના જન્મદિવસે હોટલમાં કોમ્પલીમેન્ટરી ડીનર મળશે. રિસોર્ટ કે હોટેલના રોકાણ દરમિયાન બ્રેકફાસ્ટ, લંચ, ડિનર મળશે. એરપોર્ટ જવા-આવવા અને ફરવા કાર મળશે. રાજુ રદીએ આ બધી ફેસિલિટી માત્ર બે લાખ એકાવન હજારમાં મેળવી છે.' એનાઉન્સરે એનાઉન્સ કર્યું. રાજુ પાસે હવાઇ ચપ્પલ ખરીદવાનો વેંત નથી અને રૂપિયા અઢી લાખ?

સદ્ભાગ્યે રાજુ આ જા ફસા જા ચક્કરનો ભોગ બનતા બનતા રહી ગયો...પણ બીજા આબાદ બન્યા. ફ્રી ડિનરના ચક્કરમાં અનેકે અઢી લાખ રૂપિયાના નામનું નાહી નાંખ્યું છે. છ મહિના લગી હોટલ રૂમના નામે આંબલીપીંપળી દેખાડનાર ડફોળ રિસોર્ટ એન્ડ હોસ્પિટલિટી કંપનીએ પાટિયા પાડી દીધા ! હવે મેમ્બર બની ગયેલા તમામ લોકો ચોરની માની જેમ કોઠીમાં મોં ઘાલીને રડે છે! ■

# લોકસભામાં ૯૨ કલાક પચીસ મિનિટ કામ થયુંઃ ૧૧૧ ટકા પ્રૉડક્ટિવિટી

## વીમા સહિતના આઠ મહત્ત્વના ખરડા મંજૂર કરનાર સંસદનું શિયાળુ સત્ર પૂરુંઃ સ્પીકરની ચેમ્બરમાં મોદી, પ્રિયંકા સહિતનાં નેતાઓની સુમેળભરી બેઠક

નવી દિલ્હીઃ સંસદનું શિયાળુ સત્ર અનેક મહત્ત્વના ખરડા પસાર કર્યા બાદ ગુરુવારે પૂરું થયું હતું.

વડા પ્રધાન નરેન્દ્ર મોદી, કૉંગ્રેસનાં સાંસદ પ્રિયંકા ગાંધી વાડ્રા, એનસીપી-એસપીનાં સાંસદ સુપ્રિયા સૂળે અને અન્ય અનેક સાંસદ લોકસભાના સ્પીકરને તેમના ચેમ્બરમાં મળ્યા હતા અને આ બેઠક સુમેળભરી રહી હતી.

સંસદનું શિયાળુ સત્ર પહેલી ડિસેમ્બરે શરૂ થયું હતું અને ૧૯ ડિસેમ્બર શુક્રવારે પૂરું થયું હતું. આ દરમિયાન લોકસભાની બેઠક ૯૨ કલાક અને પચીસ મિનિટ ચાલી હતી. લોકસભા માટે આ સત્ર ૧૧૧ ટકા અને રાજ્યસભા માટે ૧૨૧ ટકા પ્રૉડક્ટિવ રહ્યું હોવાનો દાવો કરાયો હતો.

સરકારે મુલકી અણુ, વીમા, આરોગ્ય-સંભાળ સહિતના ક્ષેત્રને લગતા દસ ખરડા સંસદના શિયાળુ સત્રમાં રજૂ કર્યા હતા, તેમાંથી આઠ ખરડા પસાર કરાયા હતા.

સંસદે ગ્રામીણ ક્ષેત્રમાં રોજગારીની બાંયધરી આપતા ખરડા 'મનરેગા'ને સ્થાને 'વિકસિત ભારત - ગેરન્ટી ફૉર રોજગાર ઍન્ડ આજીવિકા મિશન (ગ્રામીણ)' લાવતો ખરડો પસાર કર્યો હતો. સંસદના આ સત્રમાં 'વંદે માતરમ્' અને ચૂંટણી સુધારા અંગે ચર્ચા થઇ હતી. વિપક્ષના સાંસદોએ હવાનું પ્રદૂષણ ઘટાડવા વિવિધ કડક પગલાં લેવાની માગણી કરી હતી અને તેમાં સરકારને સહકાર આપવાની બાંયધરી આપી હતી.

વીમા ક્ષેત્રે ૧૦૦ ટકા સીધા વિદેશી રોકાણને પરવાનગી આપતો ખરડો લોકસભામાં પસાર કરાયો હતો અને તેને લીધે વીમા ક્ષેત્રે રોજગારીની તક વધવાની આશા રખાય છે. (એજન્સી)■

# અમેરિકામાં વિમાન દુર્ઘટનામાં ટોચના કાર રેસરનું મૃત્યુ

ન્યૂ યૉર્કઃ અમેરિકાના નોર્થ કેરોલિના રાજ્યના સ્ટેટ્સવિલ રિજનલ એરપોર્ટ પર એક વિમાન દુર્ઘટના સર્જાઈ હતી. નાનું પ્રાઈવેટ જેટ લેન્ડિંગ કરતી વખતે ક્રેશ થયું હતું અને વિકરાળ આગ ફાટી નીકળી હતી. આ દુર્ઘટનામાં સાત લોકોના મોત થયા થયા છે, અહેવાલ મુજબ મૃતકોમાં જાણીતા ભૂતપૂર્વ રેસ કાર ડ્રાઇવર ગ્રેગ બિફલ અને પરિવારનો સમાવેશ થયા છે.

અહેવાલો અનુસાર નાસકારના ભૂતપૂર્વ ડ્રાઇવર ગ્રેગ બિફલ, તેની પત્ની અને તેના બે બાળકોનો આ પ્લેન ક્રેશમાં મોતને ભેટ્યા છે. આ ઘટનાના ઘણાં વિડીયો સોશિયલ મીડિયા પર શેર કરવામાં આવ્યા છે. એક વિડીયોમાં જોવા મળે છે કે આગની જ્વાળામાં ઘેરાયેલું જેટ રનવે પર દોડી રહ્યું છે. ■



**રણમાં વરસાદી મુસીબતઃ** યુએઈમાં ભારે વરસાદને કારણે રાસ અલ ખૈમાહમાં દીવાલ તૂટી પડવાની ઘટનામાં ૨૭ વર્ષના ભારતીય મૂળના સલમાન ફરિઝનું મોત થયું હતું. ભારે વરસાદ શનિવાર અને રવિવારે પણ ચાલુ રહેશે એવી આગાહીને કારણે અનેક ઑફિસોમાં કર્મચારીઓને વર્ક ફ્રોમ હોમ આપવાનું શરૂ કરી દીધું છે. (એજન્સી)

# પારંપરિક દવા માટે વિજ્ઞાનની મદદથી લોકોનો વિશ્વાસ જીતોઃ મોદી

નવી દિલ્હીઃ વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ શુક્રવારે જણાવ્યું હતું કે દેશની પારંપરિક દવાને મળવી જોઇએ એટલી માન્યતા કે પ્રસિદ્ધિ નથી મળતી. આવી ઔષધો માટે લોકોનો વિશ્વાસ જીતવા વિજ્ઞાનનો સહારો લેવો જોઇએ.

વિશ્વ આરોગ્ય સંસ્થા (વર્લ્ડ હેલ્થ ઑર્ગેનાઇઝેશન - ડબ્લ્યૂએચઓ)ની પારંપરિક ઔષધને લગતી વૈશ્વિક પરિષદને સંબોધતા મોદીએ જણાવ્યું હતું કે પારંપરિક દવાને વધુ લોકપ્રિય બનાવવા માટે ડિજિટલ ટૅક્નોલૉજી અને વિશ્વસનીય નિયામક માળખાની મદદ લેવી જોઇએ. મોદીએ જણાવ્યું હતું કે જેમનું શરીર સમતુલિત હોય, તે સ્વસ્થ ગણાય. આજે શારીરિક સમતુલા જાળવવી મુખ્ય સમસ્યા બની ગઇ છે.

વડા પ્રધાને જણાવ્યું હતું કે પારંપરિક દવાની સલામતી અને અસરકારકતા અંગે અવારનવાર સવાલ કરાય છે. ભારત પારંપરિક ઔષધને લોકપ્રિય બનાવવા માટે સતત કાર્ય કરી રહ્યું છે. તેનું ઉત્તમ ઉદાહરણ 'અશ્વગંધા' છે. સદીઓથી તેનો ઉપયોગ ભારતમાં સારવાર માટે કરાય છે. કોવિડ-૧૯ના રોગચાળા વખતે તેની માગ વૈશ્વિક સ્તરે ઘણી વધી હતી. ભારત 'અશ્વગંધા'ને સંશોધન અને સારવાર માટેના અસરકારકતાના પુરાવાની સાથે પ્રમોટ કરી રહ્યું છે. (એજન્સી)■

# 'એક્સ' પર સૌથી વધુ રીટ્વીટ, લાઇક કરાયેલી દસમાંથી આઠ પૉસ્ટ મોદીની

નવી દિલ્હીઃ છેલ્લા ૩૦ દિવસમાં સોશ્યલ મીડિયા પ્લેટફોર્મ 'એક્સ' પર ટોચના ૧૦ પોસ્ટમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીની આઠ પોસ્ટ કે તસવીરોને સૌથી વધુ પસંદ કરવામાં આવી હતી. જેમાં રશિયાના પ્રમુખ વ્લાદિમીર પુતિન સાથેનો તેમનો ફોટો પણ સામેલ છે જ્યારે બંને નેતાઓ દિલ્હીના આઈજીઆઈ એરપોર્ટથી કારમાં સાથે મુસાફરી કરી રહ્યા હતા. અધિકારીઓએ આ જાણકારી આપી હતી. 'એક્સ' પરની આઠ પોસ્ટ્સને મળીને ૧,૬૦,૭૦૦ રીપોસ્ટ, અને ૧૪.૭૬ લાખ લાઈક્સ મળી હતી. આમ સોશ્યલ મીડિયા પ્લેટફોર્મ પર ટોચના ૧૦ સૌથી વધુ પસંદ કરાયેલા અને રીપોસ્ટ કરાયેલા હેન્ડલ્સમાં એકમાત્ર રાજકારણી બન્યા છે.

એક અધિકારીએ કહ્યું હતું કે 'એક્સ' (અગાઉ ટ્વિટર)માં એક નવું ફીચર આવ્યું છે. તે કોઈ પણ દેશમાં છેલ્લા મહિનામાં સૌથી વધુ પસંદ કરાયેલા અને રીપોસ્ટ કરાયેલા ટ્વીટ્સને દર્શાવે છે. ભારત માટે છેલ્લા ૩૦ દિવસમાં ૧૦ સૌથી વધુ પસંદ કરાયેલા ટ્વીટ્સથી ટોચના આઠ પીએમ મોદીના છે. ૪, ડિસેમ્બરે મોસ્કોથી આવ્યા પછી પુતિન સાથે કારમાં મુસાફરી કરતા પીએમ મોદીના ફોટાને ૩૪,૦૦૦થી વધુ રિપોસ્ટ અને ૨૧૪,૦૦૦ લાઈક્સ મળ્યા હતા - જે વડાપ્રધાનની આઠ પોસ્ટમાં સૌથી વધુ છે. પુતિનને રશિયન ભાષામાં ગીતાની નકલ ભેટ આપતા વડાપ્રધાનની તસવીરને ૨૯,૦૦૦ રિપોસ્ટ અને ૨,૩૧,૦૦૦ લાઈક્સ મળ્યા હતા. ■

# સીધા કરવેરાની વસૂલાત આઠ ટકા વધીને ૧૭ લાખ કરોડ રૂપિયા

નવી દિલ્હીઃ કોર્પોરેટ એડવાન્સ ટેક્સમાં ધીમા રિફન્ડ અને કોર્પોરેટ એડવાન્સ ટેક્સના કારણે આ નાણાકીય વર્ષમાં ૧૭ ડિસેમ્બર સુધીમાં ડાયરેક્ટ ટેક્સની ચોખ્ખી વસૂલાત આઠ ટકા વધીને ૧૭.૦૪ લાખ કરોડ રૂપિયાથી વધુ થઈ છે, એમ આવકવેરા વિભાગના આંકડા શુક્રવારે દર્શાવે છે.

કોર્પોરેટ ટેક્સ વસૂલાત ૧૦.૫૪ ટકા વધીને ૮.૧૭ લાખ કરોડ રૂપિયાથી વધુ થઈ છે. નોન-કોર્પોરેટ ટેક્સ (જેમાં વ્યક્તિઓ, એચયુએફ, કંપનીઓ દ્વારા ચૂકવવામાં આવતા કરનો સમાવેશ થાય છે) ૬.૩૭ ટકા વધીને ₹ ૮.૪૭ લાખ કરોડ રૂપિયા થયો છે.ચાલુ નાણાકીય વર્ષના ૧૭ ડિસેમ્બર સુધીમાં સિક્યોરિટીઝ ટ્રાન્ઝેક્શન ટેક્સમાંથી ચોખ્ખી આવક વાર્ષિક ધોરણે નજીવી વધીને ૪૦૧૯૫ કરોડ રૂપિયા થઈ છે.

કોર્પોરેટ એડવાન્સ ટેક્સમાં આઠ ટકાનો વધારો થયો છે જે ૬.૦૭ લાખ કરોડ રૂપિયાથી વધુ થયો છે. નોન-કોર્પોરેટ કંપનીઓ પાસેથી એડવાન્સ ટેક્સ વસૂલાતમાં ૬.૪૯ ટકાનો ઘટાડો જોવા મળ્યો જે ૧.૮૧ લાખ કરોડ રૂપિયાથી વધુ છે. ■

# યુક્રેનમાં લક્ષ્ય સિદ્ધ કરીને જ રહીશુંઃ પુતિનનો હુંકાર

મૉસ્કોઃ રશિયાનું સૈન્ય યુક્રેનના યુદ્ધમેદાનમાં આગળ વધી રહ્યું છે એમ જણાવી રશિયાના પ્રમુખ વ્લાદિમિર પુતિને શુક્રવારે વિશ્વાસ વ્યક્ત કરતાં કહ્યું હતું કે પડોશી દેશ પર આક્રમણ કરવાનો અંદાજે ચાર વર્ષ અગાઉ આદેશ આપ્યા બાદ હવે અમારી સેનાનું લક્ષ્ય સિદ્ધ થશે.

પુતિને જાહેરાત કરી હતી કે રશિયાએ વ્યૂહાત્મક રીતે વિજય મેળવી લીધો છે અને આ વર્ષના અંત સુધીમાં તેઓ જલદી જ વધુ લક્ષ્યો સિદ્ધ કરશે.

વર્ષ ૨૦૨૨માં શરૂ થયેલા રશિયા-યુક્રેન યુદ્ધના આરંભિક દિવસોમાં યુક્રેન રશિયન સેના દ્વારા કિવ પર કબજો મેળવવાના કરવામાં આવેલા પ્રયાસને નિષ્ફળ બનાવવામાં સફળ રહ્યું હતું, પરંતુ ત્યાર બાદ રશિયન સૈન્યએ ધીમી પણ મક્કમ પ્રગતિ ચાલુ રાખી હતી, એમ તેમણે કહ્યું હતું. (એજન્સી)■

# બ્રાઉન યુનિવર્સિટીના શંકાસ્પદ શૂટરનો મૃતદેહ મળી આવ્યો

પ્રોવિડન્સ (યુએસ)ઃ ગયા અઠવાડિયાના અંતમાં અમેરિકાસ્થિત બ્રાઉન યુનિવર્સિટીમાં કરવામાં આવેલી સામૂહિક હત્યાના શંકાસ્પદની શોધખોળનો ગુરુવારે ન્યૂ હૅમ્પશાયર સ્ટોરેજ ફેસિલિટીમાં અંત આવ્યો હતો જ્યારે સંબંધિત તપાસ અધિકારીઓને એક વ્યક્તિનો મૃતદેહ મળી આવ્યો હતો. જે વ્યક્તિનો મૃતદેહ મળી આવ્યો હતો તે એમઆઈટીના પ્રોફેસરની હત્યાનો પણ એક શંકાસ્પદ હોવાનું બાદમાં જાણવા મળ્યું હતું.

૪૮ વર્ષનો ક્લાઉડિયો નૅવેસ વૅલેન્ટે બ્રાઉન યુનિવર્સિટીનો ભૂતપૂર્વ વિદ્યાર્થી અને પૉર્ટુગિઝનો નાગરિક હતો. ગુરુવારે સાંજે તેનો મૃતદેહ મળી આવ્યો હતો, એમ પ્રોવિડન્સના પોલીસ વડા ઑસ્કાર પરેઝે કહ્યું હતું.

તપાસકર્તાઓનું માનવું છે કે ગયા શનિવારે બ્રાઉન યુનિવર્સિટીના લૅક્ચર હૉલમાં થયેલા ગોળીબાર માટે ક્લાઉડિયો નૅવેસ વૅલેન્ટે જવાબદાર હતો. આ ગોળીબારમાં બે વિદ્યાર્થીનાં મોત થયાં હોવા ઉપરાંત નવ જણ ઘાયલ થયા હતા. બે દિવસ બાદ ક્લાઉડિયો નૅવેસ વૅલેન્ટેએ એમઆઈટીના પ્રોફેસર નૂનો એફ જી લૉરેરિરોની પ્રોવિડન્સથી ૮૦ કિ.મી.ને અંતરે આવેલા બ્રુકલિનસ્થિત તેમનાં નિવાસસ્થાને હત્યા કરી હતી. (એજન્સી)■

# અમેરિકામાં રેપનો ભારતીયના મૂળના ટૅક્સીચાલક પર આરોપ

ન્યૂ યૉર્કઃ અમેરિકાના કૅલિફૉર્નિયામાં બેહોશ પ્રવાસી પર કથિત બળાત્કાર કરવાનો ભારતીય મૂળના ૩૫ વર્ષની ટૅક્સિચાલક પર આરોપ મૂકવામાં આવ્યો હોવાનું ડિસ્ટ્રીક્ટ ઍટર્નીના કાર્યાલયે જણાવ્યું હતું. આરોપી સિમરનજિતસિંહ બુધવારે કોર્ટમાં હાજર રહ્યો હતો અને પોતે નિર્દોષ હોવાનું જણાવ્યું હતું.

ડિસ્ટ્રીક્ટ ઍટર્નીના કાર્યાલય દ્વારા બહાર પાડવામાં આવેલા નિવેદનમાં જણાવ્યાનુસાર ટૅક્સીના ડ્રાઈવરે ૨૭ નવેમ્બરે મોડી રાતે ઘટનાનો ભોગ બનેલી મહિલાને તેનાં ઘરે પહોંચાડવા બારની બહારથી કારમાં બેસાડી હતી.

સિમરનજિતસિંહે નશામાં ચૂર મહિલા પર બળાત્કાર કર્યો હતો. ઘટનાને મામલે સોમવારે તેની ધરપકડ કરવામાં આવી હતી અને બેહોશ મહિલા પર બળાત્કાર કરવાનો તેના પર આરોપ મૂકવામાં આવ્યો હતો. (એજન્સી)■

---

'મુંબઈ સમાચાર'ના ફન વર્લ્ડમાં તમને રસપ્રદ માહિતી મળશે અને સાથે મજા પણ આવશે. પ્રત્યેક કોયડાના સાચા જવાબ આપનારા વાચકોનાં જ નામ અહીં પ્રગટ કરવામાં આવશે. વાચકોએ તેમના જવાબ ઈ-મેઇલથી સોમવારે સાંજે ૬:૦૦ સુધી મોકલવાના રહેશે. ત્યાર પછી મોકલેલા જવાબ સ્વીકારાશે નહીં. વાચકોએ જવાબ નવા ઈ-મેઈલ funworld1822@gmail.com પર મોકલવાના રહેશે.

## ફન વર્લ્ડ

### ભાષા વૈભવ...

ગુજરાતી - ગુજરાતી સમાનાર્થી શબ્દોની જોડી જમાવો

| A | B |
|---|---|
| પટ | તલાટી |
| પટરી | વસ્ત્ર |
| પટવારી | ઝપાટાબંધ |
| પટોળું | ઘોડાનું પલાણ |
| પટોપટ | વિસ્તાર |

### જાણવા જેવું

ટેસ્ટ ક્રિકેટ ઈતિહાસની પ્રથમ ટેસ્ટ મેચ ૧૮૭૭ની સાલમાં ઓસ્ટ્રેલિયા અને ઈંગ્લેન્ડ વચ્ચે રમાઈ હતી. ઓસ્ટ્રેલિયાના મેલબર્ન શહેરમાં રમાયેલી આ ટેસ્ટમાં ઓસ્ટ્રેલિયાનો ૪૫ રનથી વિજય થયો હતો. ૧૦૦ વર્ષ આછી મેલબર્નમાં જ આ બંને દેશ વચ્ચે ખેલાયેલી શતાબ્દી ટેસ્ટમાં પણ ઓસ્ટ્રેલિયાની ૪૫ રનથી જીત થઈ હતી.

### ગુજરાત મોરી મોરી રે

આમિર ખાન સહિત અનેક ખ્યાતનામ કલાકારોએ ગુજરાતી નાટકોના કયા ખમતીધર દિગ્દર્શક સાથે કામ કર્યું હતું એ ખબર છે?

અ) કાંતિ મડિયા બ) મહેન્દ્ર જોશી
ક) શૈલેષ દવે ડ) પ્રવીણ જોશી

### નોંધી રાખો

ઘણી બાબત ગમતી થાય તો કેટલીક બાબત ગમાડવી પડે. ગમા અને અણગમાનું ગણિત સમજાઈ જાય તો જીવનમાં સરળતા રહે.

### શબ્દલાલિત્ય

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | | ૨ | ૩ | | ■ | ૪ | ૫ | | ૬ |
| | ■ | ૭ | | ■ | ૮ | | | ■ | |
| | ■ | ૯ | | | | ■ | ૧૦ | | |
| ■ | ૧૧ | | | ■ | ૧૨ | ૧૩ | | ■ | ■ |
| ૧૪ | | | ■ | ■ | ૧૫ | | ■ | ૧૬ | ૧૭ |
| ૧૮ | | ■ | ૧૯ | ૨૦ | ■ | ■ | ૨૧ | | |
| ■ | ■ | ૨૨ | | | ■ | ૨૩ | | | ■ |
| ૨૪ | | | ■ | ૨૫ | | | | ■ | ૨૬ |
| | ■ | | ■ | | ■ | ૨૭ | | ■ | |
| ૨૮ | | | | ■ | ૨૯ | | | | |

**આડી ચાવી**

૧. યાદવોની અંદરઅંદરની લડાઇ (૫)
૪. વરસાદ --- સાથે પડે (૪)
૭. સૈન્ય (૨)
૮. વહેતા પાણીમાં થતું કૂંડાળું (૩)
૯. બુદ્ધિમાન, વિદ્વાન (૪)
૧૦. પ્રસિદ્ધ વૈદકશાસ્ત્રી (૩)
૧૧. અશુભ દિવસ (૩)
૧૨. હાર, ઓળ (૩)
૧૪. જમાઈ (૩)
૧૫. ઝીણી ધૂળ (૨)
૧૬. એક પ્રવાહી ધાતુ ૯૨)
૧૮. જંગલ (૨)
૧૯. રાજ્ય (૨)
૨૧. કોઈ પણ કામ માટે નમ્રતાથી કરેલી વિનંતી (૩)
૨૨. અકળ, ગૂઢ (૩)
૨૩. એક જાતની ઘોડી (૩)
૨૪. લગની, ધ્યાન (૩)
૨૫. હેતુ આશય (૪)
૨૭. બંધી, નિષેધ (૨)
૨૮. આરોપ, આળ (૪)
૨૯. પૃથ્વીને વીંટળાઈને રહેલું વાયુનું આવરણ (૫)


**ઊભી ચાવી**

૧. પીડા, કષ્ટ (૩)
૨. ચર્ચા (૫)
૩. જમીન પર ફરનારું કે રહેનારું (૪)
૪. --- ખસે કે ગાડું? (૨)
૫. પાણીમાં રહેનારું (૪)
૬. પિતા (૩)
૮. ભક્ત કવિ કબીરની જાતિ (૪)
૧૧. કામઠું, ધનુષ (૩)
૧૩. રાજાનો મુગટ (૨)
૧૪. પત્ની (૨)
૧૬. --- આશ સદા નિરાશ (૩)
૧૭. રોજગાર, ગુજરાન (૨)
૧૯. વાટ, રસ્તો (૨)
૨૦. લોકોનો અભિપ્રાય (૪)
૨૧. કજિયો, પરસ્પર મેળ કે સ્નેહ ન હોવો તે (૫)
૨૨. સૂઝ, સમજણ (૪)
૨૩. સ્થાવર અને જંગમ મિલકત (૪)
૨૪. ---નું જમણ વખણાય (૩)
૨૬. પગ (૩)

**ગયા વખતનો ઉકેલ**

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ■ | ૧ ખા | ૨ ખ | ■ | ૩ મ | લ | ૪ ૫ | ૫ તું | ■ | ૬ દો |
| ૭ અં | ત | રિ | યા | ળ | ■ | ૮ રા | ગ | ૯ દે | ૫ |
| ૧૦ ત | ર | ફ | ■ | ૧૧ તા | ૧૨ કા | ત | ■ | ૫ | ■ |
| રા | ■ | ■ | ૧૩ ગ | વ | રી | ■ | ૧૪ કું | ■ | ■ |
| ૧૫ ય | ૧૬ તી | ૧૭ મ | ■ | ડું | ■ | ૧૮ સં | ગ | ૧૯ મ | ■ |
| ■ | ૨૦ ર | હે | મ | ■ | ૨૧ તા | ■ | ૨૨ ન | ર્મ | ૨૩ દા |
| ■ | ■ | ક | ■ | ૨૪ ભા | ર | તી | ■ | ■ | વા |
| ■ | ૨૫ ભાં | ■ | ૨૬ ૫ | ર | ણ | ■ | ૨૭ મ | ૨૮ દ | ન |
| ૨૯ બા | ગ | ૩૦ બા | ગ | ■ | ૩૧ હા | લ | હ | વા | લ |
| ધા | ■ | ૩૨ મ | શ | હૂ | ર | ■ | ૩૩ ત | ત | ■ |

### ઓળખાણ પડી?



કાર, મોટરબાઈક, ઘોડેસવારી અને વિમાન ઉડાડવાના શોખીન એવા આક્રમક ઈંગ્લેન્ડના ભૂતપૂર્વ કેપ્ટનની ઓળખાણ પડી?

અ) લેન હટન
બ) માઈક સ્મિથ
ક) ટેડ ડેક્સ્ટર
ડ) પીટર મે

### ચતુર આપો જવાબ માથું ખંજવાળો

વિવિધ કલાત્મક ચીજવસ્તુ ઉપરાંત સાહિત્યિક અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ માટે ખ્યાતિ ધરાવતું સાલારગંજ મ્યુઝિયમ કયા શહેરમાં છે?

અ) સોલાપુર બ) ભુવનેશ્વર ક) બેંગ્લુરુ ડ) હૈદરાબાદ

### માઈન્ડ ગેમ

આપેલી સંખ્યાઓ ધ્યાનથી જુઓઃ ૬૪, ૮૦, ૧૧૨, ૧૬૦, ૨૨૪ .... તેમની વચ્ચે રહેલો સંબંધ ઓળખો અને ગણતરી કરીને કહો કે ૨૨૪ પછી કઈ સંખ્યા આવે?

અ) ૨૮૨ બ) ૨૯૫ ક) ૩૦૪ ડ) ૩૧૨

### સુડોકુ-૯૧૭૩

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | | | | ૩ |
| ૬ | | | ૨ | | ૭ | | ૪ | |
| ૨ | | | ૩ | ૯ | | | ૭ | |
| | | ૮ | | | ૪ | | | ૫ |
| | | ૫ | | | | ૩ | | |
| ૧ | | | ૮ | | | ૯ | | |
| | ૭ | | | ૩ | ૮ | | | ૬ |
| | ૪ | | ૧ | | ૨ | | | ૯ |
| ૯ | | | | | | | | |

અહીં એક ચોરસ આપ્યું છે જેમાં નવ બોક્સ છે અને દરેકમાં નવ ખાનાં છે.૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ. ૨) દરેક આડી અને ઊભી હરોળમાં આંક આવવો જોઈએ. અહીં પણ કોઈ આંક

### સુડોકુ-૯૧૭૨

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૫ | ૧ | ૪ | ૮ | ૬ | ૭ | ૯ | ૩ | ૨ |
| ૩ | ૮ | ૨ | ૪ | ૯ | ૧ | ૫ | ૭ | ૬ |
| ૯ | ૭ | ૬ | ૩ | ૫ | ૨ | ૪ | ૮ | ૧ |
| ૮ | ૩ | ૧ | ૫ | ૨ | ૪ | ૭ | ૬ | ૯ |
| ૪ | ૬ | ૭ | ૯ | ૧ | ૩ | ૨ | ૫ | ૮ |
| ૨ | ૯ | ૫ | ૭ | ૮ | ૬ | ૩ | ૧ | ૪ |
| ૬ | ૪ | ૩ | ૨ | ૭ | ૮ | ૧ | ૯ | ૫ |
| ૧ | ૨ | ૯ | ૬ | ૩ | ૫ | ૮ | ૪ | ૭ |
| ૭ | ૫ | ૮ | ૧ | ૪ | ૯ | ૬ | ૨ | ૩ |

### ગયા શનિવારના જવાબ

| A | B |
|---|---|
| પછટી | તલવાર |
| પછવાઈ | શોભાનું લૂગડું |
| પછવાડે | પાછળ |
| પછીત | દીવાલ |
| પછેડી | ખેસ |

**ગુજરાત મોરી મોરી રેઃ** અંડરી ગંડરી ટીપરી ટેન

**ઓળખાણ પડી?** નરેન તામ્હાણે

**માઈન્ડ ગેમ :** ૪૦૫

**ચતુર આપો જવાબ માથું ખંજવાળો :** પુણે

### ફનવર્લ્ડમાં ઉમળકાભેર ભાગ લઈ સાચા જવાબ આપનારા વાચકોનાં નામ અહીં આપ્યાં છે. અભિનંદન.

(૧) ગિરીશ બાબુભાઈ મિસ્ત્રી (૨) કિશોરકુમાર જીવણદાસ વેદ (૩) મુલરાજ કપૂર (૪) સુભાષ મોમાયા (૫) શ્રીમતી ભારતી પ્રકાશ કટકિયા (૬) હર્ષા મહેતા (૭) શ્રદ્ધા આશર (૮) પુષ્પા પટેલ (૯) લજિતા ખોના (૧૦) જ્યોતિ ખાંડવાલા (૧૧) મીનળ કાપડિયા (૧૨) કિરીટ છેડા (૧૩) ચેતના છેડા (૧૪) નયના ગિરીશ મિસ્ત્રી (૧૫) જયશ્રી બુચ (૧૬) નિખિલ બંગાળી (૧૭) અમીશી બંગાળી (૧૮) તાહેર ઔરંગાબાદવાલા (૧૯) શીરીન ઔરંગાબાદવાલા (૨૦) અબ્દુલ્લા એફ. મુનીમ (૨૧) મનીષા શેઠ (૨૨) ફાલ્ગુની શેઠ (૨૩) ભરત કજરિયા (૨૪) જયવંત પદમશી ચિખલ (૨૫) મહેન્દ્રા લોઢાવિયા (૨૬) અરવિંદ કામદાર (૨૭) ભાવના કર્વે (૨૮) દેવેન્દ્ર સંપટ (૨૯) વિણા સંપટ (૩૦) પુષ્પા ખોના (૩૧) ડાયના સંતોકે (૩૨) રશીક જુથાણી - ટોરંટો કેનેડા (૩૩) મહેશ સંઘવી (૩૪) કમલ માતલિયા (૩૫) નિતીન જયંતિલાલ બજરિયા (૩૬) પ્રવીણ વોરા (૩૭) ડો. પ્રકાશ કટકિયા (૩૮) પ્રતિમા પમાણી (૩૯) ધીરેન્દ્ર મુલરાજ (૪૦) ગીતા ઉદેશી (૪૧) મહેશ દોશી (૪૨) અલકા વાણી (૪૩) વિપીન શાહ (૪૪) નૂતન વિપન શાહ (૪૫) પ્રજ્ઞા પુરોહિત - જામનગર (૪૬) પ્રમોદ પુરોહિત - જામનગર

# ચાર સત્રની મંદીને બ્રેકઃ સેન્સેક્સમાં ૪૪૭ પૉઈન્ટનો અને નિફ્ટીમાં ૧૫૦ પૉઈન્ટની તેજી

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ ગત નવેમ્બર મહિનામાં અમેરિકા ખાતેના ફુગાવામાં બજારની અપેક્ષા કરતાં ઓછી વૃદ્ધિ થઈ હોવાથી આગામી વર્ષ ૨૦૨૬માં અમેરિકી ફેડરલ રિઝર્વ વ્યાજદરમાં વધુ વખત કાપ મૂકે તેવો આશાવાદ સપાટી પર આવતા આજે વૈશ્વિક ઈક્વિટી માર્કેટમાં સુધારાતરફી વલણ રહ્યું હોવાના પ્રોત્સાહક અહેવાલ સાથે સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં પણ ખાસ કરીને રિલાયન્સ એને એચડીએફસી બૅન્ક જેવાં બ્લ્યુચીપ શૅરોમાં રોકાણકારોની લેવાલી રહેતાં પણ ચાર સત્રની મંદીને બ્રેક લાગી હતી અને તેજી જોવા મળી હતી.

જેમાં બૉમ્બે સ્ટોક એક્સચેન્જના ૩૦ શૅરના બૅન્ચમાર્ક સેન્સેક્સમાં ૪૪૭.૫૫ પૉઈન્ટની અને નેશનલ સ્ટોક એક્સચેન્જના ૫૦ શૅરના બૅન્ચમાર્ક નિફ્ટીમાં ૧૫૦.૮૫ પૉઈન્ટનો સુધારો આવ્યો હતો. જોકે, ગઈકાલે વિદેશી સંસ્થાકીય રોકાણકારોની રૂ. ૫૯૫.૭૮ કરોડની અને સ્થાનિક સંસ્થાકીય રોકાણકારોની રૂ. ૨૭૦૦.૩૬ કરોડની ઈક્વિટીમાં ચોખ્ખી લેવાલી રહી હોવાના નિર્દેશોને કારણે પણ બજારના સુધારાને અંમુક અંશે ટેકો મળ્યો હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

વધુમાં આજે સતત બીજા સત્રમાં પણ વિદેશી સંસ્થાકીય રોકાણકારોની લેવાલી જળવાઈ રહી હતી. આજે તેઓની રૂ. ૨૭,૪૪૭.૯૫ કરોડની ખરીદી સામે રૂ. ૨૫,૬૧૭.૦૬ કરોડની વેચવાલી રહેતાં રૂ. ૧૮૩૦.૦૮૯ કરોડની ચોખ્ખી ખરીદી રહી હતી. તેમ જ સ્થાનિક સંસ્થાકીય રોકાણકારોની પણ રૂ. ૨૩,૦૯૭.૫૧ કરોડની ખરીદી સામે રૂ. ૧૭,૩૭૪.૬૨ કરોડની વેચવાલી રહેતાં કુલ રૂ. ૫૭૨૨.૮૯ કરોડની ચોખ્ખી ખરીદી રહી હોવાનું એક્સચેન્જની આંકડાકીય માહિતી પરથી જાણવા મળ્યું છે.

આજે બીએસઈ બૅન્ચમાર્ક સેન્સેક્સ ગઈકાલના ૮૪,૪૮૧.૮૧ના બંધ સામે સુધારાના અન્ડરટોને ૮૪,૭૫૬.૭૯ની સપાટીએ ખૂલ્યા બાદ સત્ર દરમિયાન નીચામાં ૮૪,૭૩૪.૯૬ અને ઉપરમાં ૮૫,૦૬૭.૫૦ની રેન્જમાં અથડાઈને અંતે ગઈકાલના બંધ સામે ૦.૫૩ ટકા અથવા તો ૪૪૭.૫૫ પૉઈન્ટ વધને ૮૪,૯૨૯.૩૬ની સપાટીએ બંધ રહ્યો હતો, જ્યારે નેશનલ સ્ટોક એક્સચેન્જનો બૅન્ચમાર્ક નિફ્ટી ગઈકાલના ૨૫,૮૧૫.૫૫ના બંધ સામે ૨૫,૯૧૧.૫૦ના મથાળે ખૂલ્યા બાદ સત્ર દરમિયાન નીચામાં ૨૫,૮૮૦.૪૫ અને ઉપરમાં ૨૫,૯૯૩.૩૫ની રેન્જમાં રહ્યા બાદ અંતે ગઈકાલના બંધ સામે ૦.૫૮ ટકા અથવા તો ૧૫૦.૮૫ પૉઈન્ટ વધીને ૨૫,૯૬૬.૪૦ની સપાટીએ બંધ રહ્યો હતો. જોકે, સાપ્તાહિક ધોરણે બીએસઈ બૅન્ચમાર્ક સેન્સેક્સમાં ૦.૩૯ ટકાનો અથવા તો ૩૩૮.૩ પૉઈન્ટનો અને એનએસઈ બૅન્ચમાર્ક નિફ્ટીમાં ૦.૩૦ ટકાનો અથવા તો ૮૦.૫૫ પૉઈન્ટનો ઘટાડો નોંધાયો છે.




એકંદરે અમેરિકના નવેમ્બર મહિનાના ફુગાવામાં બજારની અપેક્ષા કરતાં ઓછી વૃદ્ધિ જોવા મળતાં અમેરિકી ફેડરલ રિઝર્વ આગામી વર્ષ ૨૦૨૬માં વ્યાજદરમાં વધુ કાપ મૂકે તેવી શક્યતાને ધ્યાનમાં લેતા આજે વૈશ્વિક પ્રોત્સાહક અહેવાલ સાથે રોકાણકારોનું સેન્ટિમેન્ટ મક્કમ રહ્યું હોવાથી સત્ર દરમિયાન વ્યાપકપણે રોકાણકારોની ખરીદી જોવા મળી હોવાથી તેમ જ રૂપિયામાં પણ ૫૩ પૈસા મજબૂતીનું વલણ રહ્યું હોવાના નિર્દેશોને કારણે બજારના સુધારાને ટેકો મળ્યો હોવાનું ઓનલાઈન ટ્રેડિંગ અને વૅલ્થ ટેક કંપની એનરિચ મનીનાં ચીફ એક્ઝિક્યુટીવ ઑફિસર પોન્મુડી આરએ જણાવ્યું હતું.

અત્રે નોંધનીય બાબત એ છે કે અમેરિકી ફેડરલ રિઝર્વના અધ્યક્ષ જૅરૉમ પૉવેલે છેલ્લી નીતિવિષયક બેઠકના અંતે ભવિષ્યમાં વ્યાજદરમાં કપાતનો આધાર અમેરિકાના આર્થિક ડેટા પર નિર્ભર રહેશે એવા સંકેત આપ્યા હતા અને તાજેતરમાં અમેરિકાના બેરોજગારીના અને ફુગાવાના ડેટા વ્યાજદરમાં કપાતની તરફેણમાં આવ્યા હોવાથી બજારમાં સુધારો જોવા મળ્યો હતો. વધુમાં મેમરી અને માઈક્રો સ્ટોરેજ કોમ્પ્યુટર બનાવતી કંપની માઈક્રોન ટેક્નોલૉજીનાં છેલ્લા ત્રિમાસિકગાળામાં આવક અને નફામાં વધારો થવાની શક્યતાએ ગઈકાલે શૅરના ભાવમાં ૧૦.૨ ટકા જેટલો ઉછાળો આવ્યાના અહેવાલને ધ્યાનમાં લેતા પણ બજારનાં સુધારાને ટેકો મળ્યો હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

આજે બીએસઈ ખાતે કુલ ૪૩૩૧ શૅરોમાં કામકાજ થયા હતા, જેમાંથી ૨૬૫૨ શૅરના ભાવ વધીને, ૧૫૩૧ શૅરના ભાવ ઘટીને અને ૧૪૮ શૅરના ભાવ ટકેલા ધોરણે બંધ રહ્યા હતા.આજે ૧૦૦ શૅરના ભાવ બાવન સપ્તાહની ટોચે અને ૧૭૯ શૅરના ભાવ બાવન સપ્તાહના તળિયે પહોંચ્યા હતા અને છ શૅરના ભાવમાં ઉપલી સર્કિટ લાગી હોવાના નિર્દેશો હતા.

એકંદરે આજે સેન્સેક્સ હેઠળના ૩૦ શૅર પૈકી માત્ર ચાર શૅરના ભાવ ઘટીને બંધ રહ્યા હતા. જેમાં એચસીએલ ટેક્નોલૉજીસના ભાવમાં ૧.૧૪ ટકાનો, કોટક મહિન્દ્રા બૅન્કમાં ૦.૨૭ ટકાનો, આઈસીઆઈસીઆઈ બૅન્કમાં ૦.૨૦ ટકાનો અને સન ફાર્મામાં ૦.૦૧ ટકાનો ઘટાડો આવ્યો હતો. તેની સામે ૨૬ શૅરના ભાવ વધીને બંધ રહ્યા હતા, જેમાં મુખ્ય વધનાર શૅરમાં ભારત ઈલેક્ટ્રોનિક્સ લિ.માં ૨.૩૭ ટકાનો, પાવરગ્રીડ કોર્પોરેશનમાં ૨.૧૯ ટકાનો, ટાટા મોટર્સ પેસેન્જર વેહિકલ્સમાં ૧.૯૮ ટકાનો, એશિયન પેઈન્ટ્સમાં ૧.૪૧ ટકાનો, રિલાયન્સમાં ૧.૩૪ ટકાનો અને લાર્સન ઍન્ડ ટૂબ્રોમાં ૧.૦૫ ટકાનો ઉછાળો આવ્યો હતો. વધુમાં આજે બીએસઈ મિડકેપ ઈન્ડેક્સ ૧.૨૬ ટકા અને સ્મોલકેપ ઈન્ડેક્સ ૧.૨૫ ટકા વધીને બંધ રહ્યો હતો.

આજે બીએસઈ ખાતેના સેક્ટોરિયલ ઈન્ડેક્સમાં મુખ્યત્વે રિઅલ્ટી ઈન્ડેક્સમાં ૧.૬૮ ટકાનો, કેપિટલ ગૂડ્સ ઈન્ડેક્સમાં ૧.૬૫ ટકાનો, ટેલિકોમ્યુનિકેશન ઈન્ડેક્સમાં ૧.૫૪ ટકાનો, ઈન્ડસ્ટ્રિયલ ઈન્ડેક્સમાં ૧.૪૯ ટકાનો, યુટિલિટી ઈન્ડેક્સમાં ૧.૨૫ ટકાનો અને પાવર ઈન્ડેક્સમાં ૧.૨૪ ટકાનો સુધારો જોવા મળ્યો હતો.

એશિયાની બજારમાં આજે દક્ષિણ કોરિયાના કોસ્પી, જાપાનના નિક્કી ૨૨૫, શાંઘાઈનો એસએસએઈ કમ્પોઝિટ અને હૉંગકૉંગનો હૅંગસૅંગ ઈન્ડેક્સ વધીને બંધ રહ્યા હતા. તેમ જ યુરોપના બજારોમાં પણ મધ્યસત્ર દરમિયાન સુધારાતરફી વલણ જોવા મળ્યું હતું. તેમ જ આજે વિશ્વ બજારમાં પણ બ્રેન્ટ ક્રૂડતેલના વાયદામાં ભાવ ગઈકાલના બંધ સામે ૦.૪૦ ટકા ઘટીને બેરલદીઠ ૫૯.૫૮ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યાના અહેવાલ હતા..

# ક્રૂડતેલના ભાવમાં ઘટાડો અને નિકાસકારોની ડૉલરમાં વેચવાલીએ રૂપિયો ૫૩ પૈસા ઉછળીને ૯૦ની અંદર

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ સ્થાનિક ફોરેક્સ માર્કેટમા આજે મુખ્યત્વે નિકાસકારોની ડૉલરમાં નીકળેલી વેચવાલી ઉપરાંત વિશ્વ બજારમાં બ્રેન્ટ ક્રૂડતેલના વાયદામાં ભાવ બેરલદીઠ ૬૦ ડૉલરની અંદર પ્રવર્તી રહ્યાના નિર્દેશો અને સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં સુધારાતરફી વલણ ઉપરાંત ગઈકાલે વિદેશી સંસ્થાકીય રોકાણકારોની ઈક્વિટીમાં રૂ. ૫૯૫.૭૮ કરોડની ચોખ્ખી લેવાલી રહી હોવાના નિર્દેશોને ધ્યાનમાં લેતા આજે ડૉલર સામે રૂપિયો ૫૩ પૈસા ઉછળીને ફરી ૯૦ની સપાટીની અંદર ૮૯.૬૭ના મથાળે બંધ રહ્યો હોવાનું ફોરેક્સ ટ્રેડરોએ જણાવતાં ઉમેર્યું હતું કે તાજેતરમાં ડૉલર સામે રૂપિયો વિક્રમ સપાટીએ ગગડી ગયો હોવાથી વર્તમાન સપ્તાહમાં રિઝર્વ બૅન્કનો પણ હાજર બજારમાં હસ્તક્ષેપ જોવા મળ્યો હતો. આજે સ્થાનિકમાં ડૉલર સામે રૂપિયો ગઈકાલના ૯૦.૨૦ના બંધ સામે સુધારાના અન્ડરટોને ૯૦.૧૯ની સપાટીએ ખૂલ્યા બાદ સત્ર દરમિયાન નીચામાં ૯૦.૩૦ અને ઉપરમાં ૮૯.૨૫ સુધી મજબૂત થયા બાદ અંતે ગઈકાલના બંધ સામે પંચાવન પૈસાની તેજી સાથે ૮૯.૬૫ના મથાળે બંધ રહ્યો હતો. ગઈકાલે ડૉલર સામે રૂપિયો ૧૮ પૈસા વધીને બંધ રહ્યો હતો, જ્યારે ગત મંગળવારે સૌપ્રથમ વખત રૂપિયાએ ૯૧ની વિક્રમ સપાટી કુદાવી હતી. એકંદરે વૈશ્વિક સ્તરે ક્રૂડતેલના ભાવમાં જોવા મળેલા ઘટાડા ઉપરાંત સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં સુધારાતરફી વલણ રહેતાં આજે સતત ત્રીજા સત્રમાં ડૉલર સામે રૂપિયામાં સુધારો જોવા મળ્યો હોવાનું મિરે એસેટ્ શૅરખાનના વિશ્લેષક અનુજ ચૌધરીએ જણાવ્યું હતું. તાજેતરમાં વિદેશી રોકાણકારોની વેચવાલીના દબાણ અને અમેરિકા-ભારત વચ્ચેની ટ્રેડ ડીલ વિલંબમાં મુકાઈ હોવાથી નજીકના ભવિષ્યમાં ડૉલર સામે રૂપિયો દબાણ હેઠળ રહે તેવી શક્યતા છે. તેમ છતાં એકંદરે ડૉલર ઈન્ડેક્સમાં અને ક્રૂડતેલના ભાવમાં નરમાઈનું વલણ રૂપિયાને ટેકો આપે તેવી શક્યતાને ધ્યાનમાં લેતા ડૉલર સામે રૂપિયો ૮૯.૯૦થી ૯૦.૫૦ની રેન્જમાં રહે તેવી શક્યતા નકારી ન શકાય, એમ તેમણે ઉમેર્યું હતું.

# સોનામાં વધુ ₹ ૬૯૫નો ઘટાડો, ચાંદીમાં ₹ ૧૦૫૩ની નરમાઈ

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)


મુંબઈઃ વૈશ્વિક વિનિમય બજારમાં આજે ડૉલર ઈન્ડેક્સમાં મક્કમ વલણ રહ્યું હોવાથી ખાસ કરીને સોનાની પડતરો વધી આવતાં લંડન ખાતે સત્રના આરંભે સોનાના ભાવમાં નરમાઈનું વલણ રહ્યું હતું, જ્યારે ચાંદીમાં તંગ પુરવઠે ભાવમાં સુધારાતરફી વલણ જોવા મળ્યું હતું. જોકે, સ્થાનિક ઝવેરી બજારમાં આજે સપ્તાહના અંતે વૈશ્વિક નિરુત્સાહી અહેવાલ ઉપરાંત સ્થાનિક ફોરેક્સ માર્કેટમાં ડૉલર સામે રૂપિયો પંચાવન પૈસા મજબૂત થતાં આયાત પડતર ઘટવાને કારણે હાજરમાં સોનાના ભાવમાં ૧૦ ગ્રામદીઠ રૂ. ૬૯૩થી ૬૯૫નો ઘટાડો આવ્યો હતો. વધુમાં આજે વિશ્વ બજારથી વિપરીત ચાંદીના ભાવમાં પણ કિલોદીઠ રૂ. ૧૦૫૩નો ઘટાડો આવ્યો હતો.



બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે વિશ્વ બજારમાં ચાંદીના ભાવમાં સુધારાતરફી વલણ રહ્યું હોવાના નિર્દેશો છતાં ઊંચા મથાળેથી ઔદ્યોગિક વપરાશકારો તથા જ્વેલરી ઉત્પાદકોની માગ નિરસ રહેતાં વેરારહિત ધોરણે ભાવ કિલોદીઠ રૂ. ૧૦૫૩ના ઘટાડા સાથે રૂ. ૨,૦૦,૦૬૭ના મથાળે રહ્યા હતા. વધુમાં આજે વૈશ્વિક નિરુત્સાહી અહેવાલ અને રૂપિયામાં મજબૂત વલણ રહેતાં હાજરમાં વેરારહિત ધોરણે ૯૯૫ ટચ સ્ટાન્ડર્ડ સોનાના ૧૦ ગ્રામદીઠ ભાવ ગઈકાલના બંધ સામે રૂ. ૬૯૩ ઘટીને રૂ. ૧,૩૧,૨૫૧ અને ૯૯૯ ટચ સ્ટાન્ડર્ડ સોનાના રૂ. ૬૯૫ ઘટીને રૂ. ૧,૩૧,૭૭૯ના મથાળે રહ્યા હતા.

આજે ડૉલર ઈન્ડેક્સ વધીને એક સપ્તાહની ઊંચી સપાટીએ રહેતાં લંડન ખાતે સત્રના આરંભે હાજરમાં સોનાના ભાવ ગઈકાલના બંધ સામે ૦.૧ ટકા ઘટીને ઔંસદીઠ ૪૩૨૬.૩૭ ડૉલર અને વાયદામાં ભાવ ૦.૨ ટકા ઘટીને ૪૩૫૪.૮૦ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા, જ્યારે હાજરમાં ચાંદીના ભાવ ગઈકાલના બંધ સામે ૦.૮ ટકા વધીને ઔંસદીઠ ૬૫.૯૩ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા. નોંધનીય બાબત એ છે કે આ સપ્તાહમાં અત્યાર સુધીમાં ચાંદીના ભાવમાં છ ટકા જેટલો અને સોનાના ભાવમાં ૦.૬ ટકા જેટલો સુધારો નોંધાયો છે, જ્યારે વાર્ષિક ધોરણે ચાંદીમાં ૧૨૮ ટકાની અને સોનામાં ૬૫ ટકાની તેજી જોવા મળી છે. એકંદરે વર્ષાન્ત નજીક હોવાથી તેમ જ ક્રિસમસની રજાઓને ધ્યાનમાં લેતા ખેલાડીઓ પોઝિશનો સરભર કરી રહ્યા હોવાથી સોનાના ભાવ સાધારણ દબાણ હેઠળ આવી રહ્યા હોવાનું ઓએએનડીએનાં વિશ્લેષક ઝેઈન વાવદાએ જણાવતા ઉમેર્યું હતું કે તાજેતરમાં અમેરિકાના જોવા મળેલા આર્થિક ડેટા અપેક્ષા કરતાં નબળા હોવાથી ફેડરલ રિઝર્વ દ્વારા રેટકટનો આશાવાદ વધુ પ્રબળ બન્યો છે. વધુમાં આજે ગોલ્ડમેન સાશે ખાસ કરીને કેન્દ્રવર્તી બૅન્કોની સોનામાં લેવાલી અને અમેરિકી ફેડરલ રિઝર્વ હળવી નાણાનીતિ અપનાવે તેવી શક્યતાને ધ્યાનમાં લેતા આગામી ડિસેમ્બર, ૨૦૨૬ના અંત સુધીમાં સોનાના ભાવ ૧૪ ટકા વધીને ઔંસદીઠ ૪૯૦૦ ડૉલર સુધી પહોંચે તેવી શક્યતા વ્યક્ત કરી છે. ગઈકાલે અમેરિકા ખાતે નવેમ્બર મહિનાનો કન્ઝ્યુમર પ્રાઈસ ઈન્ડેક્સ બજાર વર્તુળોની ૩.૧ ટકાની વૃદ્ધિની અપેક્ષા સામે ૨.૭ ટકા વધ્યો હોવાના અહેવાલ હતા. તેમ જ આ ડેટાને ધ્યાનમાં લેતા શિકાગો ફેડનાં પ્રમુખ ઑસ્ટિન ગુલસ્બીએ જણાવ્યું હતું કે અપેક્ષા કરતાં ફુગાવાના ડેટા હળવા આવ્યા હોવાથી આગામી વર્ષે વ્યાજદરમાં વધુ ઘટાડાની શક્યતામાં વધારો થયો છે.

# ટીન અને નિકલની આગેવાનીમાં વિવિધ ધાતુમાં આગેકૂચ



મુંબઈઃ લંડન મેટલ એક્સચેન્જ ખાતે આજે સત્રના આરંભે કોપર સહિતની ચોક્કસ ધાતુઓના ભાવમાં સુધારાતરફી વલણ રહ્યું હોવાના નિર્દેશો સાથે સ્થાનિક જથ્થાબંધ ધાતુ બજારમાં પણ ખાસ કરીને ટીન અને નિકલમાં સ્ટોકિસ્ટોની આક્રમક લેવાલી રહેતાં ભાવમાં અનુક્રમે કિલોદીઠ રૂ. ૯૫ અને રૂ. બાવીસનો ઉછાળો આવ્યો હતો. તેમ જ તેની આગેવાની હેઠળ કોપર યુટેન્સિલ્સ સ્ક્રેપ સિવાય કોપરની અન્ય વેરાઈટીઓ, બ્રાસ, એલ્યુમિનિયમ ઈન્ગોટ્સ અને લીડ ઈન્ગોટ્સમાં સ્ટોકિસ્ટોની લેવાલી ઉપરાંત વપરાશકાર ઉદ્યોગની માગને ટેકે ભાવમાં કિલોદીઠ રૂ. એકથી ચારનો સુધારો આવ્યો હતો, જ્યારે અન્ય ધાતુઓમાં ટકેલું વલણ રહ્યું હતું. બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે સ્થાનિકમાં વૈશ્વિક પ્રોત્સાહક અહેવાલે સ્ટોકિસ્ટોની આક્રમક લેવાલી તેમ જ સાર્વત્રિક સ્તરની માગને ટેકે ટીન અને નિકલના ભાવ અનુક્રમે કિલોદીઠ રૂ. ૯૫ વધીને રૂ. ૪૦૦૧ અને રૂ. બાવીસ વધીને રૂ. ૧૩૫૨ના મથાળે રહ્યા હતા.

વધુમાં આજે ટીન અને નિકલની આગેવાની હેઠળ અન્ય ધાતુઓ જેમાં સ્ટોકિસ્ટોની છૂટીછવાઈ લેવાલી ઉપરાંત ઔદ્યોગિક વપરાશકારો તથા સ્થાનિક ડીલરોની લેવાલીને ટેકે જે ધાતુઓમાં સુધારો આગળ ધપ્યો હતો તેમાં કોપર કેબલ સ્ક્રેપના ભાવ કિલોદીઠ રૂ. ચાર વધીને રૂ. ૧૦૫૨, કોપર સ્ક્રેપ હેવી, કોપર આર્મિચર, બ્રાસ યુટેન્સિલ્સ સ્ક્રેપ, કોપર વાયરબાર અને એલ્યુમિનિયમ ઈન્ગોટ્સના ભાવ કિલોદીઠ રૂ. ત્રણ વધીને અનુક્રમે રૂ. ૧૦૪૦, રૂ. ૧૦૨૩, રૂ. ૬૩૪, રૂ. ૧૧૪૦ અને રૂ. ૨૮૯, બ્રાસ શીટ કટિંગ્સના ભાવ કિલોદીઠ રૂ. બે વધીને રૂ. ૭૨૨ અને લીડ ઈન્ગોટ્સના ભાવ કિલોદીઠ રૂ. એક વધીને રૂ. ૧૮૬ના મથાળે રહ્યા હતા. જોકે, આજે ખપપૂરતી માગને ટેકે કોપર યુટેન્સિલ્સ સ્ક્રેપ, એલ્યુમિનિયમ યુટેન્સિલ્સ સ્ક્રેપ અને ઝિન્ક સ્લેબના ભાવ અનુક્રમે કિલોદીઠ રૂ. ૯૨૮, રૂ. ૨૧૪ અને રૂ. ૩૦૯ના મથાળે ટકેલા રહ્યા હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

# ખાંડમાં સાંકડી વધઘટે ટકેલું વલણ


(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

નવી મુંબઈઃ મહારાષ્ટ્રની ખાંડ મિલો પર ગઈકાલે સ્થાનિક તેમ જ દેશાવરોની માગ ખપપૂરતી મર્યાદિત રહેતાં ટેન્ડરોમાં વેપાર ક્વિન્ટલે રૂ. ૧૦ના ઘટાડા સાથે રૂ. ૩૫૯૦થી ૩૬૪૦માં થયાના ઓવરનાઈટ અહેવાલ હતા. જોકે, આજે સ્થાનિક જથ્થાબંધ ખાંડ બજારમાં સ્ટોકિસ્ટોની છૂટીછવાઈ લેવાલી ઉપરાંત રિટેલ સ્તરની એકંદરે માગ જળવાઈ રહેતાં મિડિયમ ગ્રેડની ખાંડમાં સાંકડી વધઘટે ટકેલું વલણ રહ્યું હતું, જ્યારે સ્મોલ ગ્રેડની ખાંડમાં ઉપલા મથાળેથી ક્વિન્ટલે રૂ. બેનો સાધારણ ગુણવત્તાલક્ષી સુધારો જોવા મળ્યો હતો. તેમ જ નાકા ડિલિવરી ધોરણે પણ ઔદ્યોગિક વપરાશકારોની માગને ટેકે ભાવમાં ટકેલું વલણ રહ્યું હતું.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે સ્થાનિકમાં અંદાજે ૨૮થી ૨૯ ટ્રકની આવક સામે સ્ટોકિસ્ટોની છૂટીછવાઈ લેવાલી ઉપરાંત રિટેલ સ્તરની માગને ટેકે આવક સામે ઉપાડ જળવાઈ રહ્યો હતો. તેમ જ આજે મુખ્યત્વે સ્મોલ ગ્રેડની ખાંડમાં અમુક માલની ગુણવત્તા સારી આવી હોવાથી તેના વેપાર ઉપલા મથાળેથી ક્વિન્ટલે રૂ. બેના સુધારા સાથે રૂ. ૩૮૦૦થી ૩૮૯૨માં થયા હતા, જ્યારે મિડિયમ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૩૯૧૨થી ૪૦૦૦માં ટકેલા ધોરણે થયા હતા. વધુમાં આજે નાકા ડિલિવરી ધોરણે ઔદ્યોગિક વપરાશકારો તથા સ્થાનિક ડીલરોની એકંદરે માગ જળવાઈ રહેતાં સ્મોલ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૩૭૪૦થી ૩૭૬૦માં અને મિડિયમ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૩૭૯૦થી ૩૮૬૦માં ટકેલા ધોરણે થયા હતા.



# ૧થી ૨૦ ડિસેમ્બરમાં મલયેશિયાની પામતેલની નિકાસ ૨.૪૧ ટકા વધી



(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ શિકાગો ખાતે ગઈકાલે સોયાતેલના વાયદામાં ૪૧ સેન્ટનો ઘટાડો આવ્યાના ઓવરનાઈટ અહેવાલ તેમ જ આજે મલયેશિયાના બુર્સા મલયેશિયા ડેરિવેટીવ્સ એક્સચેન્જ ખાતે ક્રૂડ પામતેલના વાયદામાં ૭૪ રિંગિટ ઘટી આવ્યાના નિર્દેશ હતા. આમ વૈશ્વિક નિરુત્સાહી અહેવાલ અને વધુ ભાવઘટાડાના આશાવાદ સાથે આજે સ્થાનિક જથ્થાબંધ ખાદ્યતેલ બજારમાં હાજર, ડાયરેક્ટ ડિલિવરી અને સેલરિસેલ ધોરણે કામકાજો નિરસ રહેતાં આયાતી તેલમાં ૧૦ કિલોદીઠ સોયા રિફાઈન્ડમાં રૂ. ૧૦ અને સોયા રિફાઈન્ડ તથા સન રિફાઈન્ડમાં રૂ. પાંચનો ઘટાડો આવ્યો હતો, જ્યારે દેશી તેલમાં મથકો પાછળ કપાસિયા રિફાઈન્ડ અને સરસવમાં અનુક્રમે ૧૦ કિલોદીઠ રૂ. ૧૫ અને રૂ. પાંચ ઘટી આવ્યા હતા.

દરમિયાન આજે કાર્ગો સર્વેયર ઈન્ટરટેક સર્વિસીસ દ્વારા જાહેર કરવામાં આવેલી પ્રાથમિક આંકડાકીય માહિતી અનુસાર ગત પહેલી ડિસેમ્બરથી ૨૦ ડિસેમ્બર દરમિયાન મલયેશિયાની પામતેલની નિકાસ આગલા નવેમ્બર મહિનાના સમાનગાળાના ૮,૩૧,૦૦૫ ટન સામે ૨.૪૧ ટકા વધીને ૮,૫૧,૦૫૭ ટનની સપાટીએ રહી હોવાનું જણાવ્યું હતું.

સ્થાનિકમાં આજે ડાયરેક્ટ ડિલિવરી શરતે ૧૦ કિલોદીઠ ગોકુલ એગ્રોના આરબીડી પામોલિનના જાન્યુઆરી અને ફેબ્રુઆરી ડિલિવરી શરતે રૂ. ૧૨૧૦, સોયા રિફાઈન્ડના રૂ. ૧૨૭૫ અને સન રિફાઈન્ડના રૂ. ૧૪૮૫, એડલલ્યુએલના આબીડી પામોલિનના રૂ. ૧૨૨૦, સોયા રિફાઈન્ડના રૂ. ૧૨૫૦ અને સન રિફાઈન્ડના રૂ. ૧૫૨૦, રિલાયન્સ કન્ઝ્યુમરના સોયા રિફાઈન્ડના રૂ. ૧૨૮૦ અને સન રિફાઈન્ડના રૂ. ૧૪૮૦થી ૧૪૮૫ અને પતંજલિ ફૂડ્સના આરબીડી પામોલિનના જાન્યુઆરી ડિલિવરી શરતે રૂ. ૧૨૪૫ ક્વૉટ થઈ રહ્યા હતા, પરંતુ વેપારનો અભાવ હતો.

ગુજરાતમાં આજે ગોંડલ મથકે નવી કોઈ આવક નહોતી, પરંતુ ગઈકાલની શેષ ૫૫,૦૦૦ ગૂણીના વેપાર મણદીઠ રૂ. ૧૨૦૦થી ૧૪૦૦માં થયા હતા, જ્યારે રાજકોટ મથકે પણ મગફળીની નવી કોઈ આવક નહોતી, પરંતુ ગઈકાલની શેષ ૪૨,૦૦૦ ગૂણીના વેપાર મણદીઠ રૂ. ૧૨૦૦થી ૧૩૫૦માં થયાના અહેવાલ હતા. તેમ જ આજે મધ્ય પ્રદેશનાં મથકો પર સોયાબીનની ૩૦,૦૦૦ ગૂણીની આવક સામે મંડીમાં વેપાર ક્વિન્ટલે રૂ. ૪૩૫૦થી ૪૬૫૦માં અને પ્લાન્ટ ડિલિવરી શરતે રૂ. ૪૫૭૫થી ૪૬૫૦માં થયાના અહેવાલ હતા.

હાજરમાં આજે વિવિધ દેશી-આયાતી ખાદ્યતેલના ૧૦ કિલોદીઠ ભાવમાં આરબીડી પામોલિનના રૂ. ૧૨૪૦, સોયા રિફાઈન્ડના રૂ. ૧૨૬૫, સન રિફાઈન્ડના રૂ. ૧૪૮૦, સિંગતેલના રૂ. ૧૫૮૦, કપાસિયા રિફાઈન્ડના રૂ. ૧૨૬૫ અને સરસવના રૂ. ૧૫૦૫ના મથાળે રહ્યા હતા, જ્યારે ગુજરાતનાં મથકો પર સિંગતેલમાં તેલિયા ટીનના વેપાર ૧૫ કિલોદીઠ રૂ. ૨૪૬૦માં અને લૂઝમાં ૧૦ કિલોદીઠ રૂ. ૧૫૫૦માં ટકેલા ધોરણે થયાના અહેવાલ હતા.

# કચ્છમાં પ્રતિબંધિત કેપ્ટન ગોગો પેપર પકડવાની કાર્યવાહી, ૧૧ જેટલા દુકાનદાર ઝડપાયા

(અમારા પ્રતિનિધિ દ્વારા)

ભુજ: ગુજરાત સરકાર દ્વારા, ડ્રગ્સના સેવન માટે ઉપયોગમાં લેવાતાં 'કેપ્ટન ગોગો પેપર'ને પ્રતિબંધિત જાહેર કર્યા બાદ, હાલ સમગ્ર રાજ્યમાં આ પેપર્સનો વેપલો કરનારાઓ વિરુદ્ધ ઝુંબેશ છેડી છે એ વચ્ચે કચ્છ પોલીસે આ ભાતીગળ પ્રદેશમાં અલગ-અલગ સ્થળોએ છાપેમારી કરી, કેપ્ટન ગોગો પેપરના જથ્થા સાથે ૧૧ જેટલા દુકાનદારને ઝડપી પાડવામાં આવ્યા હતા.

પ્રાપ્ત વિગતો મુજબ, સ્થાનિક ગુનાશોધક શાખાએ શિણાય રવેચીધામ-બેમાંથી ગૌતમ શંકર ખાંડેકા નામના શખ્સ પાસેથી ગોગો કોન નંગ-૨૨૪, ગોગો સેલીંગ પેપર નંગ ૬૩૮ જપ્ત કર્યા હતા તેમ જ ભચાઉના સિતારામપુરા વિસ્તારના સદામ હબીબ કુંભાર પાસેથી ૩૬ ગોગો કોન,૧૨૬ રોલિંગ પેપર જપ્ત કરાયા હતા. અંજાર પોલીસે મેઘપર બોરીચીના વૃંદાવન પાર્કમાં ધરમવીરસિંઘ શ્રીમધવસિંઘ ચૌધરી પાસેથી ગોગો થ્રી પેપર નંગ ૪૭, ગોગો રોલિંગ કોન નંગ ૨૭ જપ્ત કર્યા હતા. લાકડિયા પોલીસે ગામના સવજી વીરજી કોળી પાસેથી સ્ટેસ પ્રો ૫૬, પ્રો રોલ્ડ કોન નંગ ૩૨ જપ્ત કર્યા હતા. એ જ રીતે, ભચાઉ પોલીસે હિંમતપુરા વિસ્તારના મયૂર રામજી સોલંકી તથા પ્રવીણ શામજી રાઠોડ પાસેથી ગોગો કોન નંગ ૭૧,ગોગો થ્રી પેપર નંગ ૧૨૦ તથા ગોગો રોલિંગ પેપર નંગ ૪૩ જપ્ત કર્યા હતા.

આ ઉપરાંત પશ્ચિમ કચ્છના સ્પેશિયલ ઓપરેશન ગ્રૂપે પૂર્વ બાતમીના આધારે ભુજ શહેરના જેષ્ઠા નગરમાં રહેતા અયાન અમીનઅલી ખોજાના અરિહંત આઇક્રીમ પાર્લરમાંથી ગોગો સ્મોકિંગના ૨૫ કોન, પેપર ચીટ એક પેકેટ તથા ગણેશનગરમાં રહેતા ભૂપતસિંહ સવાઇસિંહ સોઢાની જય સચ્ચિયાર પાન પાર્લરમાંથી બાવન ગોગો સ્મોકિંગ કોન, રોલીંગ પેપર્સ સાથે બંનેને ઝડપી બી-ડિવિઝન પોલીસમાં ફરિયાદો આપી કાર્યવાહી કરાઇ હતી.

જ્યારે બંદરીય મુંદરા નગરના માંડવી ચોકમાં રહેતા દીપક અરૂણ ગોહિલની બારોઇ રોડ પર આવેલા ઉમિયા પાન પાર્લરમાંથી ૩૦ ગોગો સ્મોકિંગ કોન તથા બારોઇ રોડ પર જ યશપાલસિંહ ચંદુભા જાડેજા (રહે. સીતારામ નગર)ની ગોપી સોડા શોપમાંથી ગોગો રોલિંગ પેપર્સ નંગ ૫૦ સાથે બંનેને ઝડપીને મુંદરા પોલીસમાં ફરિયાદો નોંધાઇ હતી, જ્યારે માંડવીમાં ભુજ-માંડવી ધોરીમાર્ગ પર પ્રગતિ કોમ્પ્લેક્સમાં આવેલી ક્રિષ્ના પાન પાર્લરમાંથી ૫૬૦ ગોગો સ્મોકિંગ કોન હસ્તગત કરી આરોપી મૂળ જામનગરના હાલે મસ્કા રહેતા પ્રતાપદાન લહેરીદાન બારોટ સામે માંડવી પોલીસમાં ગુનો દાખલ કરાવાયો હતો.

દરમ્યાન, કેટલાક જાણીતા ઓનલાઇન પ્લેટફોર્મ્સ પર પણ આવા પ્રતિબંધિત ગોગો પેપર ઘરબેઠા ઉપલબ્ધ થઇ રહ્યા છે જે અંગે પણ પોલીસ અને રાજ્ય સરકારે કડક કાર્યવાહી કરવી જોઇએ તેવી માગ જાગૃત નાગરિકો કરી રહ્યા છે. ■

# ભાવનગરમાં કોંગ્રેસ દ્વારા ભાજપ કાર્યાલયનો ઘેરાવ કરતા પોલીસે કોંગી આગેવાન કાર્યકરોની અટકાયત કરી



તસવીર: વિપુલ હિરાણી, ભાવનગર)

(અમારા પ્રતિનિધિ દ્વારા)

ભાવનગર: તાજેતરમાં ચકચારી નેશનલ હેરાલ્ડ કેસમાં અદાલતે કોંગ્રેસના સોનીયા ગાંધી અને રાહુલ ગાંધી સામેનો કેસ ખોટો માનતા કોંગ્રેસ પક્ષના આગેવાન કાર્યકરોમાં ભારે ઉત્સાહ જોવા મળ્યો હતો. અને ભાજપની આવી ખોટી રીતિ-નીતિ સામે વિરોધ વ્યક્ત કરવા ભાવનગરના ભાજપ કાર્યાલય સામે શહેર કોંગ્રેસ સમિતિના આગેવાન કાર્યકરોએ દેખાવો યોજી ભાજપ કાર્યાલયને ઘેરાવનો પ્રોગ્રામ આપવામાં આવ્યો હતો. જો કે પોલીસે કોંગ્રેસના આગેવાન કાર્યકરોની અટકાયત કરી હતી.

નામદાર કોર્ટ દ્વારા કોંગ્રેસના નેતૃત્વ સોનિયા ગાંધી અને રાહુલ ગાંધી સામે થયેલ નેશનલ હેરાલ્ડ કેસ ખોટો સાબિત થતા, સત્યની જીત ના સંદર્ભે ભાવનગર શહેર કોંગ્રેસ સમિતિ દ્વારા તા. ૧૯/૧૨/૨૦૨૫ ને શુક્રવારે બપોરે ૧૨ કલાકે ભાવનગર શહેરના કોંગ્રેસના આગેવાનો લોહાણા બોર્ડિંગ સામે પીલગાર્ડન પાસે તમામ આગેવાન કાર્યકરો એકત્રિત થયા હતા ત્યાંથી રેલી સ્વરૂપે ભાવનગર શહેરના સર. ટી. હૉસ્પિટલ સામે આવેલ ભાજપ કાર્યાલય સામે દેખાવો યોજી ભાજપ કાર્યાલયનો ઘેરાવ કર્યો હતો.

સત્ય મેવ વિજયતેના નારાઓ લગાવવામાં આવ્યા હતા અને ભાજપની રીતિ-નીતિ સામે આકરા પ્રહારો કરવામાં આવ્યા હતા.

ભાજપ કાર્યાલય સામે દેખાવો યોજાતા પોલીસ તંત્રએ કાર્યવાહી કરી કોંગ્રેસના ૮૦ થી ૯૦ આગેવાન કાર્યકરોની અટકાયત કરી સ્થાનીક નિલમબાગ પો.સ્ટે.માં અને સ્થાનીક એલ.સી.બી. પોલીસ કચેરી ખાતે અટકાયત કરી લઇ જવામાં આવ્યા હતા. આ વેળાએ પોલીસ અને કોંગ્રેસના આગેવાન કાર્યકરો ભાઇઓ-બહેનો વચ્ચે ભારે ખેચતાળ પણ થઈ હતી અને કોંગ્રેસના આગેવાનોએ ભારે વિરોધ વ્યક્ત કર્યો હતો. ■

# મેફેડ્રોન ડ્રગ્સ વેચતી શિક્ષિત મહિલા ભુજમાંથી પકડાઈ

(અમારા પ્રતિનિધિ દ્વારા)

ભુજ: ડ્રગ્સ માફિયાઓ માટે કચ્છ જાણે મુખ્ય ટ્રાન્સિસ્ટ પોઇન્ટ જેવું બની રહ્યું હોય તેમ આ સરહદી જિલ્લામાંથી આંતરરાષ્ટ્રીય બજારમાં કરોડો રૂપિયાની કિંમતના કેફી દ્રવ્યો સતત પકડાઈ રહ્યાં છે. ડ્રગ્સનું માત્ર સેવન જ નહીં, પરંતુ તેના વેચાણ-વેપલામાં પણ શિક્ષિત વર્ગના લોકોની સંડોવણી બહાર આવતી રહે છે.

ત્યારે યુવાવર્ગમાં અત્યંત લોકપ્રિય એવા મેફેડ્રોન ડ્રગ્સનું વેચાણ કરતી મૂળ નારાણપર (પસાયતી) હાલે ભુજના ભાવેશ્વર નગરના એપાર્ટમેન્ટમાં રહેતી ૩૧ વર્ષીય વિપુલા ઉર્ફે મીના વિનોદ પટેલ નામની શિક્ષિત મહિલાને સ્પેશિયલ ઓપરેશન ગ્રૂપે રૂપિયા ૩૬૦૦૦ના ૧૨ ગ્રામ મેફેડ્રોન ડ્રગ્સ, સ્માર્ટફોન અને રોકડા રૂ. ૯૯,૭૦૦ સહિત કુલે રૂ. ૧,૪૦,૭૦૦ના મુદ્દામાલ સાથે ઝડપી લેતાં ચકચાર પ્રસરી છે.

આ કાર્યવાહી અંગે પશ્ચિમ કચ્છ એસ.ઓ.જી.ના પી.આઇ. કે.એમ.ગઢવીએ માહિતી આપતાં જણાવ્યું હતું કે, ભુજના ભાવેશ્વર નગરમાં આવેલા રાજહંસ ટાવરના પાંચમા માળે ફ્લેટ નં. ૫૦૫ માં રહેતી અને મૂળ નારાણપર (પસાયતી)ની વિપુલા ઉર્ફે મીના એમ.ડી. ડ્રગ્સનું વેંચાણ કરતી હોવા અંગે મળેલી પૂર્વ બાતમીના પગલે ફ્લેટમાં દરોડો પાડવામાં આવ્યો હતો.

અંદર લોખંડના કબાટમાંથી સફેદ રંગની માદક પદાર્થ ભરેલી આઠ નાની પડીકી અને એક મોટી પડીકી એમ માદક પદાર્થ મેફેડ્રોનની ૧૨ ગ્રામ કિં. રૂ.૩૬,૦૦૦ના નાર્કોટિક્સ તથા એક મોબાઇલ કિં. રૂ. ૫૦૦૦ અને રોકડા રૂ. ૯૯,૭૦૦ના મુદ્દામાલ સાથે વિપુલા ઉર્ફે મીનાની ધરપકડ કરી લેવામાં આવી હતી. આ મહિલા વિરુદ્ધ બી-ડિવિઝન પોલીસ મથકમાં એન.ડી.પી.એસ.એક્ટ હેઠળ ગુનો દાખલ કરી આગળની કાર્યવાહી કરવામાં આવી હતી. ■



**રાજકોટ: રાજકોટ બાર એસોસિયેશનની ચૂંટણી રાજકોટમાં યોજાઈ હતી. ૧૬ પદ માટે ૪૦ ઉમેદવાર મેદાનમાં છે. ૪૨૦૦ મતદારે મતદાન કર્યું હતું. ભાજપ લીગલ સેલ પ્રેરિત સમરસ અને આરબીએ પેનલ વચ્ચે મુકાબલો છે. (તસ્વીર: પ્રવિણ સેદાણી, રાજકોટ)**

# કચ્છમાં અકાળ મૃત્યુના બનેલા જુદા-જુદા બનાવોમાં ત્રણના મોત

(અમારા પ્રતિનિધિ દ્વારા)

ભુજ: ગાંધીધામના શિણાય ગામ પાસેથી પસાર થતી નર્મદા કેનાલ પાસેના માર્ગ પર એક બસે મોપેડને હડફેટમાં લેતાં બલવેશ ઉર્ફે મારખી ઉકાભાઇ વાઘેલા (ઉં.વ. ૨૩) નામના યુવાનનું મોત થયું હતું, જ્યારે ભચાઉના કંથકોટમાં ધીંગા ડાયાભાઇ કોળી (ઉં.વ.૪૬)એ ગળેફાંસો ખાઇ જીવ દીધો હતો તેમજ અંજારના નિંગાળમાં ફાંસો ખાધા બાદ શ્વાસની તકલીફ થતાં સારવારમાં રહેલા રાજા જેઠાભાઇ મહેશ્વરી (ઉં.વ.૫૯)એ દમ તોડી દેતાં ગમગીની પ્રસરી હતી.

પોલીસ કંટ્રોલ રૂમ પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ, શિણાય કેનાલ પાસે જીવલેણ અકસ્માત સર્જાયો હતો જેમાં જામનગરના પડાણાનો બલવેશ ઉર્ફે મારખી નામનો સાવરણા વેચવા આવેલો યુવક અંજારના વિજયનગરથી શિણાય બાજુ તેના મોપેડ પર સવાર થઈને પસાર થઇ રહ્યો હતો ત્યારે માર્ગ ઓળંગતી વેળાએ પૂરપાટ વેગે આવેલી ખાનગી બસે મોપેડને હડફેટે લેતાં તેને ગંભીર પ્રકારની ઇજાઓ પહોંચી હતી. હતભાગીને ૧૦૮ એમ્બ્યુલન્સમાં સારવાર અર્થે લઇ જવાતાં ફરજ પરના તબીબે તેને મૃત જાહેર કર્યો હતો. બસચાલક આત્મારામ મૂળજી ચાવડા વિરુદ્ધ સંજય ઉકા વાઘેલાએ પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી.

બીજી તરફ, ભચાઉના કંથકોટમાં રહેનાર ધીંગાભાઇ કોળી ગત ૧૬-૧૨ના રોજ મંદિરેથી પૂજા-પાઠ કરીને બહાર ચાલ્યા ગયા હતા. બાદમાં ગામના ડુંગર પરના વૃક્ષમાં અગમ્ય કારણોસર ગળેફાંસો ખાઇ પોતાનો જીવ દીધો હતો. પોલીસે ઘટના સંદર્ભે વધુ તપાસ હાથ ધરી છે.

દરમ્યાન, નિંગાળમાં રહેતા રાજા મહેશ્વરી નામના આધેડે અગમ્ય કારણોસર જંતુનાશક દવા ગટગટાવી, પોતાનો જીવ લેવા માટે ગળેફાંસો ખાવાનો પ્રયાસ કર્યો હતો. હતભાગીને સારવાર અર્થે અંજારની હોસ્પિટલમાં લઇ જવામાં આવ્યા હતા. સારવાર બાદ રજા મળતાં ઘરે પરત આવ્યા હતા. બાદમાં શ્વાસની તકલીફ થતાં ભુજની જી.કે જનરલ હોસ્પિટલ લઇ જવાયા હતા, જ્યાં ફરજ પરના તબીબે તેમને મૃત જાહેર કર્યા હતા. ■

# ભાવનગરમાં વડવા વિસ્તારમાં બંધ મકાનમાંથી રૂ. ૨ લાખ રોકડ રકમની ચોરી

(અમારા પ્રતિનિધિ દ્વારા)

ભાવનગર: શહેરના વડવા વિસ્તારમાં બંધ મકાન ના તાળા તોડી તસ્કરો રોકડ રૂપિયા બે લાખની ચોરી કરી નાસી છુટ્યા હતા. ભાવનગરના વડવા તલાવડી હાજીનાજી સોસાયટીમાં રહેતા મુસ્તફાભાઈ બાબુભાઈ મેઘાણી આંબાચોકમાં આવેલ મસ્જીદમાં નમાઝ પઢવા માટે ગયેલ હતા. અને જ્યાંથી પરત ઘરે ફર્યા તે દરમિયાન ઘરમાં જઈને જોયું તો કોઇ તસ્કરે ઘરમાં ઘૂસી, કબાટમાં રાખેલા પાંચસો રૂપિયાના દરની બે લાખ રૂપિયાની રોકડ રકમ જોવા ન મળતા, કોઇ તસ્કરે ઘરમાં ઘૂસી, બે લાખ રૂપિયાની રોકડની તસ્કરી કરી ફરાર થઈ ગયાનું જણાતા મુસ્તફાભાઈ મેઘાણીએ અજાણ્યા તસ્કર ગંગાજળીયા તળાવ પોલીસ સ્ટેશનમાં વિરૂદ્ધ ફરિયાદ નોંધાવી છે. આ અંગે પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. ■

# આદિપુરમાં અરજદાર પાસેથી લાંચ માગનારા બે પોલીસ કર્મચારીને ત્રણ વર્ષની કેદ

(અમારા પ્રતિનિધિ દ્વારા)

ભુજ: આજથી દસ વર્ષ પહેલાં કચ્છના આદિપુર શહેરમાં ટ્રાફિક નિયમ ભંગ બદલ અરજદાર વિરુદ્ધ કેસ દાખલ કરાવ્યા બાદ લાંચ માગનારા બે પોલીસ કર્મચારીને ત્રણ વર્ષની સખત કેદનો ધાક બેસાડતો ચુકાદો આપવામાં આવ્યો હતો. પ્રાપ્ત વિગતો મુજબ, આદિપુરમાં રહેતા શિવજી તેજા મહેશ્વરીને ગત તા. ૨૯-૨-૨૦૧૫ના રોજ પોલીસે ટ્રાફિક નિયમન ભંગ બદલ તેમની સામે ગુનો નોંધ્યો હતો. જે-તે સમયે પોલીસ કર્મચારી ફિરોઝખાન જુસબખાન પઠાણે તેમને જામીન પર મુક્ત કર્યા હતા અને આ કેસના ફરિયાદી પાસેથી રૂ. ૧૦૦૦ની લાંચની માંગ કરી હતી, રકઝકના અંતે રૂ. ૫૦૦ આપવા નક્કી કરાયા હતા. આરોપીએ તા. ૩૦-૩-૨૦૧૫ના સાંજે સાત-આઠ વાગ્યે પોલીસ મથકે આવીને ૫૦૦ રૂપિયા આપી જવા તથા ડ્રાઇવિંગ લાયસન્સ પરત લઇ જવા જણાવ્યું હતું. આ અંગે અરજદારે લાંચ રુશ્વત વિરોધી શાખા સમક્ષ ફરિયાદ કરી હતી. ખરાઇ કરવા તા. ૩૦-૩ના રોજ બે સરકારી પંચો સાથે રાખી વોઇસ રેકોર્ડની મદદથી આદિપુર પોલીસ મથકે લાંચનું છટકું ગોઠવવામાં આવ્યું હતું, જેમાં ફરિયાદીએ પોતાના મિત્રના મોબાઇલથી ફિરોઝખાનનો સંપર્ક કરતાં પોલીસ મથકે ચોક્કસ સમયે આવવાનું કહ્યું હતું. જો કે અરજદાર આ પોલીસકર્મી ફિરોઝખાનને રસ્તામાં મળતાં અને લાયસન્સની માગણી કરતાં બપોરે ૧૨ વાગ્યે પોલીસ મથકે આવવા જણાવ્યું હતું. બપોરે બે સરકારી પંચો સાથે રાખી ડિજિટલ વોઇસ રેકોર્ડની મદદથી લાંચનું છટકું ગોઠવવામાં આવ્યું હતું. દરમ્યાન પોલીસકર્મીએ અરજદારને ફરીથી જામીન લઇ લાંચની રકમની માંગ કરી તે રકમ અન્ય પોલીસકર્મી વીરદેવસિંહ જયેન્દ્રસિંહ ઝાલાને આપી દેવા જણાવ્યું હતું. લાંચની આ રકમ સ્વીકારી પેટીપલંગના ગાદલા નીચે મૂકી દેવામાં આવી હતી આ વેળાએ એ.સી.બી.એ આ બંને પોલીસ કર્મીઓને રંગેહાથ પકડી પાડયા હતા. આ કેસ અહીંની અધિક સેશન્સ જજ (વિશેષ એ.સી.બી. જજ)ની કોર્ટમાં ચાલી ગયો હતો. કેસની ટ્રાયલ દરમ્યાન ફરિયાદી હોસ્ટાઇલ થયા હતા. તેમ છતાં સરકાર તરફેના સાહેદો, દસ્તાવેજી આધારો, વૈજ્ઞાનિક પુરાવાઓને તથા સરકારી વકીલની ધારદાર દલીલોને ગ્રાહ્ય રાખવામાં આવી હતી અને ફિરોઝખાન જુસબખાન પઠાણ તથા વીરદેવસિંહ જયેન્દ્રસિંહ ઝાલાને તકસીરવાર ઠેરવવામાં આવ્યા હતા. બંનેને ભ્રષ્ટાચાર નિવારણ અધિનિયમ ૧૯૮૮ની કલમ ૭ મુજબ ત્રણ વર્ષની સખત કેદની સજા તથા બંનેને રૂ. ૫૦૦૦-૫૦૦૦નો દંડ અને દંડ ન ભરે તો વધુ એક માસની સજા, કલમ ૧૨ મુજબ બંનેને ત્રણ વર્ષની સખત કેદ તથા રૂ. ૫૦૦૦નો દંડ, જો ન ભરે તો વધુ એક માસની કેદ તેમજ ૧૩ (૧)ઘ તથા ૧૩ (૨)માં પણ ત્રણ વર્ષની સખત કેસ અને ૫૦૦૦નો દંડ ફટકારવામાં આવ્યો હતો. ■

# ભાવનગર બાર. એસો. અને ભાવનગર ક્રિમિનલ એસોસિએશનની ચૂંટણી, પ્રમુખ સહિતના હોદેદારો ચૂંટાયા

(અમારા પ્રતિનિધિ દ્વારા)

ભાવનગર: બાર એસોસિએશન અને ભાવનગર ક્રિમીનલ બાર એસોસિએશનની ૨૦૨૬ના પ્રમુખ સહિતના હોદ્દેદારો તથા કારોબારી સભ્યોની ચૂંટણી જાહેર થતા તેમાં તા.૧૯-૧૨-૨૦૨૫ને શુક્રવારે મતદાન હાથ ધરવામાં આવ્યું હતું જ્યારે મોડી સાંજે મતગણતરી કરીને ચૂંટણી પરિણામો જાહેર થયા હતા.

જેમાં ભાવનગર બાર એસો.ની ચૂંટણીમાં કુલ મતદારો ૩૭૬ છે તે પૈકીના ૨૬૭ મતદારો પોતાના મત અધિકારીનો ઉપયોગ કર્યો હતો. આમ આ ચૂંટણીમાં ૭૨ ટકા જેટલું મતદાન થયુ હતું. જેમા ખાસ કરીને આ અગાઉ પ્રમુખ પદે હિરેનભાઈ જાની આ અગાઉ બિનહરિફ સર્વાનુમતે વરણી કરવામાં આવી હતી તે જ રીતે ઉપપ્રમુખ પદે હિતેષભાઈ શાહ પણ બિનહરિફ સર્વાનુમતે વરણી કરવામાં આવી હતી, તેજ રીતે એલ.આર. (મહિલા પ્રતિનિધી પદે) અરૂણાબેન દિનેશભાઈ ચૌહાણની પણ બીનહરિફ સર્વાનુમતે વરણી કરવામાં આવી હતી. જ્યારે આજે બે મંત્રી અને એક ખજાનચીની ચૂંટણી માટે મતદાન થયુ હતું જેમાં મંત્રી પદે જિગ્નેશભાઈ આસ્તિક અને કલ્પેશભાઈ વ્યાસ ચૂંટાયા હતા જ્યારે ખજાનચી પદે અમિતભાઈ જાની ચૂંટાયા હતા. તેમજ ૨૧ સભ્યોની કારોબારી પણ બિન હરીફ ચૂંટાયેલા જાહેર કરવામાં આવી હતી. જેમાં ભાવનગર બાર એસો.ના ચૂંટણી અધિકારી તરીકે સિનિયર એડવોકેટ ધર્મેન્દ્રસિંહ ચૂડાસમા અને તેમની ટીમે સેવા આપી હતી.

તેમજ ભાવનગર ક્રિમિનલ બાર એસો.ના પ્રમુખ સહિતના તમામ હોદ્દેદારોની ચૂંટણી માટે આજે મતદાન થયુ હતું. આ ચૂંટણીમાં કુલ ૫૨૬ મતદારો પૈકીના ૪૫૭ મતદારોએ પોતાના મત અધિકારનો ઉપયોગ કર્યો હતો આમ આ ચૂંટણીમાં ૮૯ ટકા જેટલું ભારે મતદાન થયુ હતું. જેમાં પ્રમુખ પદે અનિલસિંહ જાડેજા, ઉપપ્રમુખ પદે ગોહીલ જયેદવસિંહ, મંત્રી પદે કંટારીયા કિશોર, મંત્રી પદે દુબલ નિધીબેન, ખજાનચી પદે રાણા ચંદ્રસિંહ તેમજ ૧૫ જેટલા કારોબારી સભ્યો પણ ચૂંટાઈ આવ્યા હતા. ભાવનગર ક્રિમિનલ બાર એસો.ની ચૂંટણી અધિકારી તરિકે હિતેશભાઈ પરમાર તેમજ અન્ય સિનિયર વકિલોએ સેવા આપી હતી. ■

# વેરાવળમાં કોંગ્રેસ દ્વારા 'સત્યમેવ જયતે'ના નારા સાથે સરકાર અને ઈડી કાર્યવાહીનો વિરોધ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ગીર સોમનાથ જિલ્લાના મુખ્ય મથક વેરાવળ ખાતે કોંગ્રેસ દ્વારા કેન્દ્ર સરકાર અને ઈડીની કાર્યવાહી વિરુદ્ધ ઉગ્ર વિરોધ પ્રદર્શન કરવામાં આવ્યું હતું.

જિલ્લા કોંગ્રેસ પ્રમુખ અને પૂર્વ ધારાસભ્ય પુંજાભાઈ વંશની આગેવાનીમાં મોટી સંખ્યામાં કાર્યકરોએ રેયોન ફેક્ટરીથી ભાજપ જિલ્લા કાર્યાલય સુધી વિશાળ રેલી યોજી હતી. આ રેલીમાં કાર્યકરોએ ભાજપ સરકાર વિરુદ્ધ સૂત્રોચ્ચાર કરીને વિરોધ નોંધાવ્યો હતો.

મળતી વિગતો અનુસાર, ગીર સોમનાથ જિલ્લા કોંગ્રેસ પ્રમુખ પુંજા વંશે આકરા પ્રહાર કરતા જણાવ્યું હતું કે, સોનિયા ગાંધી અને રાહુલ ગાંધી સામે 'યંગ ઇન્ડિયા' કેસમાં ઈડી દ્વારા કરવામાં આવેલી કાર્યવાહી સંપૂર્ણપણે રાજકીય બદઈરાદાથી પ્રેરાઈને કરવામાં આવી હતી.

તેમણે વધુમાં ઉમેર્યું કે અદાલતે પણ સ્પષ્ટ કર્યું છે કે આ મામલે કોઈ કેસ બનતો નથી અને તે ઈડીના કાર્યક્ષેત્રમાં આવતો નથી, તેમ છતાં કેન્દ્ર સરકાર એજન્સીઓનો દુરુપયોગ કરી રહી છે. કોંગી કાર્યકરોએ ''સત્યમેવ જયતે'' ના નારા લગાવ્યા હતા.

રેલી જિલ્લા ભાજપ કાર્યાલય જવાની હોય તેને ધ્યાને લઈને જ અગાઉથી જ તહેનાત ચુસ્ત પોલીસ બંદોબસ્ત દ્વારા કોંગ્રેસના આગેવાનો અને કાર્યકરોની અટકાયત કરવામાં આવી હતી. ભાજપ કાર્યાલય પાસે સૂત્રોચ્ચાર કરી રહેલા કાર્યકરોને પોલીસે ડિટેઇન કરી પોલીસ સ્ટેશન ખસેડ્યા હતા. ■

# ભાવનગરમાં VGRC રૂ.૧૭૩૧.૪૧ કરોડનાં પ્રસ્તાવિત રોકાણ સાથે ૨૪૮ MOU પર હસ્તાક્ષર

(અમારા પ્રતિનિધિ દ્વારા)

ભાવનગર: શહેરમાં ઇસ્કોન ક્લબ એન્ડ રિસોર્ટ ખાતે ભાવનગર જિલ્લાના પ્રભારી કૌશિકભાઈ વેકરીયાના અધ્યક્ષસ્થાને જિલ્લા કક્ષાની વાઈબ્રન્ટ ગુજરાત રિજનલ કોન્ફરન્સ (VGRC) યોજાઈ હતી. રાજ્ય સરકાર દ્વારા 'વિકસિત ભારત ૨૦૪૭'ના વિઝનને સાકાર કરવા આયોજિત આ કોન્ફરન્સમાં વિવિધ ઔદ્યોગિક એકમો સાથે કુલ રૂ. ૧૭૩૧.૪૧ કરોડના સમજૂતી કરારો (MOU) કરવામાં આવ્યા હતા.

આ કોન્ફરન્સ દરમિયાન થયેલાં MOU માં કોમર્શિયલ એન્ડ રેસિડેન્સીયલ દ્વારા રૂ. ૪૬૦.૫૭ કરોડ, એગ્રો એન્ડ ફુડ પ્રોસેસિંગ દ્વારા રૂ. ૧૨૦.૮૨ કરોડ, કેમિકલ દ્વારા રૂ. ૪૦.૮૪ કરોડ, એન્જિનિયરિંગ એન્ડ ઓટો સેક્ટર દ્વારા રૂ. ૧૦૨.૫૯ કરોડ, પ્લાસ્ટિક દ્વારા રૂ. ૪૦.૪૯ કરોડ, MSME દ્વારા રૂ. ૧૨૨.૧૧ કરોડ તેમજ માઈનીંગ દ્વારા રૂ. ૮૪૪ કરોડના કરારોનો સમાવેશ થાય છે. આમ, ભાવનગરની VGRCમાં ડિસ્ટ્રિક્ટ ઈન્ડસ્ટ્રી સેન્ટર, ભાવનગર મ્યુનિસિપલ કોર્પોરેશન, ગુજરાત ઇન્ડસ્ટ્રીયલ ડેવલપમેન્ટ કોર્પોરેશન અને જીઓલોજી એન્ડ માઈનીંગ ક્ષેત્રમાં રૂ.૧૭૩૧.૪૧ કરોડનાં પ્રસ્તાવિત રોકાણ સાથે ૨૪૮ MOU પર હસ્તાક્ષર થયાં હતાં. જેનાથી ૨૧,૨૭૬ જેટલી રોજગારીનું નિર્માણ થશે.

આ પ્રસંગે કૌશિકભાઈ વેકરીયાએ જણાવ્યું હતું કે, ભાવનગર જિલ્લામાં ૧૭૦૦ કરોડથી વધુના એમ. ઓ. યુ. આજે થયા એ ગૌરવની વાત છે. વર્ષ ૨૦૦૩ માં શરૂ કરવામાં આવેલ વાઇબ્રન્ટ સમિટ આજે વટવૃક્ષ બન્યું છે. આવનાર સમયમાં ધોલેરાના વિકાસથી ભાવનગરના વિકાસના નવા દ્વાર ખૂલશે.

તેમણે વધુમાં જણાવ્યું હતું કે, કમોસમી વરસાદથી થયેલા નુકસાન અંગે આશરે રૂ.૧૦,૦૦૦ કરોડથી વધુની રાજ્ય સરકાર દ્વારા સહાય જાહેર કરવામાં આવી છે તેમજ ગણતરીના દિવસોમાં આશરે ૬,૯૦૦ કરોડની સહાયની ચૂકવણી પણ કરી દેવામાં આવી જે ખૂબ જ પ્રશંસનીય છે. ■